૬૭૮૬

... અને હિંદુઓનું મૂળ.

યાને,

...રાતન વડવાઓ અને હિંદુઓના
...ને પુરાતન ઈરાનવેજ (આર્યવૃત) માં
...ા સાથે ...સ્તા હતા, તે વેળા એકજ
...ામ તરીકે ગણાતા હતા તે વિષેનો
બંને કોમવાળાઓને માટે
જાણવાજોગ ટુંક એહવાલ.

...ા જુદા વિદ્વાનોનાં પુસ્તકો ઉપરથી સંગ્રહ કરી,

લખનાર
...ેરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી
તે
... દાદગાહે નોશેરવાંન, પુરાતન આતશખાના,
...નની મોતેઅરી, દરપશે કાવાની, તથા હખામનીઅન
શાહનશાતની જાહોજલાલી વગેરેનો કર્તા.

...ન પ્રેસ,—ગોળીતલાવ.

...રસી સન ૧૮૯૭.

પારસીઓ અને હિંદુઓનું મૂળ.

યાને,

પારસીઓના પુરાતન વડવાઓ અને હિંદુઓના
અસલી પૂર્વજો પુરાતન ઇરાનવેજ (આર્યવૃત) માં
જે વેળા સાથે વસ્તા હતા, તે વેળા એકજ
કોમ તરીકે ગણાતા હતા તે વિષેનો
બંને કોમવાળાઓને માટે
જાણવાજોગ ટુંક એહવાલ.

જુદા જુદા વિદ્વાનોનાં પુસ્તકો ઉપરથી સંગ્રહ કરી,

લખનાર

એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી

તે

પ્રીન્સની પધરામણી, દાદગાહે નોશેરવાંન, પુરાતન આતશખાના,
જરથોસ્તી ધર્મની મોતેબરી, દરપશે કાવાની, તથા હખામનીઅન
શાહનશાતની જાહોજલાલી વગેરેનો કર્તા.

મુંબઈ વર્તમાન પ્રેસ,—ધોબીતલાવ.

યજદેજરદી સને ૧૨૬૭—ઇસ્વી સન ૧૮૯૭.

કીંમત રૂ૦. પોશટેજ અરધો આનો.

દિબાચો.

પાક પરવરદેગારનાં મુબારક નામની શરૂઆતમાં યાદ કરવા બાદ આ નાના નિબંધ માટે સહેજ ખુલાસો કરવાની જરૂર સમજવામાં આવે છે.

પુરાતન ઇરાનવેજ (આર્યવૃત) વાળા મુલકમાં જે કાળમાં પારસીઓ અને હિંદુઓના પૂર્વજો સાથે વસતા હતા તે વેળા તેઓ એકજ કોમના, એકજ ધર્મના, એકજ રીત રેવાજ-વાળા, એકજ જાતનો પોશાક પેહરનારા, એકજ સરખો ખોરાક લેનારા, એક સરખી ક્રીયાકામ કરનારા, એકજ સરખા કાયદા-કાનુનો ધરાવનારા, એકજ સરખી ભાષા બોલનારા, એકજ સરખાં નામ ધરાવનારા, એકજ પાદશાહને તાબે રેહનારા, એકજ મુળ પુરૂષનું વંશ ધરાવનારા હતા. ખોદાની પેદા કીધેલા ચાર મુળ ચીજો—આતશ (અગ્ની), હવા (વાયુ), પાણી, અને ખાક (જમીન)—ને ઇશ્વરની મહાબળવાન શકિતનાં અલંકારીક રૂપો ગણી તેની તેઓ ભકિત કરતા હતા. આ સઘળી બાબતો વિષેની શોધખોળ યુરોપના નામીચા વિદવાનોએ બંને પ્રજાનાં પુરાતન ધર્મ પુસ્તકોમાં કરી મજકુર બાબતો પરથી બંને કોમનું એક મુળ સાબેત કરી આપ્યું છે. આ બાબતો વિષેનાં લખાણો જેટલાં બહોળાં છે તેટલાંજ તે જુદાં જુદાં પુસ્તકોમાં વીખરાયલાં હોવાથી કર્તાએ પોતાની કમીની શકિત મુજબ તેમને સીલસીલાબંધ એકઠાં કરી આ આકારમાં જાહેર સન્મુખ રજુ કરવાની હીમત કીધી છે.

યજદેજરદી સને ૧૨૬૭ નાં સાલનાં ઝોરાસ્ત્રીયન કેલેંડરમાં આ રેસાલો છપાઇ પ્રગટ થયલો છે, તે પછે વધુ ફેલાવા માટે આ રેસાલાને આ આકારમાં છુટો બહાર પાડવામાં આવ્યો છે, અને તેને પ્રજા તરફથી ઘટતો આશરો મળશે એવી ઉમેદ છે.

આ લખાનમાં જે જે પુસ્તકોની મદદ લેવામાં આવી છે તેની એક ટીપ નીચે આપુ છું.

ચોપડીઓની ટીપ.

૧. તવારીખે શાહાને ઇરાંન.
૨. તવારીખે કદીમ ઇરાંન.
૩. તવારીખે સાસાનીઅન.
૪. તવારીખે મલુ કેતવાયફે જરથોસ્તીઅન.
૫. અવસ્તાના વિશેષ નામોની ફરહંગ.
૬. મિથ્ર અથવા મેહેર યજદ.
૭. જમશેદ હોમ અને આતશ.
૮. અવસ્તા જમાનાની ઘર સંસારી જીંદગી ભુગોલ અને એકરાર નામું.
૯. અંતર જગત પ્રવાસ.
૧૦. મોખસ મુલર કૃત ધર્મ વિષેનાં ભાષણ.
૧૧. આતશની બુલંદી.
૧૨. અનાહીત અને ફરોહર.
૧૩. ખોરદે અવસ્તા (એરન શી. દી. હારલે.)
૧૪. જરથોસ્તનામુ (શેઠ ખ. રૂ. કામાંજીનું.)
૧૫. જરથોસ્તી અભીઆશના આંકો.
૧૬. જરથોસ્તી ધર્મ ક્રીયાઓ.
૧૭. જરથોસ્તી મહજબ.
૧૮. જરથોસ્તી લોકોના ધર્મ પુસ્તકો વીશેનો શેઠ સો. સા. બંગાલીનો રેસાલો.
૧૯. આવાં અરદુઇસુર યસ્ટ બા માંએની એ. ટે. દી. અંકલેશરીયાવાલી.
૨૦. અર્દા વીરાફ નામુ એ. ટે. દી. અંકલેશરીઆનુ.
૨૧. સયાવશ નામુ એ. ટે. દી. અંકલેશરીઆનુ.
૨૨. રાહે પારસા.
૨૩. રાહે રોશન.
૨૪. ખુલાસે દીને જરથોસ્તી.
૨૫. બુન ઇરાન દાનેશ અજ જબાન શનાસી.
૨૬. હીંદુસ્થાનનો ઇતીહાસ (ડી. ડબલ્યુ. ડબલ્યુ. હંટરનો.)
૨૭. ખોરશેદ ઉપર ઇનામનો રેસાલો.
૨૮. ઇનામનો રેસાલો નામે અવસ્તા જમાનામાં કદીમ ઇરાંનીઓના ચાર વરગો વીશેનો.
૨૯. પાણી જમીન અને ઝાડ પાન વિષેનો ઈનામનો રેસાલો.
૩૦. ગઉમુતના ઉપયોગ વીશે ડા. પુજેન વીલહેમનો રેસાલો.
૩૧. નુરેએલમના આંકો.
૩૨. સુર્ય દએ.
૩૩. વેદોક્ત ધર્મપ્રકાશ.
૩૪. શ્રીમદ ભગવદગીતા.

લી૦ એરવદ દાદાભાઈ ખરશેદજી દારડી.

રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૬૭ યજદેજરદી.

અર્પણ પત્ર.

પુરાતન ઇરાનવેજ (આર્યવૃત) વેલાના પારસીઓના નામાકીત થઇ

ગયલા ન્યાગાનો અને આર્ય હિંદુઓના મહાત્મીક પૂર્વજો

જે વેળા સાથે વસ્તા હતા, તે વેળાએ એક કોમના

તરીકે ગણાતા હતા, માટે તેઓના પવિત્ર

આત્માઓની ભલી યાદમાં

આ નીબંધ

કર્તાએ

સંપૂર્ણ ભક્તિભાવથી

અર્પણ કર્યો છે.

પારસીઓ અને હિંદુઓનું મૂળ.

લખનાર:—એ૦ દાદાભાઇ ખરશેદજી દોરડી.

ભાગ પેહલો.

ઇરાંનવેજ (આર્યવ્રત)વાલા પુરાતન દેશમાં પારસીઓના વડવાઓ અને હીંદુઓના પુર્વજો સાથે વસતા હતા તે પછી તેઓ કેમ છુટા પડયા તે વીશેની ટુકી નોંધ.

(૧.) આ પૃથ્વી ઉપર માણુશ જાતની વસ્તી પ્રથમ કયા મુલકમાંથી શરૂ થઇ તે વીશે વિદ્વાનોની શોધ ખોલ ઊપરથી જણાય છે કે તે ઇરાનવેજવાળા મુલકમાંથી થઈ હતી. અવસ્તા અને શાહનામાનાં પુસ્તકો ઊપરથી જણાય છે કે માણુસ જાતનો પ્રથમ બાપ ગયોમર્દ હતો. તેની ઓલાદથી માણુશ જાતની વસ્તી શરૂ થઇ હતી.

હવે વેદમાં એમ જણાવે છે કે વસ્તીની પેદાયશ ૭ વખત થઇ અને છ વખત નાબુદ થયા પછી સાતમી વખતે 'મનુ'થી પેદા થઇ છે. એ પ્રમાણે વેદમાં સાત 'મનવંનત્ર' જણાવેલાં છે અને છેલ્લી વખતની વસ્તી 'મનુ'થી ઉતરેલી છે અને તેથી એ વસ્તી 'મનુ'ના નામ ઉપરથી 'મનવ' કહેવાય છે. વેદમાં જણાવેછે કે 'મનુ'ને પાંચ છોકરા હતા તેમાંનો સૌથી નાનો છોકરો હીંદુસ્થાનમાં આવી વસ્યો હતા.

(૨.) ઇરાનવેજવાલા મુલકને વંદીદાદની પેહેલી પરગરદમાં 'અઇરીયનામ વએજો' યાને એરયન વંશનું સૌથી પેહેલું મથક કરી કહે છે, જેને ફીરદોશી પોતાના શાહનામામાં ઇરાનવેજના નામથી જણાવી ગયો છે.

વેદમાં એ મુલકને 'અર્યવ્રત' અથવા આરયભુમી યાને ભલા તથા સારા કુટુંબનો લોકોનો દેશ કરી જણાવેલો છે.

(૩.) હવે ઇરાનવેજવાલો મુલક કયાં આવેલો હતો તે વીશે વીદવાનોની શોધ પ્રમાણે 'ઓકસસ' (અમુદરયા) અને 'જેકઝારતીસ' (સરદરયા) નામની નદીઓની વચ્ચે હાલના 'બીલુરતાગ' પહાડની જરા ઉત્તર પશ્ચિમે અને 'પામર'ના પાહાડી મુલકની ઉત્તરે આવેલો હતો. એ વીશે વિદવાનો જેવાકે બેરન બુનસન, ડાકટર મારતીંગ હાઉગ, સ્પીગલ, બરનુપ અને પ્રોફેસર હારલે જણાવી જાય છે. અહીંઆ દશ મહીના શીઆલો અને બે મહીના ઉનાળો હતો. હાલ પણ એ મુલકને માટે માઉન્ટ સ્ટુઅરટ એલફીનસ્ટન અને મી૦ બરનશ નામના અંગ્રેજ મુસાફરો જેઓ મધ્ય એશીઆમાં ફરી આવ્યા છે તેઓ જણાવી જાય છે કે 'હિંદુકુશ'ના પહાડો ઊપર આવેલા 'સમરકંદ' તથા ખોતંદના મુલકમાં એવી હવા છે કે જ્યાં દશ મહીના સરદી તથા બે મહીના ગરમી પડે છે. પારસીઓની મીનો ખેરદ નામની કેતાબમાં લખે છે કે ઇરાંનવેજમાં તે વેલા માણુસની ઊમર ૩૦૦ ની અને ગાયઢોરની ૧૫૦ ની હતી. તેઓ માંદગી કે દુઃખો જેવું થોડુંજ જાણુતાં હતાં.

(૪.) હવે ઇરાનવેજ પેહેલ વહેલે સ્થાપ્યું તે વખતના લોકોની હાલત, રીત રેવાજ કેવો ચાલતો હતો તે વીશે વીદવાનોની શોધ ખોળ ઉપરથી નીચે પ્રમાણે જણાવ્યું છેઃ-

ઈરાનવેજ સ્થાપ્યું તે વખતે આર્ય પ્રજાની સંસારી હાલતમાં ફેરફાર થવા માંડયો હતો. માણુશ જાતના થોડા ભાગે ભરવાડી ટોલાંની અરધી રખડતી જંગલી હાલત મેલી દઇ ખેતીવાડીનો પેશો પકડવાની શરૂઆત કીધી હતી. જ્યાં સુધી માણુશ ભરવાડી ધંધો કરતા હતા ત્યાં સુધી તેઓની હાલત રખડતી અને ભટકતી હતી. તેઓ એકજ જગયાએ ઘરબાર માંડી રેહેતા ન હતા. તેઓ આજે એક જગયાએ રહેતા તો કાલે બીજી જગયાએ જતા હતા. એટલા માટે તેઓને ઘેરબારની કે શેહેરની જરૂર ન હતી. પોતાનાં ગાય ઢોરને લીધે તેઓને જ્યાં ચારો મળતો ત્યાં તેઓ વાસો કરતા, તેથી તેઓને શેહેરની કશી અગત રેહેતી ન હતી. પણ હવે જ્યારે થોડોક ભાગ ભરવાડી ધંધો છોડી દઇ ખેડુતી ધંધો પકડવા લાગ્યો ત્યારે તેઓને પોતાના ખેતરોની નજદીક ઘરબાર માંડી રહેવાથી તેમ કરતાં શેહેરો વશાવવાની શરૂઆત થઇ.

ખેડુત વર્ગવાળાઓ પોતાના બાપદાદાથી ચાલતો આવેલો ભરવાડી ધંધો છોડી દઇ ખેતીવાડીનો ધંધો કરવા માંડયાથી ભરવાડી ટોળાવાળાઓ સાથે તેઓને કજીઓ શરૂ થયો. ભટકતા ભરવાડોએ તે કજીઆના વેરમાં નવી સુધરેલી હાલતના ખેડુત વરગો ઉપર હુમલાઓ કરતા હતા અને તેઓને મારફારથી તેઓના માલની લુટફાટ કરતા અને તેઓનાં ઢોરો ચોરી લઇ જતા હતા. એવી રીત થતાં પોતાનો બચાવ કરવા માટે ખેડુત ટોળાવાળાઓ બને ત્યાં સુધી સાથે વસવા લાગ્યા. એમ કરતાં તે પછી શેહેરો સ્થાપવાની શરૂઆત થઇ હતી.

હવે આ બે ટોળાઓની ધંધા રોજગારની હાલતમાં ફેરફાર થવા પછી સંસારી અને નીતીની હાલત પણ સુધરતી ચાલી. ભરવાડી ટોળાવાળા રખડતા રહી જવાને લીધે અને લુટફાટ અને ચોરી અખત્યાર કરવાથી તેઓ ધાતકી, નીર્દય, જુઠા, જુલમગાર નીવડયાથી અવસ્તામાં તેઓને દેવની ખાસીઅતના તરીકે જણાવેલા છે.

ખેડુત ટોળાવાળા એક જગ્યાએ વસવાથી તેઓ એક બીજાને મદદ કરવા લાગ્યા અને તેઓ એક બીજાને ભાઇબંધ તરીકે ચાહવા લાગ્યા. જો દુશમન તરફથી તેઓ ઉપર હુમલો થતો હતો તો તેઓ એકસંપથી બચાવ કરતા હતા. એમ કરતાં તેઓમાં સારા સંસારી વીચારો ઉત્પન્ન થયા, તે પછી આસ્તે આસ્તે તેઓને ખોદા અને ધર્મ વીશેના વીચારોમાં ભરવાડી ટોળાથી જુદા પડતા ગયા. ભરવાડી ટોળાવાળા રખડેલ અને દુરગુણી માણુશો અને દેવ મત ઉપર ઘસડાતા ચાલ્યા; ત્યારે સુધારાવાલા ખેડુત તાયફાવાલાઓ એક ઇશ્વરનેજ માન આપવા લાગયા.

અવસ્તામાં ખેતીનાં ફરમાનો જગે જગે આપવામાં આવ્યાં છે. ખેતીના ઉપયોગમાં આવનારાં ગાય ઢોરોની સંભાલ કરવા ફરમાવે છે; એવાં જનાવરોનું અને માલ મીલકતનું રક્ષણ કરનાર કુતરાની સંભાલ કરવાને માટે ફરમાવ્યું છે. શેહેર સુધારાના સરસ ફરમાનો આપવામાં આવ્યાં છે. દેવ અને દેવશન લોકોને ધીક્કારયા છે. (હવે દએવયરનાનો તે આર્ય હીંદુઓના વડવાઓ નહીં પણ ઇરાંન ખાતેના અસલી જંગલી વતનીઓ હતા એમ નામીચો જરમન વીદવાન "પરોફેસર" ગેગર જણાવે છે) એ સઘલું ફરમાન ઉપલા બેઉ ટોળાઓની હાલત વચ્ચે ઉત્પન્ન થયેલા ફેરફારોનું પરીણામ છે.

હવે પાદશાહ જમશેદ (યમરાજા) નો જમાનો તે આ બે ટોળાની વચ્ચેના ફેરફારનો જમાનો છે. વંદીદાદની બીજી ફરગરદમાં જમશેદને પાક ખોદાતાલાએ એક સંસ્થાન 'વર' બનાવવા કહયું. તે આ નવા તરીકા પ્રમાણે ચાલનારા ભલા આરયન (ખેડુત) લોકોને માટેનું એક શેહેર હતું જે આરય વંશ માટેનું હતું. ખોદાએ જમશીદને જે દીન આપવા

કહી હતી તે આ નવા ખેડુત ટોળાને માટે હતી. તેને જે રાજ કારોબાર સોંપ્યો હતો તે એ નવા ભલા ખેડુત ટોળાને માટેનો હતો. તેઓને જે દેવોથી છુટા પડવા કહયું હતું તે પેલા બુરા ભટકતા ભરવાડી ટોળાથી હતું. ૧.

(૫.) હવે પાદશાહ જમશેદને અવસ્તામાં 'યિમ' ૨ તેમ વેદમાં 'યમ' (રાજા) તરીકે કહયો છે. વેદમાં તેને 'વીવસવત' નો છોકરો કરી જણાવેલો છે. અવસ્તામાં જમશેદના બાપનું નામ 'વિવંગહાઓ' તેમ શાહનામામાં 'વિવંઘહાન' કરી જણાવે છે. ૩

વેદમાં 'યમ'ને માટે જણાવે છે કે તે સૌથી પેહેલ વેહેલો માણશ યાને સુધારાવાળો હતો તેથી તે પેહેલ વેહેલાં મરણ પામનાર હતો. પેહેલ વેહેલો મરણ પામનાર હોવાથી પેલી દુનીઆમાં સઘળાં મરણ પામેલાંઓ ઉપર સરદારી ભોગવે છે. તેનું આકાશી મથક 'યમ-સદનમ' જે સુખ અને આબાદી (સ્વર્ગ)નું મકાન છે અને સર્વ જાતના દુઃખોથી તે નીરાળું છે' વળી વિશ્નુ પુરાન યાને પુરાણી કથા તથા વૈષ્ણુય મતોના સંગ્રહનું ધર્મ પુસ્તક જે વિદવાનોની શોધ પ્રમાણે ઈ. સ. પુ. ૧૦૪૫ના વરસ ઉપર બનેલું ધારવામાં આવે છે તેમાં યમ રાજાને માટે એમજ જણાવે છે કે 'અદલનો રાજા, હીંદુઓના વડવાઓના રાજા અને સ્વર્ગનો રાજા તે છે.' યમ રાજા (જમશેદ)ની બાબદ હીંદુઓના 'કઠઉપનિષદ' નામના ગ્રંથમાં 'યમ અને નાચિકેત' વાળા પ્રકરણમાં પણ આવેલી છે.

(૬.) મોટી જગત રેલ આવ્યાથી દુનીઆમાં મોટી ખરાબી થશે એવી અગમચેતી ખોદાતાલાએ જમશેદને આપી આગમચથી સાવચેતી કરવા કહી હતી તે વીશે વંદીદાદની બીજી પરગરદના ૪ થા ૫ કરામાં આવેલી બીના એમ જણાવે છે કેઃ—

ગોપ્રા બનાવ અને માણસો, જાનવરો, ઝાહાડોના સર્વેથી સરસ તોખમને લઇ જા તથા તે દેશમાંથી તે તોખમોને ગોપ્રામાં લઇ જવાને માટે રસ્તા બનાવ.

---

૧. આ રખડતા ભરવાડી જંગલી ટોળાને તુરાની કહેવામાં આવે છે કે તે પુરાતન જમાનાથીજ આરયન ટોળાના મોટા દુશમન તરીકે ગણતા આવ્યા છે. આ ભરવાડી ટોળા વીશે આપણા કાબેલ વિદવાન શેઠ ખ. રૂ. કામાજીએ "જુબાનોના અભ્યાસ ઉપરથી ઊપજાવી કહાડેલી ઇરાની ટોળાની પુરાતન તવારીખ" એવે નામના વિષય ઉપર આપેલાં ભાષાણ વેળા એમ કહી સમજાવ્યું હતું કેઃ- એરયનનો અસલ અર્થ ખેડુત થાય છે. ગોવાલીઆ હાલતમાંથી નીકળીને જેબી કોઇ શખ્સ ખેડુત થયા છે તે ગોયા જંગલી હાલતમાંથી નીકળીને સુધરેલી હાલતમાં આવે છે. બુરજીગરીની હાલતમાં જેબી કોઈ આવ્યો તેને ઘરબાર માંડવાની ફરજ પડે છે, ને પાડપડોશીઓની સાથે સારી રીતે ચાલે છે તે માટે તેને પોતાને તેઓ તરફ સારી રીતે ચાલવાની ફરજ પડે છે. આ ઉપરથી ખેડુત ઉપરથી 'અઈરીઅ' નો બીજો અર્થ ભલો નેક ગ્રહસ્થ એવો થવા લાગ્યો. એરીયન લોકો બીજાઓ જેઓ એરીઅન નહીં હતા તેઓને 'અનએરીઅન' એટલે એરીયન નહીં, ભલા નહીં એમ કહેતા હતા. આ ઉપરથી માલમ પડે છે કે તુરાનીઅન લોકો માણશની આ અસલ વસ્તીનો જુંખડો બુરજીગરી (ખેડુતી) હાલતમાં આવ્યો તે અગાઉ છુટા પડી ગયા હતા. તેથી આરીઅન લોકો આજે ઘરબારવાળા ગ્રહસ્થો અને બચ્ચાં છોકરાં વગરના એકલાં ઠોલીઆ માણશ વચ્ચે જેવો તફાવત રાખવામાં આવે છે તેવો તફાવત આરીઅન લોકોએ તુરાનીઅન લોકો વચ્ચે રાખીને તેઓને 'અનએરીઅન' કરી કહેતા હતા.

(આજેબી મધ્ય એશીઆમાં વસ્તા તુરકીઓની જાત ભટકતી હાલતમાં જીંદગી ગુજારે છે.)

૨. અવસ્તામાં જમશેદને 'યિમ' તેમ વેદમાંબી 'યમ કરી, જણાવે છે. તેનો અર્થ વીદવાંનો સ્રજનકર્તા કરી કહે છે.

૩. શ્રીમદ ભગવત ગીતાના અધયાય ૪ થાના ૪થા શ્લોકમાં 'વિવસવત' યાને જમશેદના બાપની બીના આવેલી છે.

ખોદાના આ ફરમાન મુજબ જમશેદે તેમ કીધું. એ નવા સંસ્થાનને 'વરજમ કરદ' યાને જમશેદનો બનાવેલો ગુફો કરી કહેવામાં આવે છે.

આ નવાં સંસ્થાનને લગતી બીના ખ્રિસ્તીઓની બાઇબલમાં જેનેશીસના બાબ ૬–૮માં પણ આવેલી છે.

વળી હીંદુઓના ધર્મ શાસ્ત્ર 'રામાયણ'[1]ના 'મત્સયોપાખયાન' વાળા ભાગમાં આવેલી 'વિવસ્વત'ના પુત્ર 'મનુ'ની કથા આવેલી છે. તેમાં જંગ રેલ આવવાની ચેતવણી 'બ્રહમાએ' આપેલી છે તે વંદીદાદની બીજી પગરદમાં આવેલી જમશેદની બાબદ સાથે ઘણીક રીતે મળતી આવે છે, તે નીચલી કથા ઉપરથી જણાય છે:—

માર્કંણ્ડેય નામે મુનિ કૌન તેયની આગળ કથા કહે છે કે 'વિવસ્વત'નો પ્રતાપવાન પુત્ર મનુ હતો. તે બળ, તેજ, લક્ષ્મી અને તપસર્યમાં પોતાના પિતા અને મહા પિતા કરતાં ચહડતો હતો. તે પ્રજાપતિએ બદરીમાં રહી દશ હજાર વર્ષ લગી એક ઘણુંજ કઠણ તપ કરયું હતું. એક દીવસે વીરિણી નદીના કીનારા ઉપર એક મત્સયે આવીને તે તપ કરતાને કહયું કે 'હે ભગવાન, હું એક નાની માછલી છું અને મોટી માછલીઓથી મને ભય લાગે છે, માટે તું મારૂં રક્ષણ કર.' આ માછલીનું કહેવું સાંભળીને મનુ ત્યાંથી તેને લઈ ગયો અને માટલાંમાં મુકી. ઘણો વખત જવા પછી તે માછલી ઘણી મોટી થઇ અને માટલામાં સમાઇ નહીં. બીજી વાર તે માછલીએ મનુને જણાવવાથી તેણે તેને એક મોટી વાવમાં મુકી. ઘણે વખતે તેમાં પણ તેનો સમાવ ન થવાથી તેણે મનુને સમુદ્રની રાણી ગંગા નદીમાં લઇ જવાને ઇચ્છા બતાવી. મનુએ તેમ કીધું. કેટલેક વખત જવા પછી ગંગામાંથી તેનો સમાવ નહી થયો ત્યારે તેણે પોતાને સમુદ્રમાં લઇ જવાને તેને જણાવ્યું. તેના કેહવા પ્રમાણે મનુએ તેને સમુદ્રમાં લઇ જઇને મુકી. જયારે મનુંએ તેને સમુદ્રમાં લઇ જઇને મુકી ત્યારે તેણે તેને કહયું કે 'થોડા વખતમાં આ પૃથ્વી ઉપરની સઘળી સ્થાવર જંગમ વસ્તુઓનો પ્રલય થશે. માટે હું તને એક બોધ આપું છું તે સાંભલ. એક મોટું અને મજબુત વહાણુ બનાવ અને સાપ્તરૂષીઓની સાથે તું તેમાં જા અને પુર્વે બ્રહમણોએ કહેલા સઘલી જાતના સારાં બીજો તારી સાથે લઇ જા. પછી તું તે નાવમાં બેસી મારે માટે થોભજે કે હું શીંગડાંવાળો થઇને આવીશ. કારણ કે મારા વગર તે નાવ ચાલી શકવાનું નથી.' મનુએ તે મત્સયની આગ્ના પ્રમાણે કરવાને કબુલાત આપી અને તેઓ છુટા પડયા. મનુ તેના બોધ પ્રમાણે નાવ તૈયાર કરી તેણે કહેલી સઘળી વસ્તુઓ સાથે લઇને તેમાં બેઠો. પછી પેલા મત્સયનો વિચાર કરતાંજ તે આવી લાગ્યો. અને તેના શીંગડાં સાથે તે નાવનું દોરડું બાંધ્યું. તે મત્સયે તે વહાણને તોફાની દરીઆમાંથી લઈ જઇને હીમાલય પહાડનાં શીખર સાથે બંધાવ્યું. પછી તે પોતે બ્રહમા છે અને આ ભયની તેને ચેતવણી આપી તેમાંથી તેનું રક્ષણ કરવાને માટે તેણે મત્સયનું રૂપ ધારણ કર્યું છે એવું કહી તથા બીજી શીખામણ દઇ એકદમ ગુમ થઇ ગયો.

(૭.) જમશેદે નવું સંસ્થાન બનાવ્યું તેને મલતી બાબદ વેદમાં પણ આવેલી છે. ત્યાં એમ જણાવે છે કે:—

તમામ લોકોને એકઠાં કરનાર 'રાજા યમે' ઘણાઓને સારૂં એક એવો રસ્તો (નવું સંસ્થાન) શોધી કાઢયો છે કે જે રસ્તેથી ઘણીજ ઉંડાઇથી ઘણીજ ઉંચાઇ ઉપર જવાઇ શ-

---

૧. રામાયણ એ હીંદુઓનું બીજું વિરરસ કાવ્ય છે. એ કવિ વાલમિકનું રચેલું કહેવાય છે અને આર્ય લોકો દક્ષીણ તરફ ગયા તેનું વરણન એમાં આપેલું છે. એ પુસ્તક ઇસ્વી સન પુર્વે ૧૦૦૦ વરસ ઉપર રચાયલું કહેવામાં આવે છે. તે સુમારે ૪૮૦૦૦ લીટીનું લખાણ છે.

કાય છે. મનુષ્ય જાતને માટે સપર પેહેલાં એવું રેહેઠાણુ શોધી કાઢયું છે કે જયાંના રહેવાશી ઓને કોઇ હાંકી કાઢી શકનાર નથી. આપણા વડીલો ગયલા છે અને એજ રસ્તો તેઓની ઓલાદ પકડતી રહેશે.

(૮.) પાદશાહ જમશેદે પોતાની પ્રજાને ચાર વર્ગમાં વેહેંચી નાખી હતી તે વીશે અવ-સ્તામાં નીચે પ્રમાણે જણાવે છેઃ—

૧. અથોરનાન યાને ધર્મ ગુરૂઓ.

૨. રથએશતાર યાને રથની ગાડીમાં ઉભા રહીને લડાઇ કરનાર પેહેલવાન, પાદશાહ રાજય સંબંધી કામ કરનારા.

૩. વસ્ત્રયોપ્રશુયાંસ યાને ખેતીવાડી કરનાર ખુરજીગર.

૪. હુઇતુખસાન યાને વેપારી તથા કારીગરો.

(૯.) આર્ય હીંદુઓમાંબી ચાર વરગ હતા, એમ મનુની ધારાપોથી ઉપરથી જણાય છે. એ ચાર વરગની બીના મી૦ ડબલ્યુ૦ હંટર પોતાના હીંદી ઇતીહાસવાળા પુસ્તકમાં એમ જણાવે છે કેઃ—

૧. ગોર એટલે બ્રાહમણ.

૨. લડવૈયા કે રાજાની જોડે લડાઈમાં ચઢનારા સાથીઓની. એમને રજપુત (રા-જપુત્ર) કે ક્ષત્રી કહેતા અને એનો શબ્દાર્થ રાજકુલના એવો થાય છે.

૩. ખેડુત થઇ વસ્યા હતા એ ત્રીજી નાત થઇ. જુનું વૈસય નામ હતું તેજ એમ ને માટે રાખ્યું. 'વિશ' ધાતુ ઉપરથી વૈસય શબ્દ બન્યો છે. વેદના પ્રથ મના સમયમાં બધા લોકોનું એ નામ હતું.

૪. શુદ્ર કે જીતાયલા અનાર્ય લોકો જેવો હીંદુસ્થાનના પેહેલ વેહેલા રહેવાસીઓ જેઓને 'દાસ્યાને' નામે પણ ઓલખવામાં આવે છે તેઓ.

(૧૦.) હવે જમશેદે પોતાની પ્રજાના ચાર વરગ બનાવ્યા છે તેની શરેહ એક લખ નાર નીચે પ્રમાણે કરે છેઃ-

૧. અથોરનાનનો પેશો તે દુનીઆનાં માથાં તરીકે.

૨. પેહેલવાનોનો પેશો તે હાથ તરીકે.

૩. ખેડુતનો પેશો તે પેટ તરીકે.

૪. કારીગરીનો પેશો તે પગ તરીકે.

(૧૧.) હવે હીંદુઓના ચાર વર્ગમાં બ્રાહમણો ઉંચા કુલના ગણાય છો એ દરજજો તેમને ઇશ્વર તરફથી મલ્યો છે એવો બોધ ત્રણ વરગવાલાઓને તેઓએ ખાસ કરી જણાવ્યું છે કેઃ-

બ્રહમાએ જગત સરજયું તે વારે તેનાં મુખમાંથી બ્રહામણો નીકળયા.

તેની બાજુ માંથી ખત્રી નીકળયા.

તેની જાંગમાંથી કે પેટમાંથી વૈસય નીકળયા.

અને તેની ચરણમાંથી શુદ્ર (યાને ચાકર અથવા ગોવાળ્યા) નીકલ્યા.

ઉપલા ચાર વરગો ઊપર એકેકો દેવતા પ્રસન્ન હતો તે નીચે પ્રમાણે છેઃ-

૧. બ્રાહમણોનો દેવતા શીવ.

૨. ખત્રીઓનો દેવતા કૃષ્ણા.

૩. વૈસયોનો દેવતા બ્રહમા.

૪. શુદ્રોનો દેવતા ગણેશ (ગણપતી).

હવે અવરતામાં ચાર વર્ગોનાં નાંમો આવ્યાં છે તે દરેક ઉપર અકેકો ફરેસતો મવકલ છે તે વીશે નીચે પ્રમાણે જણાયું છેઃ-

૧. અથોરનાનો ઉપર મવકલ આતશ આદર ફરોબા.

૨. પેહેલવાનો ઊપર મવકલ આતશ આદર ગુશસ્પ.

૩. ખેડુત વર્ગ ઉપર મવકલ આતશ આદર બુરઝીન.

૪. કારીગરો ઉપર મવકલ ફરેસ્તો જણાયો નથી.

(૧૨.) પાદશાહ જમશેદના જમાના વીશે વિદવાનો એક સરખું મત ધરાવી જતા નથી. પણ મી૦ બેલી નામનો એક કાબેલ અંગરેજ વિદવાન જેણે જોતિષ વિદયાની મદદથી આગળા પુરાતન વખતની તવારીખોની મુદતોને લગતી તવારીખનું પુસ્તક છપાવી બાહેર પાડયું છે તેમાં પાદશાહ જમશેદનો સને ઇ૦ સ૦ પુર્વે ૩૨૦૯ ના સાલમાં થઇ ગયલો જણાવે છે યાને આજ તેને ૫૦૦૦) વરસ ઉપર થઇ ગયાં છે. વળી શેઠ ખ૦ ૨૦ કામાજી પોતાના જરથોસ્ત નામામાં જમશેદનો સને ઇ૦ સ૦ પુર્વે ૩૨૭૦ ના વરસ ઉપર મેલે છે. એ પાદશાહે ૭૦૦ વરસ સુધી રાજ કરયું હતું એમ તવારીખ ઉપરથી જણાય છે.

(૧૩.) પાદશાહ જમશેદના મોટી જાહોજલાલી ભરેલાં ઇરાનવેજના રાજ્ય ઉપર તુરાની ટોળાનો પાદશાહ ઝોહાક એક ભારે લશ્કરી ફોજ સાથે ચઢી આવી તેનું રાજ્ય જીતી લઇ સેવટે એ નામાંકિત પાદશાહને મારી નાંખ્યો. તેના પાયતખ્ત ઉપર આવવા પછી ઇરાની પ્રજા ઊપર ભારે જુલમ કરવા લાગ્યો. તેથી ઇરાની પ્રજાએ એકદમ ઉશકેરાઇને બળવો કીધો, અને તેની આગેવાની કાવા નામના લુહાડે કરી હતી. આ દેશહિતકારીક નરો ઉપર જમશેદના ભાઇ 'આથવીય' તેમ વેદમાં 'આપતિય' કરી જણાવ્યો છે. તેનો છોકરો ફરેદુન જે વેદમાં 'ત્રેઇતન' નામથી જણાયો છે તેણે સરદારી કરી એ જુલમગાર પાદશાહને લડાઇમાં હરાવી મારી નાખ્યો અને પછી પોતાના વડવાઓના તખ્ત ઉપર બેઠો. એ પાદશાહનો અમલ થવા પછી ઇરાનવેજમાં આબાદાની થઇ હતી.

જુલમગાર ઝોહાકને અવરતામાં 'અઝી-દેહાક' યાને દંખ મારનાર સાંપ કરી જણાવ્યો છે. તેમ વેદમાં પણ એને 'અહી' (દૈત્ય) યાને દંખ મારનાર સરપ કરી જણાવ્યો છે. ફીરદોશી પોતાના શાહનામામાં એને માણસનું રૂપ આપ્યું છે. પાદશાહ ફરેદુને એને મારી નાંખ્યો તે વીશે તેને માટે યજશનેના નવમાં હામાં જણાવે છે કેઃ--

જેણે (યાને ફરેદુને) ત્રણ મોંઢાના, છ આંખના, હજાર મકકરવાળા (યાને યુકતી વાલા) પુષ્કલ જોરેમંદ દેવને લગતા દરૂજને, આ મુલકોને નુકશાન પહોંચાડનાર દુરવંદ અઝી-દેહાકને મારયો.

વળી એજ પ્રમાણે હીંદુઓના વેદમાંથી એમજ જણાવે છે કેઃ—

" ત્રાઇતેને (ફરેદુને) જે મોટા સરપનો નાશ કીધો હતો તેનાં ત્રણ માથાં અને સાત પુછડી હતી. એ સરપને મારવાથી ગાય ઢોરોને આશાયસ મળી હતી." એ પાદશાહની વા-રતા હીંદુઓના 'ત્રીરતાન' નામના પુસ્તકમાં આવેલી છે અને એને એક દેવતાઇ રૂપ પણ આપ્યું છે.

૧૪. જેહાં પહેલવાન કેરશાસ્પને અવસ્તામાં 'ખરેશસ્પ' કરી જણાવ્યો છે. તેમ વેદ-માં તેને કૃશસ્વ કરી કહયો છે એના કામની સ્તુતી અવસ્તામાં કરવામાં આવી છે. એની પેહેલવા-ની તથા બહાદુરીનું દાશતાન 'કેરશાસ્પ નામા' માં આવેલું છે. એ પેહેલવાને 'ગનદરવ' નામનો એક રાક્ષસ જે પાણીમાં રહેતો હતોતેને મારવા માટે પ્રથમ આવાં અરદુઇશુરની ભગતી કરી મદદ માંગીઆ પછી એ રાક્ષસને મારી નાખયો હતો.

હવે એ 'ગંનદરવ' વીશે વીષણુ પુરાન પ્રમાણે 'નાગ ટોળાના સરદારો જેઓના મુલક ઉપર ગંધરવો' એ હુમલો કીધો હતો તેઓએ નર્મદા નદી 'વીશનુ' પાશે પોતાને માટે મદદ માંગવા મોકલી કે જે મદદ તેણી લઇ આવી. (આ કથા કંઇક રીતે એક બીજાને મળતી આવે છે.)

૧૫. કયાની વંશનો નામીચો પાદશાહ કેકાઉસ જેને અવસ્તામાં 'કવીઉસધન' કરી જણાવ્યો છે તેમ ઋગ વેદમાં તેને 'કાવ્યઉશનસ' કરી લખે છે. એની સ્તુતી આવાં યસ્તમાં તેમજ બેહેરામ યશતમાં પણ આવેલી છે. વળી એને માટે હીંદુઓના 'ભગવતગીતા' માં એમ જણાવે છે કે:—

એ સપર પહેલો કવી યાને શાએર કરી જણાવે છે જેથી ક્રીષ્ણા જે સઘળી વિદ્યામાં પહેલો ગણાવાનો દાવો રાખે છે તે પોતાને યુશના (યાને કાવ્યઉશનસ) કરી કહે છે.

ઋગ વેદના સ્લોકમાં એ રાજાનું નામ મોટા દેવતા 'ઇંદ્ર' સાથે જોડેલું છે. એ 'ઇંદ્ર' દેવતાની તેમાં સ્તુતી કરતી વેળા એ રાજાને ત્યાં 'કવ્યયુશનસ'ના નામથી યાદ કર્યો છે અને અગની ને મનુષ્ય જાતના બ્રાહમણોને ઉચ્ચો દરજજો આપ્યો છે. એણે ઇંદ્રને મોટા લોહડાંનો ગરૂજ બનાવી આપવાથી 'ઇંદ્ર' રે પોતાના શતરૂ 'વરીત્રા'ને મારી નાંખ્યો.

વળી બીજા શ્લોકમાં એ રાજા વીશે બીજું એમ જણાવે છે કે આ પૃથ્વી ઉપર મરણ પામી શુકરના ગ્રહનો અવતાર લીધો તેની આગમજ આ પૃથ્વી ઉપર 'દાટીઆ' અથવા અસુરા લોકોનો એ ગુરૂ હતો.

વળી હીંદુઓના 'મહાભારત' પુસ્તક જેમાં કથાઓનો મોટો સંગ્રહ છે તેમાં બે લાખ અને બાવીશ હજાર લીટીઓ આવેલી છે. એ ગ્રંથમાં આવેલી કેટલીક કથાઓ વેદના મંત્રોના જેટલી જુની કહેવામાં આવે છે. એ પુસ્તક વિદ્વાનોના કહેવા પ્રમાણે ઇ. સ. પૂ. ૧૨૦૦ વર્ષ ઉપર લખાયલું છે. તેમાં ઉપલા રાજા વીશે એમ જણાવે છે કે:—

એને પેટે ચાર છોકરા હતા. તેઓ 'અસુરા' (યાને પુરાતન ઇરાનીઓના ફરેસ્તાઓ)ની માનતા કરી તેઓને સારૂ ભોગ ચહડાવવા લાવતા હતા.[1]

(૧૬.) કયાની વંશનો બીજો નામીચો પાદશાહ કેખશરૂ જેને અવસ્તામાં 'કવહુ સ્ર વંઘહ' કરી જણાવે છે. તેમ ઋગ વેદમાં 'ઇદ્ર'ના નવમાં મંત્રના સ્લોકમાં એ રાજાને 'સુસ્રવસ' કરી જણાવેલો છે.

એજ ઋગ વેદમાં પેહેલાં મંડલ ભજણ ૫૩, સ્લોક ૯–૧૦ મામાં એ રાજા વિશે એમ જણાવે છે કે 'સુસ્રવસ' એક સ્વતંત્ર રાજા હતો જેના ઉપર વીસ જુદા જુદા રાજાઓએ ચઢાઇ કરી હતી. પણ મોટા દેવતા ઇંદ્ર 'સુસ્રવસ' તરફથી આ રાજાઓનો પરાજ્ય કરી તેમના ૬૦૦૯૯ કીલ્લાઓ[2] તારાજ કીધા હતા. એ રીતે 'ઇદ્ર' એ 'સુસ્રવસ'ને તેના શતરૂઓ ઉપર ફતેહમંદ કરી 'કુતસ, અતિથિગવ, અને અપુ' નામના રાજાઓને તે મહાન જવાન (કેખશરૂ) રાજાના તાબેદાર બનાવ્યા હતા.[3]

---

૧. અસુરા તે અહુરા યાને અહુરમજદને એક ખોદા તરીકે ગણી માન આપનારા પુરાતન ઇરાનીઓ હતા.

૨. પરોફેસર વિલસન નામનો એક વિદ્વાન આ કીલ્લાઓની સંખયાને ઠેકાણે તે લશ કરી સંખયા ગણે છે.

૩. રામ યસ્તમાં એ પાદશાહ વીશે એમ જણાવે છે કે:– એણે 'સપએ તિતરજુર' (દશતે બીઆજ) નામના જંગલમાં પોતાના દુશમનો સાથે મોટી લડાઈ કરી હતી. એ દુશમનો અફરાસીઆબ તથા તેની મદદે આવેલા બીજા પાદશાહો હશે. એ લડાઈમાં 'અઉર્વ સાર' નામનો પાદશાહ કએખુશરોના હાથથી બચી જવાને બંદગી કરી હતી. પણ લડાઇમાં તેને મારયો હતો. અશીસવંઘ યશત પ્રમાણે એને ઇરાનના સઘલા દેશો જીતી લઈને સાથે જોડી નાંખનાર તરીકે કહયો છે.

એ પાદશાહ વીશે જમીઆદ, ગોશ, અને ફ્રરવરદીન યસ્તમાં બાબદો આવેલી છે.

૧૭. હવે ઇરાની આરયનોથી આરય હીંદુઓ કેમ છુટા પડયા તે બાબદ ઉપર આવ્યે. જરથોસ્ત પોતે પેગમ્બર તરીકે જાહેર થવા પછી પોતાના પુરાતન વડવાઓનો ચાલતો 'પોરીઓ દકેશી' ધર્મ ૧ કે જેમાં એક ખોદાને માનવાને ઠેકાણે અનેક ખોદાને માનવાનું ફરમાન હતું તેમાં તેણે મોટા સુધારો કરી એકલો એક ખોદા કે જેને આખી દુન્યા પેદા કરી છે, કે જેનું નામ તેણે અહુરમજદ કરી રાખ્યું હતું તેનેજ માનવો અને તેનીજ સ્તુતી કરવી. એવું ફરમાન તેણે જાહેર કરવાથી જુના ધર્મને માનનારાઓ આ નવા ધર્મને ધિક્કારવા લાગ્યા. ત્યારે બીજાઓ આ નવા ધર્મને પસંદ કરી માનવા લાગ્યાથી બે પક્ષ થઇ ગઇ અને માંહોમાંહે ફુટફાટ ચાલ્યાથી ઝઘડો ઉઠયો હતો. આ પક્ષ કેમ થયો તે વીશે નામીચો જરમન વીદવાન પ્રોફેસર ડાક્ટર મારટીંગ હાઉગ પોતાના 'જરથોસ્તી ધર્મની ઉપત્તી' એવે નામના રસાલામાં નીચે પ્રમાણે જણાવે છે:—

"જ્યાં સુધી બન્ને તાયફાવાળાઓ પ્રથમ સાથે વસ્તા હતા ત્યાં સુધી તેમની સઘળી ક્રિયાઓ તથા તેમના વડા ધર્મગુરૂઓ વગેરે એકજ નામો ધરાવતા હતા. પણ બંનેના છુટા પડવા અગાઉ ઇરાની એરયનોએ કેટલાક શબ્દોમાં ફેરફાર કર્યો હતો. આ ફેરફાર શબ્દોમાંનો એક 'કવિ' છે. ઇરાનના કયાની પાદશાહો રાજ સાથે ધરમના પણ વડા હોવાથી કવિને નામે ઓળખાતા હતા. કએકોબાદથી તે કએગુશતાસ્પ સુધીના પાદશાહો કવિ કહેવાતા હતા. પણ બંન્ને તાયફાઓ વચ્ચે ફાટફુટ પડવાથી એરીયન હીંદુઓના વડવાઓએ પોતાના ધર્મ ગુરૂઓનું નામ કવિ રાખ્યું. પણ ઇરાની એરીયનોને તો કવિનો બોલ ધિક્કાર ભરેલો લાગવાથી તેઓએ તેને, 'કાવા' બોલમાં બદલી નાંખ્યો."

હવે કવી ટોળકીવાલાઓએ જરથોસ્તે સ્થાપેલો નવો ધરમ નહી માનવાથી કાવાની ટોળકીવાળાઓ મોટા ધિક્કાર છુટવાથી સામેવાળાઓને 'દેઅવ' અથવા દેવયસન લોકો તરીકે ઓળખવા લાગ્યા. ૨

હવે એ શબ્દ જ્યારે ઇરાનવેજવાળાઓ જરથોસ્તના આવવાની અગાઉ બન્ને પ્રજા સાથે વસ્તી હતી તે વેળા પોતાના અનેક દેવતાઓનેબી દેવ કહેતા હતા. પણ જરથોસ્તના આવવા પછી તેણે જોયું કે એકલા એક ખોદા વીશેનો એ અસલ 'દેવ' શબ્દ અનેક ઇશ્વરને લગાડવામાં આવે છે. જે પદાર્થોમાં સાધારણ ગુણ યા ખાસીઅત ઉપરાંત વધુ છે તેથી એક ખોદાને 'દેવ' કહેવાને બદલે તેના પેદા કરેલા પદાર્થોને પણ 'દેવ' કહે છે. તે ઉપરથી જરથોસ્તે એ 'દેવ' શબ્દ ખોદાના નામ માટે રદ કર્યો અને પોતાની સુધરેલી નવી દીનમાં 'દેવ' શબ્દનો અર્થ ખરાબ આપ્યો અને એક ખોદા જેણે કુલ દુન્યા ઉત્પન્ન કીધી છે તેને 'અહુરમજદ'ના નામથી જણાવ્યો અને માત્ર જે ભલાં કામમાં મદદ કરે તેવા દેવતા (ફરેસ્તાઓ)ને તેણે માન આપવા માંડયું. આમ જરથોસ્તે ફેરફાર કરવાથી બંને ટોળામાં પછી ફાટફુટ થઇ પડી હતી.

૧. પરોફેસર યુજન બરનુફ એમ કહે છે કે:- પોરીઓદકેશી લોકો અને પેશદાદયાન લોકો એકજ હતા અને તેઓ હીંદુઓ તેમજ ઇરાનીઓના સામાનરૂ વડીલો થતા હતા. (એ પોરીઓ દકેશી ધર્મ સ્થાપનાર હોમ પેગમ્બર હતો કે જે યજદાં પરસ્તી ધર્મને નામે ઓળખાતો હતો.)

૨. દેવનો અર્થ વીદવાનો 'પ્રકાશવું' કરી કરે છે. જેમ સુર્ય, ચંદ્ર, આતશ (અગની) જેવા ઈશ્વરના નુરી કેમલાના સાધારણ ગુણો 'દીવ,' પ્રકાશવું, ચલકવું એ ઉપરથી પુરાતન એરીયન પ્રજાઓએ પોતાનું ખોદાનું નામ 'દીવ' કરી લીધું. વેદમાં ઇશ્વરનું નામ 'દેવ' કરીને છે

ગાથા અહુનવદમાં 'કવિ'ઓ એટલે દીનના ફરમાનોની ઉપર ધ્યાન નહીં આપનારા લોકો કરી કહયા છે. તેમજ એ હામાં 'કરપ' એટલે જે જરથોસ્તી દીન નહીં કબુલ કરનારા લોકો તરીકે ગણાયા છે.

વલી કવી બોલનો બીજો અર્થ આપ મતલબીઆ આંધલા લોકોની પુઠે ચાલનારા લોકો કરી પણ થાય છે.

હવે ગાથામાં જરથોસ્તે કવીઓને ધિક્કારયા છે. તેમ ઋગવેદમાં 'કાવા'ઓને પણ તુચ્છકારી કાઢયા છે. ત્યાં કાવા સખ કાવારી અથવા 'કંવત્તનું' નામનાઓને ઇદ્ર દેવતાના શત્રુઓ તરીકે ગણ્યા છે. જેઓને તેના શોમ (હોમ)ના પવિત્ર રસને ધિક્કારનારા તરીકે કહયા છે. તેમ વલી 'સોમ'ને લગતી ક્રિયાઓની સામે જરથોસ્તનોબી પણ મોટો ધિકાર હતો.

હવે ગાથામાં પાદશાહ ગુસ્તારસ્પને 'કાવા વિસ્તારસ્પ' કરી જણાવ્યો છે. તેમ ઋગવેદમાં એને 'કાવા ઇસતારસ્વ' કરી કહયો છે. હવે ઋગ વેદમાં 'કાવા'ની ટોલકીવાળાઓને જે ધિક્કારયા છે તે કએ ગુશતારસ્પની ટોલકીવાળાઓ હતા કે જેઓ જરથોસ્તના નવા ધર્મની હીમાયત કરતાં હતા.

હવે એ કાવાની ટોલકીવાલાઓને ઇદ્ર તેઓના સંસ્થાનમાંથી ગોયા હાંકી કાઢતો હોય એમ ઋગ વેદમાં જણાવે છે.

પાદશાહ ગુશતાસ્પે જરથોસ્તની નવી દીન રોજ ૬ થો માહ ૧ લા (ખોરદાદ સાલ)ને દીને કબુલ કરવાથી જરથોસ્તને મોટી ખુશાલી ઉપજેલી જણાય છે. પોતે રચેલા ગાથામાં ગુશતાસ્પ વિશે એક ગમ એમ કહે છે કે વિસ્તાસ્પ તેનો એક દોસ્ત અને ડહાપણ એખત્યાર કરનાર મહાન પુરૂષ છે. તેમ વળી તે વિસ્તાસ્પ યસ્તમાં ગુસ્તારસ્પને એક બેટા તરીકે ગણી તેને એવી દુઆ દે છે કે:—

અએ મારા દીકરા કય વીશ્તાસ્પ તું લાંબી જીંદગીનો બુજોરગ જીંદગીનો થાય. તારા મરદો તેમજ બાનુઓ તેવીજ લાંબી જીંદગીના થાય અને તારા પોતાના તંનના ખુબ સુરત ફરજંદો અવતરે.

વળી એજ યસ્તના બીજા ફકરામાં બીજું તે એમ કહે છે કે:—

નામાંકીત નરોના ખાનદાનવાળા મારા દીકરા કય વીશતાસ્પ તું વળી માજદીયસની દીનનો છોકરો છે તેથી તે સામે એ દુશમની ધરાવનારા બુરાઓ ઉપર તું ફતેહ મેળવજે.

હવે બંન્ને તાયફાઓ વચ્ચે બલખ અથવા બેકત્રીયાવાલાં શેહેરમાં ઝગડો ઉઠયો. તે જેમ ધર્મ સંબંધી હતો તેમજ તે સંસારી અને વળી રાજ્ય દરબારી પણ હતો. આવાં મતફેર ચાલવાને લીધે અંતે એક ભારે લડાઇ કરવા વગર છુટા પડી શકયા નહીં. આ લડાઇ થવા આગમજ પાદશાહ ગુસતાસ્પે ગોશ ઇજદ અને આવાં ઇજદની બંદગી કરી મદદ માંગી હતી.

ગુસ્તાસ્પ જરથોસ્તી દીન કબુલ કરવા પછી એ નવા ધર્મનો ફેલાવો કરવા માટે ભારે કાલજી રાખતો હોવાથી સામે પક્ષવાલાઓ સાથે હવે લડાઇ શરૂ થઇ. આ લડાઇમાં ગુસ્તાસ્પનો દાનાવ વજીર જામાસ્પ હુબ એક મોટો લડવૈયો હોવાથી જરથોસ્તની દીન તરફથી લડાઇમાં ઉતરેલો હતો એમ આવાં યસ્ત ઉપરથી જણાય છે.

એ લડાઇ વેલા પાદશાહ ગુસ્તાસ્પનો બાપ લોહોરાસ્પ તથા તેના ભાઇ જરીન મારયા ગયા હતા, અને પેગમબર જરથોસ્તનું ખુન થયું હતું. આ લડાઇ ઘણી ભયંકાર થઇ હુતી તેથી ઇરાની લશકરની ઘણી ખોવારી થઇ હતી. આ લડાઇ વેલા જરથોસ્ત મોટા ગભરાટમાં પડેલો જણાય છે. ગાથામાં તે જણાવે છે કે "હવે હું કયાં જાવું, હું શું કરૂં! હું કઈ બાજુ રસ્તો પકડું. મને કાંઇ સુજ પડતું નથી. નથી મારી પાસે ઢોર ચાંક (યાને પૈસા ટકો) કે નથી

મારી પક્ષમાં ઘણા મદદગારો. અએ ખુદાવંદ ! મારી તરફ જયારે પેલો બુરો કીનાની નજરથી જુવે ત્યારે મારે માટે તથા મારા હમશરીકો માટે તું શીવાય બીજો કોણ પાસબાન છે !" પણ અંતે પાદશાહ ગુસ્તાસ્પની ફતેહ થવાથી સામી બાજુવાલાઓ હારી ગયા પછી તેઓ ઇરાન દેશ છોડી ગયા હતા. ૧

(૧૮.) હવે તેઓ કયાં જઇ વસ્યા તે બાબદ ઉપર આવ્યે.

વંદીદાદની પેહેલી પરગરદમાં એરીયનોથી વસાયલાં ૧૬ શેહેરોનાં નામો જે આપવામાં આવ્યાં છે તેમાંનું ૧૫ મું શેહેર જેને 'હપત હીંદુ' કરી કહયું છે કે જેની લંબાઇ પુર્વ હીંદુસ્થાનથી તે પશ્ચિમ હીંદુસ્થાન સુધીની હદ વીદવાનો જણાવે છે.

હવે એ મુલકને વેદમાં 'સપ્તશીંધવસ' કરીને કહયો છે યાને સાત નદીઓથી વસાયેલો મુલક જે સીંધુ નદીની પુર્વ તથા પશ્ચિમે આવેલો છે. જેને હાલ પંજાબ યાને પાંચ નદીવાલો મુલક કરી કહે છે તેના કાંઠા ઉપર તેઓ જઇ વસ્યા હતા. તે પછી તેઓ આરય હીંદુઓના નામથી ઓળખાવા લાગ્યા હતા. કહે છે કે અહીંઆ તેઓ આવવા પછી ઋગ વેદનું પેહેલ વેહેલું ધર્મ શાસ્ત્ર તેઓએ રચ્યું હતું. ૨ હીયાંથી તેઓ આગલ વધી ગંગા નદી તરફ ચાલયા અને ત્યાર પછી તેઓ દક્ષીણ તરફ ગયા.

---

૧. આ લડાઈમાં જરથોસ્તનું મોત નીપજયું. તે વીશે નામીચો થઇ ગયેલો ફરેંચ વીદવાન આં કવીટુલ ડી પેરોન પોતાની 'દુન્યાની તવારીખ' એવે નામના પેહેલાં પુસ્તકને સફે ૩૧૨ માં એમ જણાવી જાય છે કે:-

ગુશતાસ્પે જરથોસ્તી પક્ષ ખેંચવાથી એક ઘણીજ જબરી માંહોમાંહે લડાઇ ઉઠી કે જે ધર્મને માટે પેહેલી ગણાય છે કે જેમાં જરથોસ્તનો ભોગ થયો હતો, કેમકે દુશમનો આ દેશમાં બરપા થયલી બદીનું મુળ તેને વીચારતા હતા. તેઓએ તેને બંદગીની જગામાંથી ખોલી કહાડી તેનું ખુન કીધું હતું.

હવે ઉપલી બીનાને મળતી બાબદ 'શારેસ્તાન' તથા 'દાદેસ્તાને દીની' તથા દસ્તુર જરથોસ્ત બેહરામે બનાવેલાં જરથોસ્તનામામાંથી મલે છે. તેમાં વધુ એ જણાવે છે કે આ લડાઇ વેળા જરથોસ્ત આતશખાનામાં બેસી ખોદાની બંદગી કરતા હતા, ત્યાં દુશમનના એક સરદાર નામે 'તુરબરાતુરે ધસી જઇને એ પેગમ્બરનો જાન એક તલવારના ફટકાથી લીધો. મરણ પામતી વેલા હાથમાં જે એક ચમતકારીક તસવીર હતી તે પેલા બદમાશ સરદાર ઉપર ફેંકી. તે વેલા એક એજમતી આતશનો સોલો નીકલી આવ્યાથી તે સરદાર બલી ભસમ થઈ ગયો હતો.

હવે જરથોસ્તના મરણ પામવા વીશેની બાબદમાં સર જોન માલકમ પોતાની ઈરાનની મુસાફરીવાલા પુસતક પેહેલાના બાબ ચોથાની ૯૬ ની નોટમાં એમ જણાવે છે કે:-તુરકી અરજાસપ 'જયારે બલ્ખ (બાકત્રીઆ) ઉપર એક ભારે લશકર સાથે ચઢી આવ્યો અને પાયતખ્ત શેહેર જીતી લીધું તેની થોડાક માસ ઉપર જરથોસત મરણ પામ્યો હતો.

૨. સપ્ત શીંધવસ યાને સાત નદીવાલો મુલક કરી થાય છે. વેદમાં એ સાત નદીઓનાં નામો નીચે પ્રમાણે આપ્યાં છે:-

૧. ગંગા ૨. યમુના ૩. સરસવતી. ૪. શુતુદ્રિ ૫. પરૂષ્ણિ ૬. મરૂદ્વ્રધા ૭. અરજીકીયા.

હવે પંજાબમાં પાંચ નદી નહીં પણ સાત હતી. તે વિશે વિદવાનો નીચે પ્રમાણે જણાવે છે:-

૧. સિંધુ ૨. વિતસતા ૩. અશીકની ૪. પરૂષ્ણિ ૫. વિપાશ્ચ ૬. શુતુદ્રિ ૭. કુભા

હવે એ સાત નદીઓમાં બે નદીઓ કઈ કઇ સાથે જોડાઇ છે તે વીશે વીદવાનો નીચે પ્રમાણે જણાવે છે:-

૧. કુભા તે સિંધુ સાથે મલી ગઇ છે.

૨. શુતુદ્રિ વિપાશા સાથે મલી ગયાથી બાકી પાંચ નદી રહી તે નીચે પ્રમાણે છે:-

૧. સતલજ ૨. બિયા ૩. રાવી ૪. ચીનાબ ૫. જેલમ.

(૧૯.) હવે વેદના જમાના વીશે જુદા જુદા વિદવાનો જે મતો આપી જાય છે તેમાં પ્રોફેસર ડાકટર મારટીગ હાઉગ જે અવસ્તા અને સંસ્કૃત ભાષાનો મોટો અભ્યાસી હતો તે વેદનો જમાનો આજ ૪૦૦૦ વરસ ઉપરનો જણાવે છે.

પ્રોફેસર ડાકટર મીલ્સ જેણે ગાથાનો તરજુમો બાહેર પાડયો છે તેમાં તે વેદનો જમાનો ૪૦૦૦ વરસ ઉપરનો જણાવે છે. વળી જાણીતો વેદ શાસ્ત્રી મેકસ મુલર વેદનો જમાનો ૩૦૦૦ થી ૩૫૦૦ વરસ ઉપરનો જણાવી જાય છે.

વળી ડાકટર બુયુલહાર નામનો એક વિદવાન વેદનો જમાનો ઇ. સ. પુ. ૧૨૦૦ વરસો ઉપરનો જણાવે છે. ત્યારે બાલગંગાધર તીલક નામનો પુણાનો એક શાસ્ત્રી વેદનો જમાનો ૪૦૦૦ થી ૬૦૦૦ વરસ ઉપર મેલે છે. તેમ વળી મી૦ રોમેશચંદર દત્ત નામનો શાસ્ત્રી ૩૩૦૦ થી ૩૯૦૦ વરસ ઉપર જણાવે છે.

ડાકટર ડબલ્યુ ડબલ્યુ હંટર સી. આઇ. ઇ., એલ. એલ. ડી. એ હીંદુસ્થાનના લોકોના ટુંક ઇતિહાસવાળા પુસ્તકને સફે ૪૯ માં વેદ કાલની બાબદ વિશે એમ લખે છે કે:—

આર્ય લોકો પ્રથમ પંજાબમાં વસ્યા તેનું મોટું સમારક પુસ્તક ઋગ વેદ છે. એ પુજનીય મંત્ર ગ્રંથ કયારે બન્યો તે જાણવામાં આવયું નથી. પુરાવા વિના હીંદુઓ માને છે કે તે અનાદી છે અથવા ઓછામાં ઓછાં ઇસ્વી સનની પેહેલાં ૩૦૦૧ એટલે આશરે ૫૦૦૦ વરસ ઉપર બનેલો છે. યુરોપીઅન પંડીતો ખંગોળ વિદ્યાથી મળેલાં વરસો પરથી અનુમાન કરે છે કે ઇસ્વી સનની પુર્વે સુમારે ૧૪૦૦ વરસ ઉપર તેનું રચાવવું ચાલતું હતું. વેદ લખતી વખતે પુરાતન કાલમાં બનેલી ગ્રહનાદિ બીનાઓ જ્યોતિષ ગણુતરીથી ઉપજાવી તેમાં દાખલ કરી, વેદ જાણે તેજ પુરાતન કાલમાં રચાયા હોય એવો તેને ભાસ આપેલો લાગે છે. આપણે એટલુંજ જાણીએ છીએ કે ઇસ્વી સન પેહેલાં છઠ્ઠા સૈકામાં બુદ્ધ ધર્મનો ઉદય થયો, તે પુર્વે ઘણા સમયથી વેદનો ધર્મ ચાલતો હતો. ઋગ વેદ સહિતા એ ઘણો પ્રાચીન કાવ્ય સંગ્રહ છે. એમાં ૧૦૧૭ સુકતો છે તે સુકતોમાં ૧૦૫૮૦ મંત્રો છે.

(૨૦.) હવે વેદના જમાના સાથે જરથોસ્તનો જમાનો મલતો આવે છે કે નહીં તે તપાસીએ.

પ્રોફેસર ડાકટર મારટીગ હાઉગ જરથોસ્તનો જમાનો ઇ. સ. પુ. ૨૩૦૦ થી ૨૪૦૦ વરસ ઉપર યાને આજ સુધી ૪૧૦૦ થી ૪૨૦૦ વરસ ઉપરનો મેલે છે. વિદવાન શેઠ ખ. ર. કામાજી જરથોસ્તનો જમાનો પોતાનાં રચેલાં જરથોસ્ત નામામાં ઇ. સ. પુ. ૧૩૦૦ વરસ ઉપરનો યાને આજે ૩૨૦૦ વરસનો જણાવે છે.

પ્રોફેસર આપરટ જરથોસ્તનો જમાનો ઇ. સ. પુ. ૨૩૦૦ વરસ ઉપર યાને આજ ૪૦૦૦ વરસ ઉપર જણાવી જાય છે.

મી૦ જમશેદજી પાલનજી કાપડીઆ પોતાની 'તવારીખે કદીમ ઇરાન'વાળાં પુસ્તકમાં જરથોસ્તનો સને ઇ. સ. પુ. ૨૬૦૦ વરસો ઉપર યાને આજ ૫૪૦૦ વરસો ઉપર મેલે છે. મી૦ પાલનજી બરજોરજી દેશાઇ જેવણુ પુરાતન તવારીખના ખાં ગણાય છે તેવણુ પોતાની તવારીખે શાહાને ઇરાન' નામનાં નામીચાં પુસ્તક પેહેલા ને સફે ૭૬ માં જરથોસ્તનો જમાનો ૪૫૫૩ વરસ ઉપર મેલે છે. ડાકટર કર્લ ગેલડેનર જરથોસ્તનો જમાનો ઇ. સ. પુ૦ ૧૪ મી સદી ઉપર મેલે છે.

ઉપલા સર્વે વિદવાનોએ જરથોસ્તના જમાનાની બાબદ ગાથા અને વેદના લખાણો અને તેમાં આવેલી બાબદો ઉપરથી ઉપજાવી કહાડયો છે. તે ઉપરથી આપણને એમ જણાય છે કે જરથોસ્તનો જમાનો અને વેદનો જમાનો એક બીજાને ઘણોખરો મળતો આવે છે.

(૨૧.) પેગમબર જરથોસ્તને ઋગવેદમાં દુશમનીથી ઘણો બોલકણો રાક્ષસ એવું નામ આપ્યું છે અને તેને અગનીથી બાળી ભસમ કરી નાખવો જોઇએ ! એમ તેમાં જણાવે છે.

ઋગ વેદના ૭ માં મંડલના ૧ લા સુકતની ૭ મી રીચા તથા ૭ માં મંડલનાં ૯ માં સુકતની ૬ થી રીચા અને ૧૦ માં મંડલના ૮૦ માં સુકતની ૩ જી રીચામાં જરથોસ્ત વિશે જે બાબદો આવેલી છે તેના સ્લોકનો તરજુમો નીચે પ્રમાણે ટાંકી જણાવ્યો છેઃ—

॥ विश्वा अग्नेऽपदहारातीर्येभिस्तपोभिरदहो जरूथं ॥

॥ प्र निस्वरं चातयस्वामीवां ॥ ७—१—७

૧ અરે ! ઓ અગ્નિ ! જે ગરમીથી જરૂથરને બાળી નાંખ્યો, તે ગરમીથી (અમારા) સઘળા દુશમનોને તું બાળીને ભસમ કરી નાંખ અને દરદનો સદંતરજ નાશ કરી નાખ, કે જેથી તેની ગરમી નાબુદ થઇ જાય.

॥ त्वामग्ने समिधानो वसिष्ठो जरूथं हन्यक्षि राये पुरंधिं ॥

॥ पुरुणीथा जातवेदो जरस्व यूयं पात स्वस्तिभिः सदा नः ॥—७—९—६

૨. અરે ! ઓ અગ્નિ વસવત (રૂષિએ) તુંને રોશન કરીને જરૂથનો નાશ કીધો. તું હમારી એબાદતને પુરનધીને પોંહોંચાડ કે તે (દેવી અમોને) દોલત બખશે અને ઓ અગ્નિ ! એક મોટું ગાયણ કર. અરે ! ઓ ! (દેવતાઓ) અમોને આશીરવાદ દઇને અમારો બચાવ કર.

॥ अग्निर्ह त्यं जरतः कर्णमावाग्निरद्भ्यो निरदहज्जरूथं ॥

॥ अग्निरत्रिं घर्म उरुष्यदंतरग्निर्नृमेधं प्रजयासृजत्सं ॥१०—८०—३

૩. પેલા જરતકણીને અગ્નિએ બચાવ્યો અને પાણીના વાદલાંઓમાંથી નીસરી આવીને જરૂથને બાળી નાંખ્યો. એક બળતાગારમાં અત્રી જે પડેલો હતો તેનો અગ્નિએ બચાવ કર્યો. અને નૃમેધને છોકરાં છોકરાં બખશીઆં.

ઋગ વેદમાં જરથોસ્તને 'અસુર' લોકોનો મહાન રૂષિ જરૂથ કરી કહે છે. તેને ઈંદ્રનો દુશમન તરીકે ગણ્યો છે. હવે ઇદ્રનું નામ વંદીદાદની ૧૯ મી પરગરદમાં આવેલું છે. તેઓએ તેને અરદીબેહેસ્ત અમશાસ્પંદની વીરૂધનો ગણ્યો છે અને બીજા દેવોની સાથે અહરેમનનો સાથી ગણ્યો છે. વળી પેહેલવી બુનદેહશમાં એને દેવ ગણ્યો છે. એની ઉપર 'અષવહિસ્ત' ગાલેબ થતો જણાવ્યો છે.

હવે ઉપલા શ્લોકમાં જરથોસ્તને અગ્નિમાં બાળી નાંખેલો જણાવે છે. તે વિશેનો એસારો દસતુર જરથોસત બેહેરામે જરથોસતનાં જીંદગીનો એહેવાલ લખ્યો છે, તેમાં એક ગમ જરથોસતની બચગી વેળા તેના દુશમનોએ તેને ઉંચકી લઇ જઇને આતશની ચેહેમાં નાંખ્યો હતો. પણ એક મોજેજાની માફક તેમાંથી સહીસલામત પાછો જીવતો નીકળ્યો હતો, એમ તેમાં જણાવે છે. વળી વંદીદાદની ઓગણીસમી પરગરદ ઉપરથી જણાય છે કે જરથોસતનાં

---

૧. સસંકૃતમાં "जरतउत्तर" એટલે વડો ધર્મગુરૂ તેમ વલી "ग्रतउत्तर" એટલે સ્તુતી સરસ (ગાથા) ગાનાર એવો અરથ ડા૦ હાઉગે કરયો છે.

દુશમનો તેને મારી નાંખવાની કસદ કરતા જણાય છે. પણ તેઓ તેમ કરવામાં નિશફળ ગયા હતા.

વળી ત્રીજા સલોકમાં પાણીના વાદળાંઓમાંથી વીજળીએ નીકળી આવી જરથોસતને બાળી નાંખ્યો એમ જણાવે છે. એને મળતો અહેવાલ મીસર દેશના પુરાતન લેખોમાં જરથોસતના મરણ વીશે એમ જણાવે છે કેઃ-"જરથોસતે ખોદા પાશેથી એવું માંગી લીધું કે મારો જાન મારા શરીર ઉપર વીજળી પડવાથી કબ્જ થાય." આ જરથોસતની મુરાદ ખોદાએ બખશી હતી. આ ઉપરથી જણાય છે કે ઋગ વેદમાં જરથોસતના મરણનો ઇશારો મીસરવાળા લેખોના વિચાર સાથે એક બીજાને મળતો આવે છે.

ઊપલા ત્રણ સ્લોકનો અહેવાલ સને ૧૮૮૦ નાં 'બેંગાલ મેગેઝીન'ને સફે ૩૫૭ માં આવેલો હોવાથી મી૦ જમશેદજી પાલનજી કાપડીઆએ પોતાના 'તવારીખે મલુકે તવાયફે જરથોસતીઆંન' નામના પુસતકને સફે ૩૦૭ માં આપેલો છે.

(૨૨.) ઈરાની આરયનોથી હીંદુ આરયનો કેમ છુટા પડયા તે બાબે વિદવાનોએ આપેલા વીચાર નીચે પ્રમાણે છેઃ—

પ્રોફેસર વીલહેમ ગાઇગર નામના જાણીતા કાબેલ જરમન વીદવાને પોતાનાં "કદીમ વખતના પુર્વ તરફના ઇરાનીઓનો સુધારો" એવે નામના પુસતકમાં એમ જણાવે છે કે જરથોરતના સુધારાથી કરીને ઇરાની આરયનોમાં બે તડાં પડયાં હતાં, જેઓ એક બીજાની સાથે બહુ બળતવારીથી લડતા હતા. આ લડાઇ બાબે ખુદ ગાથામાંથી શાહદતો મળે છે અને તે જમાનામાં ઇરાની આરયનોની નહી પણ મજદીયસની જરથોસ્તી ધર્મવાલાઓની હાલત બહુજ બારીક થઇ પડી હતી. પણ આસ્તે આસ્તે જરથોસ્તીઓની હાલત મજબુત થતી ગઇ; અને તેઓના પક્ષકારો વધતા ગયા અને સેવટે એ ધર્મવાલાઓ પોતાના હરીફો ઉપર ફાવ્યા અને તેમના શત્રુઓ તેઓને તાબે થયા.

(૨૩.) રેવરંડ ડાકટર જૉન વીલસને ત્રણ હજાર વરસ ઉપરનો 'હીંદીઆ' એવે નામના પોતાના પુસ્તકમાં આરય હીંદુઓ અને ઇરાની આરયો વીશે જણાવતાં એમ લખે છે કેઃ—

વેદો ઇસુખ્રીસ્તીના આવ્યા અગાઉ સુમારે બારશોથી તે પંદરસો વરસ ઉપર લખાયા હતા. જે લોકોના ધર્મનું વર્ણન એ વેદોમાં કીધેલું તે લોકોને 'આરય'નું નામ એ વેદોના પુસ્તકમાં આપેલું છે. 'આરય' બોલનો અર્થ આબરૂદાર લોકો એમ કેટલાકો કરે છે. પણ વીદવાન લોકો ઘણું કરીને અસલી ઇરાનના વસનારાઓને એ નામ આપે છે.

આરય લોકો અવલ ઇરાનની જમીનમાંથી નીકળેલા હતા, તેમાં કશો સંદેહ નથી. એ લોકોના બે મોટા ભાગ થઇ ગયા હતા, તેઓમાંના એકે પોતાની અસલ જમીન છોડી દઇ હીંદુકુશ પર્વતો ઓળંગીને કાબુલને માર્ગે પંજાબમાં સીંધુ નદીના કાંઠાપર પોતાની વસ્તી કીધી અને બીજો ભાગ એટલે કદીમ ઇરાનીઓ જેઓની નસલ હાલના પારસીઓની છે, તેઓએ જયારે જોયું કે એ નીકલી ગયેલા લોકોએ પોતાનું નામ 'અરય' રાખયું છે ત્યારે તેઓએ પોતાને 'એરીય વેઇજો' એટલે ખાસ અથવા ખાલેસ 'આરય' એવું નામ આપ્યું હતું. એ નામ વંદીદાદની પેહેલી પરગરદમાં આવેલું છે.

એ ઉપરથી આપણે જોઇએ છીએ કે પારસીઓ તથા બ્રાહમણો અસલના વખતમાં એક કુલ તથા એક જાતના હતા, એટલુંજ નહીં પણ એઓનો ધર્મ પણ એકજ હતો. અવસ્તાની વાતોને વેદની વાતોમાં કેટલોક સંબંધ દેખાય છે. જયારે આરય બ્રાહમણો હાથની બનાવેલી મુરતીઓ તથા પુતલાંઓને માનવા લાગ્યા ત્યારે ઇરાની એરીયનોએ તેઓને ધીક્કારી કાઢી તેઓની સાથનો સંબંધ તોડી નાંખયો હતો.

(૨૪.) રેવરંડ કલોડ નામના એક વીદવાન ગ્રંથકારે 'ધી ચાઇલ્ડહુડ ઓફ રીલીજીઅનસ' એવે નામના પોતાના પુસ્તકમાં ૧૩૩ મે સફે 'આરય ધર્મ' કેવો હતો તેનું વર્ણન આપતાં કેવી રીતે આરય હીંદુઓ અસલી ઇરાની આરયથી જુદા પડયા હતા તે વીશે જણાવે છે કેઃ—

અસ્લી આરયો જે ધરમ પાલતા હતા તે ધરમમાં મુળતત્વોની આરાધના કરવાની હતી, અને જે શકતીઓ તેઓની આસપાસ કામમાં રોકાયલી જોવામાં આવતી હતી તે શક્તીઓની આરાધના કરવામાં આવતી હતી. 'ખોદા એકજ છે' એવો પેગામ આપીને ખોદા જે માણસોને કવચીતજ આ દુન્યામાં મોકલે છે, તેવા માણસોમાં જરથોસ્ત સીવાય બીજો કોઇબી માણસ પેહેલી પંકતીપર આવતો નથી. તેના જણાવ્યા પ્રમાણે તેને તેના ઇરાન દેશના ધરમને સુધારવાનું અને એક ધર્મ કે જે 'આરય ધર્મ'માં સૌથી મોતેબર થઇ ગયો હતો તે ધરમનો પાયો નાખવાનું મોટું કામ તે ખોદા તરફથી સોંપવામાં આવ્યું હતું.

જે લોકો વધારે જુના અને વધારે હલકા ધર્મને વળગી રહયા હતા, તેઓ જબરીથી એ નવા ધર્મની સામે થયા હતા. પણ ઝગડાનું સેવટ એ સઘળા સામે થનારાઓની હારમાં આવ્યું; અને આખરે તેઓ જરથોસ્તી ધર્મ પાળનારાઓથી સેવટે જુદા પડયા. એવું માનવાને કારણ છે કે જે આરય જાતે એ નવો ધર્મ માનવાને ના પાડી હતી, તેઓ હીંદુકુશના ઉંચા પરવતોની હારોમાં આવેલી 'પાસો' ઓળંગી ગયા હતા અને પેહેલાં પંજાબમા વસવાટ કરીને આસ્તે આસ્તે ગંગા નદીની ખીણો તરફ ધસ્યા ગયા હતા, અને વખત જવે આખા હીંદુસ્થાન ઉપર વીખરાઇ ગયા હતા.

મારે કહેવું જોઇએ કે જુના ધરમ અને જરથોસ્તે ઉપદેશ કીધેલા ધર્મ વચ્ચે એટલો કડવાસ વધી ગયો હતો કે વેદશાસ્ત્ર જે કવીતા રૂપે રચાએલું છે અને જેમાં દેવતાઓનાં જે નામ આવે છે તે દેવોના નામો તરીકે અવસ્તામાં ઓળખાયલા છે. તેમાં ઇંદ્રને એક ખરાબ પ્રાણી તરીકે ગણ્યો છે; જ્યારે વેદ ધર્મમાં 'અહુર'ને દેવ તરીકે ઓળખવામાં આવ્યો છે.

વેદ ધર્મના દેવતાઓ જરથોસતી ધર્મમાં ફરેસતાઓ તરીકે ઓળખાયલા છે અને જેઓએ વેદ ધર્મ છોડી જરથોસતી ધર્મ કબુલ રાખ્યો હતો તેઓને સોગંદ લેવા પડતા હતા કે હવે પછી કદીબી દેવતાઓની પુંજા કરીશ નહીં.

(૨૫.) રેવરંડ એલ. એચ. મીલસે ગાથાનો તરજુમો બાહેર પાડવાથી તેનો ગુજરાતીમાં તરજુમો એ. મેહેરજીભાઇ પાલનજી માદન જેવા ઉદયોગી અથોરનાને છપાવી પ્રગટ કર્યો છે તેમાં યજશનેના ૩૨ માં હામાં "વીપત્તિઓ વચ્ચે જરથોસ્તી ધર્મના ફેલાવા માટેની લડત ચાલુ રાખવામાં આવે છે" એવાં મથાળાં નીચે એ હામાં આવેલી બાબદની સરેહ આપતાં તેનો કર્તા ૧૩ માં ફકરામાં નીચે જણાવેલા વિચાર આપે છેઃ—

જે લડત જરથોસ્તીઓ અને દેવ પરસતીઓ વચ્ચે ચાલતી હતી તે લડતની મુખ્ય સમજ મેળવવાને આપણને કાંઇક આધાર આ ઠેકાણે મળે છે. એમ ધારી શકાય કે દેવ પરસ્તીઓ અને જરથોસ્તીઓ વચ્ચે તેમના ધરમમાં ઘણીક ક્રીયાઓ વગેરેમાં ઘણું મળતાપણું હતું પણ દેવપરસ્તીઓ બે ઇશ્વરી મત યાને 'સ્પેનતમઇન્યુશ અને અંગ્રહમઇન્યુશ' વચ્ચેનો તફાવત સમજી શકતા અથવા કબુલ રાખી શક્તા ન હતા. મુરતી પુજકોની પેઠે તેઓ પોતાના દેવતાઓને પણ સામેલ કરતા હતા. બંન્ને પક્ષો વચ્ચે ભાષાણો તથા હથિઆરો વડે ધરમના ફરમાનો બાબે સખત લડાઇ ચાલતી હતી. હું ધારૂં છું કે સપાટી ઉપર એક સરખા લાગતા ધરમોના બે પક્ષો વચ્ચે લડાઇ ચાલતી હતી અને દરેક પક્ષ પોતાનાધર્મને વાજબી ગણાવવા માંગતો હતો.

વીરૂધવાળાઓને પોતાના કાવા દાવાથી મદદ કરવા આવેલા 'કવીઓ' પગભર થવા સામે અપ્સોસ કરી જરથોસત જણાવે છે કે આતશને રોશન રાખનારા ધર્મ ગુરૂ ગાયોને આશીરવાદ દેવાને બદલે નુકશાન કરશે એવું જુઠું સમજાવે છે.

પણ તે (જરથોસત) દીલાસો લઇ બોલે છે કે આખરે મને ફતેહ અને બદલો મળશે. જે વેળાએ મને તથા મારા સાથીઓને બંન્નેને અમશાસપંદો પુપકળતા (હઉરવતાત) અને અમરગી (અમેરેતાત) જેઓ બેહેસ્તમાં મળતા સુખના પ્રતિનિધીઓ છે તેઓ બેહેસ્તમાં લઇ જશે.

સેવટે તે (જરથોસત) પોતાની સઘળી ઊમેદ બર લાવવા માટે 'અહુર' ઉપર ભરોસો રાખે છે કે જે સઘળા બનાવો રૂપર કાબુ રાખી શકે છે અને સઘળા શકનો ખુલાસો આપે છે તથા પોતાના નોકરોને મોહડેથી સલાહ તથા હુકમો આપી પાપીઓને સજા કરવાના કામમાં મદદ કરશે.

(૨૬.) આરય હીંદુઓ ઇરાની આરયોથી કેમ છુટા પડયા તે વીશે વિદ્વાન હીંદુ લખનારાઓનાં વીચાર નીચે પ્રમાણે જણાવ્યા છે:—

રાજ્યમાન રાજશ્રી કવિ નર્મદાશંકર લાલશંકરે પોતના 'નર્મગદય' નામના પુસ્તકમાં સફે ૩૭૭માં જરથોસ્તનું જન્મ ચરિત્ર ટુંકમાં જણાવતાં લખે છે કે:—

જરથોસ્ત ઇ. સ. પુર્વે ૫૨૦ મા વરસ ઉપર તેહેરાનની પાસે રએ શેહેરમાં જન્મયો હતો. ઇરાનમાં 'માજી' નામના (આર્ય) ધર્મ ગુરૂઓ જેઓ લોકોને પાખંડ ધર્મ સમજાવતા હતા તેઓએ ઇરાનના રાજ્યમાં મોટી સત્તાઓ મેળવી હતી. જરથોસ્તે પોતાના ધર્મશાસ્ત્રનું પુરતું ગ્યાન મેળવીને લોકો સાથે તકરાર ચલાવી હતી, અને મુરતીપુંજા તથા જાદુ વગેરે વેહેમો સામે થઇ એક નીરંજન ઇશ્વરના સદાચરણોનો ઉપદેશ કીધો. તે ઉપરથી તેના ઘણા શત્રુઓ થયા. પણ તે જે બોધ દેતો હતો તે તેણે બંધ પાડયો નહીં. તેણે બલ્ખ શેહેરમાં જઇને કેટલાકોને પોતાના મતમાં સામેલ કીધા અને ઇરાનના રાજા ગુસ્તાસ્પે એક મોટી સભા ભરીને સઘળા ધર્મવાળાઓને એકઠા કર્યા અને તેમાં જરથોસ્તને પણ બોલાવ્યો. એણે તેઓ સાથે તકરાર કીધી અને તેઓને હરાવ્યા હતા. તે પછી ગુસ્તાસ્પને કેટલાકોએ ભમાવ્યાથી જરથોસ્તને કેદ કર્યો હતો.

હવે એવું બન્યું કે ગુસ્તાસ્પ આજારી પડયો અને ઘણાક ઉપાયો કીધા, પણ સાજો થયો નહી. ત્યારે જરથોસ્તે કહેવાડયું કે તમે અને દેશના લોકો મારો ધર્મ કબુલ કરો તો હું તમારૂં દુઃખ ટાળું. ગુસ્તાસ્પે તેના સખુન કબુલ કર્યાથી જરથોસ્તે તેના મનની સમાધાની કરી તેની પીડા મટાડી હતી. એ રીતે જરથોસ્તે ચાળીસ વરસની ઉમરે પોતાના દેશીઓને નવો ધર્મ સમજાવ્યો અને સીતોતેર વરસની ઉમરે એક શતરૂ રાજાની તલવારના ઘાથી મરણ પામ્યો હતો.

(૨૭.) રાજ્યમાન રાજશ્રી કાલીદાસ દેશાઇ નામના હીંદુ પંડીતે 'મુકત મુકતી શાસ્ત્ર' એવે નામના ગ્રંથમાં સફે ૨૦૧ માં અસલી આરય ટોળો એક બીજાથી કેમ છુટો પડયો તે બાબદ જણાવતાં લખે છે કે:—

ઝંદ ભાષાના જરથોસ્તી ધર્મમાં જુનામાં જુની ઉત્તમ 'ગાથાવાણી' નામનો ગ્રંથ છે ને એના પછી કીયા કર્મનું ગ્યાન આપવા 'વંદીદાદ' નામનો ગ્રંથ ઉતપન્ન થયેલો છે. તોપણ ઝંદ અને સંસ્કૃતમાં થોડોજ ફેરફાર રહેલો છે. તેથી કરીને ધર્મ ક્રિયા, ચાલચલણ, રૂઢી વગેરે માટે આર્ય (હીંદુ) પ્રજાને મલતું છે; કારણકે સંસ્કૃતનો 'વેદ' ને ઝંદની 'ગાથાવાણી' એ બેઉ જુનામાં જુના ગ્રંથો છે આરયો પોતાના ધર્મને એકજ ઇશ્વરને માનનારો ધર્મ તેજ

'વેદ ધર્મ' કહે છે, તેમ જરથોસ્તીઓ પોતાના એકજ ઇશ્વરને માનનારા ધર્મને 'માજદીયસ્ની ધર્મ' કહે છે. આરયો અને જરથોસ્તીઓ ઘણા જુના વખતમાં સાથે રહેતા હતા ત્યારે 'શીવ' પુંજા કરતા હતા. પણ જ્યારથી જુદા પડયા ત્યારથી ધર્મની ખરાબી થઇ. સારાંશ એકે ઇ. સ. પુ. ૬૫૦૦ વરસ ઉપર હજરત જરથોસત પેગંમબર થયા પછી તેણે મુખ્ય મોટા ટોળામાંથી મુરતી પુંજાનો રેવાજ કાઢી નાંખ્યો તેથી આરય પ્રજામાં બે મોટ તડાં પડી ગયાં અને માંહોમાંહે દુશમનાઇ થવાથી ફાટફુટની શરૂઆત થઇ. તે પછી હજરત જરથોસ્ત પેગમબરે અનેક શબ્દોના અર્થો ફેરવી નાંખ્યા અને પોતાના ધર્મને અને ટોળાને સૌથી ચઢીઆતો ઠેરવીને બીજી પક્ષવાળાઓને ધીક્કારી કાઢયા. અને પોતાના ધર્મને 'અશુર' (હુર) ધર્મ એટલે પવિત્ર, ખોદાઇ, અને સાચો ગણ્યો છે, અને પોતાના ટોળાને સાચો, પવિત્ર સર્વમાં સરસ ગણ્યો છે.

જ્યારે જરથોસ્ત પેગમ્બર પેદા થયો ત્યારે તેણે તમામ આરય ટોળાની સર્વ પ્રજાને એક કરી એવું જ્ઞાન આપ્યું કે પરમેશ્વરની રાગાટ, નીરંજન સઘળું તે જાણનાર છે અને તેવણ અવતાર લેતા નથી.

(૨૮.) ઇરાનીઓ અને આર્ય હીંદુઓ કેવી રીતે છુટા પડયા તે વીશે પ્રોફેસર ડાર્મેસ્ટેટર પોતાના રચેલા વંદીદાદવાળા પુસ્તકના દીબાચો સફે ૫૭-૬૨ માં નીચે પ્રમાણે જણાવે છેઃ—

"અસલમાં હીંદુઓ અને ઇરાનીઓના બાપદાદાઓનો ધર્મ એકજ હતો. એ ધર્મ બે ચીજ શીખવતો હતો. એક એકે કુદ્રત પોતાનું કામ કાયદા મુજબ કરી જાય છે; બીજી એકે કુદરતમાં ચાલુ લડાઇ છે, એટલે કુદરતમાં જેમ સુલેહ તેમજ ઝઘડો ચાલુ છે. કુદરતમાં કાયદો છે તે આ ઉપરથી જણાય છે કે સઘળું પોતાના વખત પ્રમાણે ચાલતું, ફરતું, બદલાતું જાય છે. દહાડાની પુઠે દહાડા, રૂતુની પુઠે રૂતુ, વરસોની પુઠે વરસો ચાલ્યાં જાય છે. સુર્ય ઉગી, માથે આવી, અસ્ત પામે છે; તેની પુઠે સાંજ પડી રાત થાય છે, અને વળી તેનો અંધકાર દફે થઇ બામદાદ થઇ ખોરશેદ પ્રકાશે છે. ચંદ્ર પોતાની ઠરાવી આપેલી મુદતે દેખાય છે, અને પંદર દીવસો પછી ગેબ થઇ જાય છે. રાતેજ તારાઓ પ્રકાશે છે, અને દીવસે આફતાબની રોશની નીકળતાં તેઓ ગોયા છુપાઇ જાય છે. એ સઘળું કરનાર કોઇ જોઇયે, અને તે કરનાર એક કીર્તાર છે, એમ તેઓએ માન્યું. પણ કુદરતમાં જેમ આ જાતની સુલેહ, શાંતી, ફાયદો છે, તેમ વળી કુદરતમાં મારફાડ, ઝગડો, લડાઇ પણ છે. એ લડાઇ રોશની અને અંધકાર વચે છે; ભલાઇ અને બુરાઇ વચે છે; સારા અને માઠા દેવતાઓ અથવા દેવતાઇ શકિતઓ વચે છે. એ લડાઇ રોશનીની ચોરી માટે, પાણીની લુટ માટે, વસ્તી વાડીના નાશ માટે ચાલે છે. બુરા દેવતાઓ અથવા દેતો રોશની ચોરી જાય છે, પાણી લુટી જાય છે, આબાદીનો નાશ કરે છે, તેઓ પાસેથી રોશની પાછી મેલવવા, પાણી પાછું કહડાવવા, વૃદ્ધીનો વધારો થવા દેવા માંટે ભલા દેવતાઓ અથવા શકતીઓ જાથુકની લડાઇ ચલાવે છે, અને અંતે ફતેહ મેલવે છે.

આ રીતે હિંદુ અને ઇરાનીઓના બાપદાદાના અસલ મજહબનો ભાવાર્થ હતો. તેમાં બારીકીથી જોતાં અનેક દેવતાઓ કે ઇજદોનાં પડોની હેઠે એક ખોદાની હયાતીનો વિચાર છુપેલો રહેલો જણાતો હતો, તોંજોકે એકેકની હરીફાઇ કરનારી બે શક્તિઓને તેઓ સાબેત માનતા હતા. પણ આ વિચાર હીંદુ આર્યો અસલી વતન (આર્ય વૃત) અને અસલી વડવાઓથી છુટા પડી દુર જતા ગયા તેમ છોડતા અને ભુલતા ગયા. તેઓએ પોતાની નવીજ કલપના ઉઠાડી, અને તેને ખીલવી. અને તેમ થયાથી અસલી ધર્મનો છુપો એતેકાદ તેમનાં મનમાંથી કેવલ નાબુદ થયો. તેઓના ભાઇબંધ ઇરાની આર્યો હતા, તેઓ પોતાના અસલી

નેયાગાનોના ધર્મને વલગી રહયા. તેઓ ઉપલો એતેકાદ ભુલયા નહિ. તેઓએ તે વિસરી જવાને બદલે તેને વધારે ખુલ્લો કીધો. તે છુપ્યો હતો તેને તેઓએ જાહેરમાં આણુયો. તેઓ-એ પણુ રફતે રફતે પોતાની કંઇક નવી કલપના ઉભી કીધી તોપણુ તેઓએ એક ખોદાના પુરાણા વિચારને છોડી નહિ દેતાં તે કલપનાને વધારે ખીલવીને મજબુત કીધી. તેઓએ અસલી આર્ય ધર્મના દેવતાઓને તજી દીધા નહિ, તોપણુ એક ખોદાને બીજા સર્વ ઇજદોનો વડો ગણુયો. અસલી આર્ય ધર્મમાં એ ખોદા "વરન" (યાને સર્વ ઘેરી લેનાર આકાશ)ને નામે, અથવા "અસુર" (અહુર યાને 'ધણી') અસુર વિશ્વ વેદસ (યાને સર્વજ્ઞ પિતા) અસુર મજધા (અહુરમજદ યાને માહાગ્નાની સાહેબ)ને નામે ઓલખાયો હતા.

વડો દેવતા ત્યારે પુરાણા આર્યોમાં "અસુર" નામનો હતો, જેને ઇરાની આર્યોએ પોતાનાં દેવતા મંડલમાં કાયમ રાખ્યો, અને તેને "અહુરમજદ"ને નામે ઓલખવા લાગ્યા. દેખઇતા ખોદા દાખલ તેનું અસલ નામ "વરન" (સર્વને રક્ષણુ હેઠલ લેનાર આકાશ) હતું તે દેવમાં "વરૂણુ"ને નામે જલવાઇ રહયો છે, પણુ ઇરાની આર્યોએ પોતાનો ખોદા દેખઇતો કલ્પ્યો નહિ, પણુ તેને અણુદીઠ ગણ્યો, અને તેથી વરન નામ પડતું નાખી તેઓએ તેને મનસ્થ યાને મનમાંજ પીછાની શકાય એવું ઉપલું "મજદા" નામ કાયમ રાખ્યું. વરન નામ તેઓ પાછલથી કેવલ ભુલી ગયા. આકાશને માટે તે એક શબ્દ થઇ પડયો; અને સેવટે વરન તે જાણે આકાશ નહી પણ કોઇ કલપિત મુલક હોય તેમ ગણી તેઓ તેને "વેરેન" ને નામે ઓલખવા લાગ્યા, અને દઇત્યોનું તેને રેઠાણુ ગણ્યું. એ રીતે અસલી વરન દેવતા ઇરાની આર્યોનાં મતમાંથી સદંતર જતો રહયો. (અસલી આર્ય પ્રજામાં દેવતાઓ (યજદો) માટે તેમજ બીજા ઝગડાઓ ઉઠવાથીજ તેઓમાં માહોમાંહે ફુટફાટ પડવાથીજ એક બીજાથી છુટા પડેલા જણાય છે.)

ભાગ બીજો.

અવસ્તામાં અને વેદોમાં આવેલી ઘણીક બાબદો એક બીજાને કેવી મલતી આવે છે તે વીશેની ટુકી નોંધ.

(૧.) જેમ અવસ્તામાં આતશને 'આતર' કરી કહયો છે તેમ મી૦ કુનત નામના વિદ્વાનના જણાવ્યા પ્રમાણે વેદમાં તેને 'હુતાસ' કરી કહયો છે.

(૨.) જેમ અવસ્તામાં આતશની સંભાળ કરનારાને 'આથ્રવન' કરી કહયો છે તેમ વેદમાં પણ 'અથ્રવન' કરી કહયો છે.[1]

(૩.) આતશની આરાધના અને તેની સ્તુતી આતશની નીઆએશમાં તેમજ યજશને ના ૩૬ માં 'હીઆ થવા આથરો વેરેજણા' નામના હામાં તેમજ વંદીદાદની ૧૯ મી તેમજ આઠમી પરગરદમાં આવી છે.

હવે ઋગવેદના આઠમાં મંડલની શરૂઆતમાંનું પેહેલું મંત્ર અગ્નિ (આતશની)ની સ્તુતીમાં જોડેલું છે અને તેમાં તેને આ સૃષ્ટિવાસી દેવતા ગણ્યો છે. વળી એજ વેદમાં બીજી ગમ તેને 'પ્રિતીપુરવક વાહાલા યજમાન' તરીકે ગણ્યો છે. વળી એને 'ઇશ્વર શકિતના પ્રદરશક રૂપ' તરીકે કહયો છે. અને એનેથી ઉતરતો દરજજો ઇંદ્રનો ગણ્યો છે. વળી એજ વેદનું પેહેલું સુકત (યાને પવિત્ર મંત્ર) જે અગ્નિ વીશેનું છે તેમાં આતશ વીશે એમ જણાવે છે કેઃ—

જેમ એક પીતા પોતાના પુત્ર ઉપર કૃપા રાખે છે તેમ તું અમારી ઉપર રાખજે.

વળી એજ વેદના બીજા મંડલના પેહેલાં મંત્રમાં અગ્નિ વીશે એમ જણાવે છે કેઃ—સર્વે જગતનો પતિ, મનુષ્ય માત્રનો ધણી, ડાહયો રાજા અને મનુષ્યનો પીતા, પુત્ર અને મિત્ર કરી કહયો છે, એટલુંજ નહીં પણ તેને બીજા સઘળા દેવતાઓની શક્તિ અને સત્તા સ્પષ્ટ રીતે અગ્નિને લાગુ પાડવામાં આવી છે. વલી એજ ઋગવેદમાં અગનીને (આતશને) સઘલા યજ્ઞોના ગુરૂ તરીકે સ્વીકારેલો છે. તેમાં એમ જણાવે છે કેઃ—

"અગ્નિ કે જે ઘણોજ પુરાતન, કુટુંબનો ગુરૂ, યજ્ઞનો ખાવીંદ, મુખ્ય ધર્મગુરૂ યાને હોતારી (જોતી) રોશનીનું મુલ તેને હું આરાધું છું."

વલી એજ ઋગવેદમાં અગની વીશે બીજું એમ જણાવે છે કે "અગ્નિથી દ્રવ્ય (રયિમ) (અથવા ગણયાન) મેલવી શકાય છે કે જે દીનપર દીન વધતુંજ જાય છે, અને જશ આપવા લાયક અને વીરોથી ભરપુર છે."

અથર્વ વેદમાં એકગમ અગ્નિ વીશે એમ જણાવે છે કે તે પૃથવીનો દીકરો છે, જેમાં તેને વાછરડા તરીકે અને તેની માતાને ગાયનાં નામો આપેલાં છે.

વલી અગ્નિ વીશે "શતપથ બ્રાહમણ" વાલાં ગ્રંથમાં એમ જણાવે છે કે "અગ્નીને પ્રજાપતી (પરમેશ્વર) દેવતાએ પેદા કર્યો છે."

વળી 'ધર્મ સહિતા'ના ૫૫ ના પ્રકરણમાં અગ્નિ વીશે જણાવે છે કેઃ—

---

[1] પરોફેસર મોનયર વિલ્યમ પોતાના પુસ્તકમાં આથ્રવન વિશે એમ જણાવે છે કેઃ—આથ્રવન નામનો એક ધર્મગુરૂ હતો, જેણે આતશને લગતી ક્રિયા શોધી કાઢી અને તે શખસ ઇરાનીઓ અને હિંદુઓ છુટા પડયા તે વખતની આગળ થઇ ગયો હતો. તે શખસથી ઉતરેલો અથ્રવન ટાળો ઉત્પન્ન થયો છે.

આ પૃથ્વી ઉપર સૌથી મોટો દેવતા અગ્નિ છે.

(૪.) વળી હીંદુઓના 'સામવેદ'માં અગ્નિ વીશે એમ જણાવે છે કેઃ—અગ્નિની બીજી રોશની, સુર્યમાં વસે છે. વળી બીજીગમ એમ જણાવે છે કે અગ્નિ સુર્યની માફક બે તેજ રાખે છે. એક સફેદ અને બીજી રાતી.

(૫.) જેમ જરથોસ્તીઓ આતશને ખોદાના નુર તરીકે ગણે છે તેમ હીંદુઓના 'ગીતા'માં અગ્નિ વીશે એમ જણાવે છે કેઃ-કૃષ્ણ અરજુનને [૧] એવી ખબર આપે છે કે ઇશ્વરનું સ્થળ અગ્નિની ચેહમાં છે.

વળી અગ્નિની બાબદ હીંદુઓની 'અગ્નિ હોત્રી' નામના શાસ્ત્રમાં પણ આવેલી છે.

(૬.) જેમ 'નઇરયો સંગ યજદ' આતશને લગતો યજદ છે કે જે અહુરમજદ તરફનો એક કાસદ તરીકે છે, તેમ વેદમાં એ યજદને 'નરાસાંસ' કરી જણાવ્યો છે, જે અગ્નિનું એક નામ છે અને તે કાસદનું પણ કામ કરે છે એમ પણ તેમાં જણાવેલું છે.

(૭.) જેમ અપામ નપાત નામનો યજદ જે પાણીને લગતો યજદ છે તેને વેદમાં 'નપાત' નામનો દેવતા જે વાદળાંઓને લાલ રંગના બનાવી વરસાદ વરસાવનાર આકાશી અગ્નિ કરી કહયો છે.

(૮.) વંદીદાદની ૨૨ મી પરગરદમાં તેમ મેહેર યસ્તમાં નઇરયોસંગ યજદને દેવો અને દરદોને દફે કરતો જણાવ્યો છે, તેમ વેદમાં એને દુસ્મનોને હાંકી કહાડતો જણાવ્યો છે.

(૯.) સુર્યની સ્તુતી ખોરશેદ યસ્તમાં તેમજ યજશને તથા વીસ્પરદ અને વંદીદાદની ચોથી પરગરદમાં કરવામાં આવેલી છે, તેને ઘણી ખરી મલતી બાબદ ઋગવેદ તથા સામવેદના જુદા જુદા મંડલોમાં સુર્યની સ્તુતિ કરવામાં આવી છે.

ઋગવેદના ૮ માં મંડલના ૬૩ માં સુક્ત (પવિત્ર મંત્ર)ના પેહેલા સ્લોકમાં સુર્ય વીશે એમ જણાવે છે કેઃ—

સુર્ય ઉગે છે, સુખદાતા, સર્વ જોનાર, મનુષ્ય માત્રને માટે એકજ જે મિત્ર અને વરૂણની આંખ છે અને તે દેવ જેણે અંધકારને જેમ ચામડાંનો વીંટો વાલે તેમ વાલી મુકયું છે.

વળી એજ ઋગવેદના ૭ મા મંડલના ૬૩ માં સુકતના ૪ થા સ્લોકમાં બીજું એમ જણાવે છે કેઃ-તે તેજસ્વી બોહોલો પ્રકાશ આપતો આકાશ ઉગે છે, અને પ્રકાશભર્યો પોતાના દુરના કામ ઉપર જાય છે. હવે માણસે પણ સુર્યથી હુશીઆરી પકડીને પોતાને સ્થાને અને પોતાને કામે જવું જોઇએ.

વળી એજ ઋગવેદના ૭ માં મંડલના ૬૦ માં સુકતના બીજા સ્લોકમાં બીજું વધુ એમ જણાવે છે કેઃ-દરેક વસ્તુ જે ગમન કરે છે અથવા સ્થિર ઉભી રહે છે, અને સઘળું હૈયાત છે તેનો રક્ષણ કર્તા છે.

(૧૦.) સુર્યની ખુબી વીશે વળી 'યજુર વેદ'માં પણ એમ જણાવે છે કેઃ-સુર્ય (અરજુન) કહે છે કે આ પૃથ્વી ઉપર ગરમીનું તપવું અને વરસાદનું પડવું મારી તેજી પ્રકાશ અને આકૃષણ શકતીથી બને છે અને વરસાદ પડવા પછી આ પૃથ્વી ઉપર સઘળી સદગુણી ચીજોનું ઉગવું અને અવગુણી ચીજો (ખરાબ હવા)નો નાશ મારી તેજી આકૃષણ શકતીથી થાય છે.

(૧૧.) જેમ યજશ્નેના પેહેલા હામાં સુર્યને અહુરમજદની આંખ તરીકે ગણ્યો છે તેમ ઋગ વેદમાં તેને દેવતાઓની આંખ તરીકે ગણ્યો છે.

(૧૨.) મિથ્ર અથવા મેહેરયજદને ઋગવેદમાં પણ મિત્ર કરી કહયો છે. મેહેર યસ્તમાં

---

૧. અરજુનને "માહાભારતમાં" એક મોટા પેહેલવાન તરીકે જણાવેલો છે.

તથા મેહેર નીયાએશમાં મિથ્રની શકતી, ખુબી અને સ્તુતી કરવામાં આવી છે. તેને લગતી બીના ઋગવેદમાં પણ આવી છે.

વેદમાં મિત્ર અને સુર્યને એક બીજાના નામથી પણ જણાવ્યો છે. અને તેઓ દીવશ ઉપરના મવકલ દેવતા છે એમ તેમાં જણાવે છે. ત્યારે મેહેર યસ્તમાં મિથ્રને સુર્યમાંથી નીકળતી મીનોઇ રોશનીના અલંકાર તરીકે ગણ્યો છે.

મિથ્રનું મુકામ મેહેર યસ્તમાં જણાવ્યા પ્રમાણે 'હરએરેઝઇતી' (અલબુરૂજ પહાડ)ની ટોંચ ઉપર એક પ્રકાશીત મકાન, તમામ બેહેસ્તને લગતાં સુખો સાથનું બનાવેલું જણાવે છે. ત્યારે વેદમાં મિત્રને માટે એમ જણાવે છે કે તે અને 'વરૂન' એ બંન્ને જણ ૧૦૦૦ હજાર થાંભલાવાળા એક સ્થિર મેહેલમાં રહે છે.

વળી મિથ્રને માટે ઉપલી યસ્તમાં બીજું એમ જણાવે છે કે તે એક ઘણીજ શોભીતી, પુશકલ ઝડપવાળી તથા શોનાની બનાવેલી 'રથ' (ગાડી)માં જાય છે તે રથને સફેદ મીનોઇ ખોરાકથી પોશાતા અમર્ગ ઘોડાઓ ઘસડી જાય છે. તેની ગાડીમાં તમામ હથીઆરો હોય છે.

ઉપલી મિથ્રને મળતી બીના વેદમાં મિત્રને માટેબી એમજ જણાવે છે કે મિત્ર 'વરૂન'ની જોડે રથમાં બેસીને ફરવા નીકળે છે કે જે રથ સુર્ય ઉગતી વખતે સોનેરી હોય છે તથા જેને ઘોડાઓ જોડેલા હોય છે.

વળી મેહેર યશતમાં મિથ્રને માટે વધુ એમ જણાવે છે કે તે ઘણોજ બળવંત, બહાદુર, વખાણવા લાયક, બોહોળાં ખેતરોનો સાહેબ ઇત્યાદી બાબદોથી જણાવેલો છે.

તેમ વેદમાં મિત્રને માટે લખે છે કે:— પાદશાહી સત્તા તથા કાબુવાળો, લશકરી બળવાળો, માણસોના કામોમાં ઉલટ આપનારો, આશીરવાદ પામેલો, ડાહયો, વખાણુ લાયક અને કઉવતમંદ તરીકે ગણ્યો છે. વળી એજ વેદમાં બીજીગમ મિત્રને માટે જણાવે છે કે:—તે મોટો જોરાવર, મદદગાર તથા પોતાની શકતી અને મોટાઇ વડે આકાશમાં ફરી વળે છે તથા પૃથ્વીને જોઇ વલે છે. તે રોશની અને સચ્ચાઇનો સરદાર છે. તે જુઠ્ઠાઓને ધિક્કારે છે તથા તેવાઓને કમ્મરમાંથી પકડે છે. વલી જેઓ તેના આશરાતલે છે, તેઓ લડાઇમાં દુશ્મનને હાથથી શીકસ્ત થતા કે કેદ પકડાઇ જતા નથી.

વલી સામવેદમાં મીત્ર અને તેના જોડયા 'વરૂન' વીશે એમ જણાવે છે કે:— 'મીત્ર અને વરૂન' તેઓ સ્વચ્છ રોશનીના રાજા છે. તેઓ પાસેથી ભગતી કરનાર ખોરાક અને મદદ મેળવે છે.

(૧૩.) જરથોસ્તી ધર્મમાં પાણી જેવી ઉમદા પેદાયશને ઘણી સ્વચ્છ રાખવા અને તેમાં કશીબી ગલીચ ચીજ નહીં નાંખવાનું જે સખત ફરમાન વંદીદાદની છઠ્ઠી ફરગરદમાં તેમ બીજા અવસતામાં આપવામાં આવ્યું છે તે ફરમાન પ્રમાણે આગલા કદીમ ઈરાનીઓ અને હાલના પારસીઓ ચાલે છે.

હવે હીંદુઓના યજુરવેદમાં પણ પાણીને સ્વચ્છ રાખવા જણાવ્યું છે. તેમાં લખે છે કે:— પાણીમાં ઓકવું નહી, તેમજ થુંકવું નહી, મેલમુત્ર કરવું નહીં; તેમજ તેમાં લોહી, વાલ (બાલ), નખ, હાડકાં અને રાખ નાખવી નહીં. (આ ફરમાન પ્રમાણે શું હીંદુઓ ચાલે છે ?)

(૧૪.) જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં જગેજગ ગાય ગોસપંદોની પરવરશી, સ્તુતી તથા આરાધના કરવાનું ફરમાન આપવામાં આવેલું છે. યજશનેના દશમાં હામાં ગોસપંદોને પુરતો ખોરાક આપવા તથા પુરતી જતન કરવા ફરમાવ્યું છે. તેમ કરવામાં ગફલતી કરનારને તે ગોસ્પંદો કેવી બદ દુઆ દે છે તે નીચેની બાબદથી જાણવામાં આવે છે. ઉપલા હામાં આવેલી બાબદનો અર્થ નીચે પ્રમાણે છે:—

"ગોસપંદોનું ભલું ચહાવું, તેઓને પુરતો ખોરાક આપવો. તેઓને સખત ઠંડી તથા ગરમી વેળા વસ્તરથી ઢાંકવાં, ને તેઓની માવજત કરવી. તેના બદલામાં તેઓ આપણુને દુધનો ખોરાક યાને પોતાનું દુધ અને બચ્ચાં આપે છે."

હવે જે માણુસોના હસ્તકમાં ગાય ઢોરો હોય ને તે જો પોતાના જનાવરોની પાસે સખત મેહેનત કરાવ્યા છતાં, મુગાં પ્રાણીઓને બરાબર ખોરાક નહીં આપે અને તેને ભુખે મારે યાને બીજી કોઇ રીતે તેઓની ઉપર જુલમ ગુજારે ત્યારે તે પોતાના માલેકની ઉપર કેવી મુગી હાય મારી બદ દુઆ દે છે તે વીશે યજશનેના અગીઆરમાં હામાં નીચે પ્રમાણે જણાવેલું છે:—

"તું વગર ફરજંદનો થાય! તું ધિક્કાર ભરેલી જીંદગીથી જીવજે. તુને ધિક્કાર હોજો કે જેટલો જોઈએ તેટલો ખોરાક હમોને આપ્યો નહીં. એ મીસાલે હમુને તું અને તારી બાયડી અથવા છોકરાં અથવા તારાં ખેશીઓનાં માણુસો હમોને ફરીફરીથી (દુધ) દોહીને હમારા દુધથી પોતાનું પેટ ભરે છે."

એજ પ્રમાણે એજ હામાં 'ઘોડો' બી પોતાના માલેકને કદુવા દેતો જણાય છે.

(૧૫.) ઉપલી બાબદને ઘણીખરી મલતી બીના હીંદુઓના 'મદભગવત' નામના શાસ્ત્રમાં એમ જણાવે છે કે :— પશુને તેં નાહક દુઃખ આપી મારી નાખ્યાં છે તેથી તેઓ ઉપલી દુન્યામાં તારી રાહ જુવે છે અને તારાં કીધેલાં કુકર્મને યાદ કરી, તારી ઉપર ક્રોધ લાવી તું મરશે ત્યારે પોતાનાં લોઢાં સરખાં શીંગડાંથી પરલોકમાં તુંને ખુંદી નાંખશે. વલી તે પુસ્તકમાં બીજી ગમ એમ જણાવે છે કે :—સઘળાં ગાય ઢોર અને પશુઓને પોતાનાં ફરજંદની માફક ગણુવાં, કારણ કે જાનવરોના અને ફરજંદોના જીવમાં કશો ફરક નથી. વાસ્તે જેમ પોતાનાં ફરઝંદોને મારતા નથી તેમ તેઓને પણ મારવાં નહીં જોઇએ.

(૧૬.) વલી 'રીમાર કંડેઅ પુરાણ' માં એમ જણાવે છે કે, જે માણુસો પોતાનું પેટ ભરવા સારૂ ઘાતકીપણું કરે છે અને ઘણાજ ગરીબ, નહીં દુઃખ દેનારાં પશુઓને મારે છે તેવા શખસોને દુન્યામાં જીવતાં જીવત મુવેલા જાણવા અને તેવાઓ આ અને પેલી દુન્યામાં સુખ હાંસેલ કરનાર નથી.

(૧૭.) વલી હીંદુઓનાં 'મનુસમરતી' નામનાં શાસ્ત્રમાં ઉપલી બાબદને મલતું લખાણ નીચે પ્રમાણે છે :—

જે માણુસો પોતાનાં ધર્મનાં ફરમાનથી ઉલટા ચાલી પશુઓના માંસથી સદાકાલ પોતાનું પેટ ભરવાની ઇચ્છા રાખ્યા કરે છે તે માણુસો જેવા મોટા પાપી આ દુન્યામાં બીજા કોઇ નથી.

(૧૮) વલી 'વિષણુ પુરાન' ના 'દાન' નામના પ્રકરણુમાં જીવજંતુઓને દુઃખ નહી દેવાના બાબદમાં એમ જણાવે છે કે, કોઇબી જીવજંતુને દુઃખ નહીં દેવું એ મોટો ધરમ છે, તેમજ તેઓની ઉપર દયા કરવી એ મોટું તપ છે અને વલી તેઓ ઉપર રહેમ ભરેલી નજરથી જોવું તે ભારે ગ્યાન છે અને દુન્યામાં સર્વ જાનદારોને પોતાના જીવની માફક ગણુવાથીજ મોટાઈ પણુ છે.

(૧૯.) અરદા વીરાફ નામનો પારસીઓનો એક મહા યોગી દસ્તુર કે જેવણુ પોતાની પરેહજગારી અને અવસ્તાના પવીત્ર કલામની બરકતથી મીનોઇ દુન્યા જોઇ આવ્યા પછી બેહેશત અને દોજખ વીશે તેમજ નેકી અને બદી શું છે તેનું વર્ણન પોતાના ટોળાના લોકોને સમજાવ્યું હતું, તેને લગતો અહેવાલ પેહેલવી ભાષામાં લખાયો છે, કે જેનો તરજુમો અંગરેજીમાં મુંબઇની નામદાર સરકારના આસરા હેઠળ સને ૧૮૭૨ ના સાલમાં 'વરતેમબરગ' વાળા શેહેરમાં છપાઇ બહાર પાડવામાં આવ્યો છે. તેમાં ૭૪ માં પ્રકરણુમાં જે શખસો ગાય

ગોસપંદોને નાહક દુઃખ દઇને અણઘટીત કતલ કરનારા પાપીઓ છે તેઓ મરણ બાદ દોજખની શીક્ષા કેવી ભોગવે છે તે બાબદ આવેલી છે. તેમાં એ મહાત્મા દસ્તુર એમ જણાવે છે કેઃ—

"મેં વલી એક પગે ઉંધે મસ્તકે બંધાઇ રહેલાંઓનાં રૂવાનો દીઠાં, જેમના શરીરમાં એક છરી ભોકેલી હતી. મેં એમ પુછ્યું જે એ રૂવાનો કોણ છે? ત્યારે અશો સરોષ યજદે તથા આદર યજદે કહયું કે એ રૂવાનો તે પાપીઓનાં છે કે જેઓએ દુન્યામાં ગાય ઢોરો અને મેંઢાંઓની ગેરકાયદે કતલ કરી નાશ કીધો હતો." વળી ગાથા અહુનવતીના ૧૨ માં પ્રકરામાં જરથોસ્ત એમ કહે છે કે "ગોસપંદોને જખ્મેહકરવાને જેઓ સલાહ આપે છે તેઓને હોરમજદ બુરા તરીકે ગણે છે."

(૨૦.) પુરાતન ઇરાનવેજવાળા ઇરાની એરીયનો અને હીંદુ એરીયનો સાથે વસ્તા હતા. તેઓ ગાયો ઢોરો ઉપર માયા તથા મોહોબત રાખી પાળતા હતા, અને તે વેળા જે ઘણી ઘણાં ગાય ઢોરો પાલતો હતો તે મોટો આબરૂદાર તથા દોલતવંત ગણાતો હતો. 'આથવય' નામના ખાનદાનવાળાઓ મોટી સંખ્યામાં ગાય ઢોર પાળતા હતા તેથી તે વેળા તેઓ મોટા ભાગ્યશાળી ગણાતા હતા. પેગમબર જરથોસ્તના બાપ પણ ગાયો પાલતા હતા અને પોતાના ખોરાક તરીકે તેનું દુધ પીધામાં લાવતા હતા એમ તવારીખ ઉપરથી જણાય છે.

હવે હીંદુઓના 'મહાભારત' ૧ માં ગાયને સઘળા પશુઓમાં ઘણીજ નામીચી ગણી છે. તેમાં તેને પુશકળતા અને ત્રપત કરે એટલાં પોષણની છબી દાખલજ નહીં પણ ખુદ પોષણ આપનારી પૃથ્વી સાથે સરખાવવામાં આવી હતી; અને દેવતાઓને પણ ગાયથી પોષણ મળતું વીચારવામાં આવતું હતું અને તેથી તેઓને દુધ અને અકસર કરી ઘી અરપણ કરવામાં આવતું હતું એમ તેમાં જણાવે છે. તેથી હીંદુ ભાઇઓ ગાયને માયા મોહોબતથી પાળે છે.

હીંદુ શાસ્ત્ર પ્રમાણે દરેક વૈશયનોએ એક ગાય પાલવાનું પ્રરમાન આપવામાં આવેલું છે. તે પ્રમાણે ઘણાક વૈશયનો ગાય પાળતા જણાય છે.

(૨૧.) જે મીસાલે હીંદુઓનાં ધર્મ શાસ્ત્રમાં માંસનો ખોરાક લેવાને સખત મનાઇ છે તેમ જરથોસ્તી ધર્મમાં પણ તેને લગતાં પુશકલ પ્રરમાનો આવેલાં છે. તે વીશે વધુ ન જણાવતાં જુવો અવસ્તાને આધારે રચેલી 'જરથોસ્તીઓને માંસ ખાવાની મનાઇ' એવે નામનું કીમતી પુસ્તક.

(૨૨.) જરથોસ્તી ધર્મમાં જે સાત અમશાસપંદો ગણાય છે તેઓ ખોદાતાલાની મહા બળવંત શકતીઓ છે. જેની વખાણ ખોરદાદ, તીર, મેહેર અને સરોશ યશતમાં તેમજ ખોરશેદ નીયાયસમાં આવેલી છે.

હવે હીંદુઓના વેદ શાસ્ત્રમાં પરમેશ્વરની શકતીઓને 'આદિત્ય' કરી કહે છે, કે જેની સંખ્યા પેહેલાં છની કે સાતની હતી. પાછળથી તે વધીને બાર સુધી થઇ હતી.

(૨૩.) જરથોસ્તી ધર્મમાં ૩૩ ફ્રરેસતાઓનાં નામ સુધાંની સંખ્યા જણાવી છે.

હવે હીંદુઓના ઋગવેદના ૮ માં મંડલમાં ૩૩ દેવતાઓ (ફ્રરેસતાઓ) નાં નામો આપ્યાં છે. તેમાં ૧૧ દેવતાઓ આકાશમાં, ૧૧ દેવતાઓ વાતાવરણમાં અને ૧૧ દેવતાઓ પૃથવી ઉપરના જણાવ્યા છે. વલી અથર્વ વેદમાંનાં "અઇતરય" અને "શતપથ બ્રહ્મણ"માં અને રામાયણમાંબી ઉપલા દેવતાઓની સંખયા જણાયલી છે. તયારે પુરાણોમાં પાછલથી દેવતાઓની સંખયા ૩૩ કોટીની જણાવી છે.

---

૧ સર મોનીયર ઉલયમસ કહે છે કે માહાભારતના કેટલાક અસલી ભાગો ઇ૦ સ૦ પુ૦ પાંચમી સદીમાં રચાયલા છે. વલી બીજા વીદવાનો એમ કહે છે કે મહાભારત રામાયણ પછી એક સદી બાદ રચાયલું હતું.

(૨૪.) જરથોસ્તીઓ પોતાના ધર્મના ફરમાન પ્રમાણે પોતાની કમર ઉપર ઉનના ૭૨ તારની વણેલી પવીત્ર કુસ્તીનો કમરબંધ બાંધે છે.

હવે હીંદુઓનો મહારૂષિ 'મનુ' જે હિંદુઓના ધારા શાસ્ત્રી તરીકે થઇ ગયો છે તે પોતાના બીજા ગ્રંથમાં બ્રાહમણો અને વિશયનોએ જનોઇ શાની પેહેરવી તે વીશે એમ જણાવી ગયો છે કે, બ્રાહમણોએ જનોઇ રૂની અને વિશયનોએ ઉનની પેહેરવી.

હવે જનોઇની બાબદ ઋગવેદના 'અશવ લાયન' શાખા માંહેલા 'ગૃહ્યસુત્ર અધ્યાય'ના પેહેલા ખંડના અઢારમાં સ્લોકમાં આવેલી છે.

(૨૫) જયારે આર્ય હિંદુઓ ઇરાની આરયનોથી છુટા પડી પંજાબ તરફ સિંધુ નદીને કીનારે જઇ વસવા પછી ત્યાં આવેલી પવિત્ર નદીઓની ભગ્તિ કરવા લાગ્યા હતા તે વિશે ઋગવેદના ૧૦ માં મંડલના ૭૫ માં સુકતમાં ભકિત કરનાર એમ બોલે છે કેઃ—

ઓ નદીઓ ! અહીં 'વિસવત' ના સ્થલમાં તમારી અતીઘણી મોહોટાઇ કવી જાહેર કરે તેમ કરો. સાત સાતના ઝુમખામાં તેઓ ત્રણ માર્ગે આવ્યાં છે. પણ સઘલા મુસાફરો (નદીઓ) માં 'સિંધુ તેઓના બળથી ચઢતી છે. ૧

જયારે તું ઇનામને માટે દોડી ત્યારે તુંને ચાલવા માટે 'વરૂણે' એક રસ્તો બતાવ્યો. સઘળા ઝરાઓમાં તું સરદાર છે તેથી તું પૃથ્વીની એક ઉભી ટેકડી ઉપર આગળ વધે છે. ૨

અવાજ પૃથ્વીની ઉપરથી આકાશ તરફ જાય છે. પેલી ચકચકીત દમામ સાથે અપાર બરાડ મારે છે, જેમ વાંદળાંમાંથી ઝાપટાં ગગડાટ સાથે તુટી પડે છે, ત્યારે સિંધુ ગોધાની માફક બરાડતી આવે છે. ૩

જેમ પોતાના બાળકની પાસે મા જાય છે તેમ બરાડતી ગાયો (નદીઓ) તારી પાસે પોતાનાં દુધ સાથે આવે છે. જેમ એક રાજા લડાઈમાં લશકરને બંન્ને બાજુએ લઇ જાય છે તેમ, જયારે તું આ નીચે ધસી જતી નદીઓની સનમુખ આવી પોહોંચે છે ત્યારે તેઓને તું ચલાવી લઇ જાય છે. ૪

ઓ ગંગા, યમુના, સરસ્વતી, સુતુદ્રી, પુરૂશણી, હું તમારી સ્તુતી કરૂં છું તે કબુલ રાખો ! અસિકની (અકેસીનસ) સાથે સાંભલો. ઓ મરૂદ, વીધ્રા અને વિતરતા (હાઇદાસપીસ) એત સાથે સાંભળો. ઓ અરજીકયા, સુ શોમ સાથે ! ૫

તારી મુસાફરી માટે ત્રિસ્તામાં સાથે પેહેલે જોડાઇને ઓ સિંધુ, તું સુસરતુ, રાસા અને સવેતી સાથે જાય છે, કુભા (કોપહેન, કાબુલ નદી) સાથે ગોમતી (ગોમેલ) સુધી મેહેતનું સાથે ક્રુમું (કુરમ) સુધી કે તેઓની સાથે તેજ રસ્તે તું જાય. ૬

ચકચકીત, પ્રકાશતી, મોટા દબદબા સાથે તેણી વાદળાંને મેદાનમાંથી લઇને જાય છે, પેલી અજીત સિંધુ ઝડપવાલીઓમાં સર્વથી ઝડપવાલી, ખુબસુરત ઘોડીના જેવી, એક જોવા લાયક દેખાવ. ૭

ઘોડા, રથ, પોશાક, સોનું, ચારો, ઉન તથા ઘાસથી ભરપુર પેલી સિંધુ ખુબસુરત અને જુવાન જે દેશમાં મધ (મિઠું પાણી) વહે છે ત્યાં પંથરાય છે.

ઉપલા વેદમાં નદીઓના જે પ્રાથના આવેલી છે, તેનેજ ઘણીખરી મલતી પ્રાથનાઓ 'આવાં અરદુઇશુર" યરતમાં તેમજ તેની નીઆએશમાં તેમજ 'હાતામગ્થે'ના યજશનેના હામાં અને હફતંગ યશતમાં પણ છે.

(૨૬.) સરોશ યજદના કામની હકીકત બંને સરોશ યશતમાં અને યજશ્નેના ૫૭ માં હામાં આવેલી છે. હવે એ સરોશ યજદની બાબદ ઋગ વેદમાં અને સતપથ બ્રહમણમાં આવેલી છે. તે બાબદ વીશે પ્રોફેસર હારલે પોતાની ખોરદેહ અવસ્તામાં સરોશ હાદોખ્તમાં નીચે પ્રમાણે ખુલાસો કરે છેઃ—

"આ ફરેસ્તાની તવારીખ ઉપજાવવી ઘણીજ સેહેલી છે. આરય લોકોના વખતમાં સરોશનો અર્થ ધર્મની ક્રીયાઓ તથા સંસકારોને અમલમાં મેલવાનો યતો હતો. યજશનેના ૫૭ માં હામાં તેમજ ઋગવેદમાં અને સતપથ બ્રહમણ ઇત્યાદીમાં એનું વર્ણન આવેલું છે."

(૨૭.) ફતેહમંદ બેહરામ યજદને અવસ્તામાં 'વેરેથ્રઘ્ન' કરી કહયો છે યાને બચાવ, રક્ષણ, બચાવ કરી ફતેહ મેલવનાર તથા ફતેહ આપનાર તરીકે ગણયો છે.

હવે ઋગવેદમાં બેહરામ યજદને 'વૃત્રહન' કરી કહયો છે યાને લડાઇનો સરદાર કરી કહયો છે. એ ખેતાબ સાધારણ રીતે વેદમાં ઇદ્રને તેમજ સોમ, અગની, અને અસિવ નોને લગાડવામાં આવ્યો છે; એમ પ્રોફેસર હાર્લે જણાવે છે.

(૨૮.) જેમ એક જરથોસ્તી પોતાના ગુનાહની માફી ચાહવા ખોદાની બંદગી કરતી વેળા યજદ અમશાસપંદોની મદદ માંગી અરજ કરતો યજશને વાળા અવસ્તા ઉપરથી જણાય છે, તેમ વેદમા દેવતાઓ (ફરેસ્તાઓ)ને વીનવવામાં આવે છે કે, તેઓએ આવીને અરજદારને ભકતીનાં કામમાં મદદ કરવી, કારણકે મુકિત (છુટકારો) મેળવવા માટેનો એકલો ઉપાય તેજ છે.

(૨૯.) પારસીઓના અને હીંદુઓના વડવાઓ જ્યારે ઇરાનવેજમાં સાથે વસ્તા હતા ત્યારે હોમ (સોમ) 'દુરઓષ' નામનો એક પરહેજગાર મરદ જેને હોમ (સોમ) પેગમબર તરીકે પાદશાહ જમશેદના બાપ વિવંઘાહમ (તેમજ વેદમાં વિવસતવત)ના વખત ઉપર થઇ ગયલો કહેવામાં આવે છે, જે પેગમબરે ધર્મનું ગ્નાન મેળવવા અલબુરૂઝ પહાડની ઉંચી ટોંચ કે જેને અનાહીતી નદીવાળા 'હુકઇય'ના નામથી ઓળખી છે ત્યાં સરોષ યજદની મારફતે દીનનું ગ્નાન મેળવ્યું હતું, એમ યજસ્નેના ૯માં હામાં તેમજ મેહેર યશત ઉપરથી જણાય છે.[1]

વડી સરોશ યસ્તના 'યેમ યજત'ના હા ઉપરથી જણાય છે કે એ પેગમ્બરે ત્રણ નુસ્કો લખ્યાં હતાં, જેમાંનું પેહેલું 'હુવચાઓ', બીજું 'પાપા વચાવો', ત્રીજું 'પઇરીગા વચાવો'[2] કહ્યું હતું. એ હોમની બીના યજશનેના નવમાં અને દશમાં હામાં તેની અને તેના ગુણવાળા પાલાની સ્તુતી કરવામાં આવેલી છે. તેમાં તેના રસની ખુબી નીચે પ્રમાણે દરશાવી છે;—

"હોમ ભલો સારો પેદા કરેલો, તનદરોસ્તી આપનારો, સારાં શરીરવાળો, સારાં કામ કરનારો, વેરીને મારનારો, સોનેરી રંગનો, લટકતી ડાંખલીવાળો અને જે ખાવામાં ઘણો સરસ તેમ રવાનને માટે ઘણોજ સારો મીનોઇ રસ્તો બતાવનાર છે. હોમમાં ડહાપણ, ફતેહ, તનદરોસ્તીનો વધારો, તનનું જોર અને ચલકાટ ભરેલી મોહોટાઇ આપવાની શકતી હોય છે." એવી બાબદો ઉપરથી જણાય છે કે આ એજમતી ગુણ ધરાવનાર પાલાનો રસ માણસ જાતના પીવામાં આવ્યાથી કેવા ફાયદાઓ થાય છે, તે ઉપલી અવસ્તામાં આવેલી બાબદો ઉપરથી જાણી શકાય છે.

થીઓસોફીકલ સોસાયટીના આગેવાન વિદ્વાન કર્નલ હેનરી એસ. ઓલકોટ હોમના રસનું પાણી પીધાની ખુબી વીશે એમ જણાવે છે કે:—

"હોમ તે પેલો ચમતકારીક રસ છે કે જે પીધાથી માણસો વધારે ચહડતે તબક્કેની

---

1 ફીરદોશી પોતાના શાહનામામાં તેને માટે એમ જણાવે છે કે:-

હોમ એક આબેદ (પરહેજગાર) મરદ હતો કે જે એક પહાડ ઉપર બંદગી કરવામાં મશગુલ હતો.

2 એ૦ શેહેરીઆરજી દાદાભાઇ ભરૂચા 'જરથોસ્તી અભ્યાસ'માં એ નુસ્ક વીશે એમ જણાવે છે કે:—'પાપો વચાઓ અને પઇરી ગા વચાઓ' એ શબ્દોમાંના 'પાપો અને પઇરીગા' એ હોમના બે નુસ્કો છે. તેઓને પેહેલવીમાં 'પાજેહ અને બરેસ' કરી કહે છે, કે જે ૨૧ નુસ્કોમાંના એ બે નુસ્કોનાં નામ છે.

આકાશી ખુબીઓ પીછાણવાને લાયકનાં થતાં હતાં અને તેઓ ફરેસ્તાઓ સાથે વાતચીત કરી શકતા હતા. તે અફીણ જેવો કેફી નહી હતો તેમજ હીંદુસ્થાનની ભાંગ જેવો ઘેલાં કડાવનારો નહતો, પણ ખુશીમાં રાખનારો, વાકેફગારી બખશનારો તથા ગેબી દેખાવ નજરે પાડનારો હતો. ભેદી વિદ્યાનો અભ્યાસ કરનારા ઉમેદવારને પીવા માટે આપવામાં આવતો હતો, અને ધર્મગુરૂઓ ગંભીર ક્રિયા સાથે તે પીતા હતા. યજશનેની ક્રિયા કરતી વખતે મોબેદો હોમની સુકી ડાંખલીઓને દાડમના મુળીઆં સાથે ભેળી હાવોનીમમાં લાલા વડે છુંદી તેમાં ત્રણ વખત પાણી ભેળી પીએ છે, કે જેથી હોમના પુરાતન ઉપયોગ વીશેની માહીતી આજ સુધી જલવાઇ રહી છે."

આ પાળાનો ઉપયોગ આજે પણ બલુચીસ્તાન તથા કાબુલના મુલકમાં કરવામાં આવે છે. તે વીશે ડાકટર એચીસન નામનો વિદ્વાન મુસાફર એમ જણાવે છે કે:—

આજ સુધી એ પાળાનો ઉપયોગ બલુચીસ્તાન તેમજ અફગાનીસ્તાનના રહેવાસીઓ કરે છે અને તે પાળાને તેઓ 'હુમ'ના નામથી ઓળખે છે અને દવાના કામમાં તેનો ઉપયોગ કરે છે.

આ હોમ ગાળવાની ક્રીયા પાદશાહ જમશેદના બાપ વિવંઘામે તથા ફરેદુનના બાપ આથ્વ્યાને અને જરથોસ્તના બાપ પઉરૂશસ્પે તથા કેરશાસ્પના બપાવા સામે કરી હતી, એમ યજશનેના ૯માં હામાં જણાવે છે.

હવે યજશનેના નવમાં અને દશમાં હા ઉપરથી તેમજ મેહેર યસ્ત ઉપરથી જણાય છે કે હોમ પેગમબરે 'હોમ સફીદ' નામનો એજમતી પાળો જે અલબુરૂજ પહાડ ઉપર ઉગતો હતો તે શોધી કાઢયો.

યજશનેના નવમાં હામાં ક્રિયા કીધેલા હોમના પાલાના રસના ગુણો પીનારને કેવા ફાયદા કરે છે, તે વીશેનું બ્યાન નીચે પ્રમાણે કરેલું છે:—

૧લું બેહેસ્ત, ૨જું તનદરોસ્તી, ૩જું લાંબી જીંદગી, ૪થું હીમતવાન, સંતોષી, અદેખાઇને તોડનાર અને જુઠાઇને મારનાર થવાની શક્તી, ૫ મું દુશ્મનને મારનાર, લડાઇમાં જીતનાર વગેરે થવાની શક્તી, ૬ ઠું ચોર લુટારા અને વરૂથી પોહોંચતી આફતો વીશે અગમચેતી.

હવે હોમની ક્રિયા દાખલ કરનાર હોમ પેગમબરના વીરૂધ હરીફ તરીકે અવસ્તામાં 'કેરેસાની' નામનો હાકેમ હતો, કે જેને ઋગવેદમાં 'કૃસાનુ' કરી કહયો છે જે (સોમ) પાળા ઉપરનો દેવતા હતો. આ હોમના હરીફને હોમે હરાવ્યો હતો એમ યજશનેના ૧૦ માં હામાં જણાવે છે.

(૩૭) જેમ અવસ્તામાં હોમ પાલાની ઉત્પતી તેના ગુણ તથા તેની કરવામાં આવેલી સ્તુતીને મલતી બીના હીંદુઓના ઋગવેદમાં પણ આવેલી છે.

વેદમાં હોમને સોમ કરી કહયો છે. એ સોમને વેદમાં સોમના રસનો 'રક્ષણ કરનાર' દેવતા કરી કહયો છે તેમાં તેની સ્તુતી કરતાં જણાવે છે કે:—

"એ નાગાઓને વસ્ત્ર આપે છે અને માણસોને ને દેવતાઓને અમર્ગી આપે છે. એ ભવિષ્યનું પેલી જેહાંનનું સુખ આપે છે, અને વળી તે વરૂન, મિત્ર, ઇંદ્ર, વગેરે દેવતાઓને ખુશાલી બખશે છે. વળી તે તેની સ્તુતી કરનારને મજબુત, ડાહયો અને હુશીઆર કરે છે. તે આપણને ફળદ્રપપણું આપે છે, દુશમનથી આપણને બચાવે છે અને આપણી જીંદગીને ટકવે છે. તે બીમાર આદમીઓને વાસ્તે એક દવા તરીકે છે. તે અમરગી આપનાર છે.

હોમના પાળાનું મથક અવસ્તામાં અલબુરૂજ પહાડ ઉપર જણાવે છે, ત્યારે વેદમાં સોમના પાળાનું મથક આકાશ ઉપર જણાવે છે. તેને આકાશ ઉપરથી અથવા પહાડ ઉપરથી જમીનપર લાવનાર 'શકરો' નામનું પક્ષી હતું એમ વેદમાં જણાવે છે.

ત્યારે યજશનેના ૧૦ માં હામાં હોમના પાળાનો ફેલાવો એક પહાડ ઉપરથી બીજા પહાડ ઉપર પક્ષીઓની મારફતે થયો છે એમ તેમાં જણાવે છે.

હવે ઋગ વેદમાં સોમના પાલા વીશે એમ જણાવે છે કે તેને પેહેલ્લ વેહેલો પહાડો ઉપર 'વરૂન' દેવતાએ રોપ્યો હતો. વળી બીજી ગમ જણાવે છે કે એને પાહાડ જ્યાં 'પ્રજાનય' એટલે વરસાદનો દેવતા ઉધારતો હતો ત્યાંથી સુર્યની દીકરી નીચે જમીન ઉપર લાવી. જમીન ઉપર તેને 'ગણધરવ' નામના દેવતાએ પોતાના સ્વાધીનમાં લઇ તેમાં રસ ઉતન્ન કર્યો.

(૩૧.) હવે છેલ્લે હોમ અને સોમની ક્રિયા વચ્ચે શું ફરક આવે છે તે વીશે આપણા વિદ્વાન અથોરનાન શમશુલ ઓલમા એરવદ જી૦ જ૦ મોદી પોતાના હોમવાલા રેસાલામાં નીચે પ્રમાણે જણાવે છે:—

હોમની ક્રીયા અવસ્તા પ્રમાણે.	સોમની ક્રિયા (જીઓતીશતોમ)[1] વેદ પ્રમાણે.
૧. હોમ હાવનીમમાં છુંદવામાં આવે છે.	૧. બે પથ્થરથી છુંદવામાં આવે છે.
૨. શુરાખદાર તસતાંથી ગાળવામાં આવે છે.	૨. કપડાંથી ગાળવામાં આવે છે.
૩. સાથે દારમડીની જર (ઉરવરાંમ) છુંદવામાં આવે છે અને જીવામનો કતરો નાખવામાં આવે છે.	૩. સોમની ક્રિયામાં નહીં.
૪. એનો રસ જરા પીલાસપર છે.	૪. લીલાસપર.
૫. માત્ર જોતીજ હોમ પીએ છે, અને તે પણ થોડો.	૫. સઘલા બ્રાહમણો જેઓ 'જયોતીશતોમ'ની ક્રિયામાં સામેલ હોએ છે તેઓ પીએ છે, અને વળી તેઓમાં 'અધવર્ય' અને હોતા (જોતી) નામના બ્રાહમણો તો ઘણો જથ્થો પીએ છે.
૬. હોમને ફકત આતશને દેખાડી પી જવામાં આવે છે, પછી એક વખત તૈયાર કરી તેમાંનો થોડો કુવામાં નામવામાં આવે છે.	૬. પીવા આગમજ દેવતાઓની યાદમાં થોડોક આતશ ઉપર નામવામાં આવે છે.
૭. ઝાડપાન વીદ્યાના કાયદા પ્રમાણે એ Asclepias Acida નાં સાધારણ વરગમાં આવે છે, પણ એ વરગની કેઇ જાત તે ચોક્કસ થયું નથી.	૭. સોમનો પાલો એ Asclepias Acida નાં વરગની Sarcostemma Brevestigma નામની જાત છે.

---

૧. પારસીઓની યજશનેની ક્રિયાને ઘણી ખરી મલતી 'જયોતીશતોમ'ની ક્રિયા આવે છે. જેમ હોમ ગાળવાની ક્રિયા દહાડામાં ત્રણ વખત કરવામાં આવે છે, તેમાં પેહેલી હાવન, તે બાદ બાર વાગા પછી આવાં મહીનાથી બીજી હાવન તેમ તે નીરંગદીનનો વંદીદાદ કરતી વેળા બાર વાગા પછી કરવામાં આવે છે. એ વીશે યજશનેના ૧૦ માં હામાં જણાવે છે.

હવે આરય હીંદુઓ પણ 'શોમ'ની ક્રિયા દહાડામાં ત્રણ વખત કરે છે; તેમાં સવારે, બપોરે અને રાત્રે. એ વખતોને હીંદુઓ ત્રણ ગેહ તરીકે સમજે છે. એ બાબદ 'સુર્યા સીધાનત' નામના પુસ્તકમાં આવેલી છે.

વળી હોમની ક્રિયા જરથોસ્તી ધરમમાંથી ફ્રીમેસનોએબી પોતાનામાં લીધેલી લાગે છે, કારણ કે 'મી મોસાની તેલીકા' નામના રોપાને તેના બારે માસ લીલો રહેવાના ગુણને લીધે ફ્રીમેસનો તે છોડવાને "રૂહના અમર્ગપણા"ની યાદ આપનારો કરી ગણે છે.

વળી હોમની ક્રિયા બાબે પરોફેસર ડાકટર સ્પીગલ જણાવે છે કે:–તૈયાર કરેલો તથા ઇજેલો હોમ તે એક જાતના પહાડ ઉપરના રોપાનો રસ હોય છે, અને તે આખરપણાની નીશાન હોવાને લીધે ઘણુંજ મોટું માન પામવાને લાયકનો ગણાય છે.

૮. સઘળાં આલાતો ધાતુનાં છે.	૮. સોમની ક્રીયામાં પારસીઓના કરતાં થોડાંક જુદાં આલાતો વપડાય છે તેમાં લાકડાંના પણ છે.

આ ઉપલાં હોમનું વર્ણન અને ક્રીયા એક બીજાને કેવી મલતી આવે છે તે આ લંબાણ હેવાલો ઉપરથી વાંચનારાઓને માલમ પડવા વગર રહેશે નહીં. હવે વેદ પછીના જમાના માં હીંદુઓનાં બીજાં શાસ્ત્રમાં સોમને ચંદ્ર તરીકે ગણ્યો છે.

(૩૨.) હોમની ક્રીયા કરતી વેળા હોમના ઝાડની ડાંખલી વાપડવામાં આવે છે, કે જેને 'હોમ સલી' કહે છે. એ હોમ સલીને સંસ્કૃતમાં 'સોમવલ્લી' કરી કહે છે.

(૩૩.) બરસમની ક્રીયાની શરૂઆત પેહેલાં સરોશ યશ્ત ઉપરથી જણાય છે કે એ ક્રિયા સરોશે જારી કરી હતી. તે બાદ હોશંગ પાદશાહે કરી હતી એમ રામ યશ્તના બીજા કરદા ઉપરથી જણાય છે. તેમાં એમ જણાવે છે કેઃ—

અને પેશદાદી વંશના હોશંગ પાદશાહે લોઢાંની ખાણવાળા 'તએર' પહાડની નજદીક સોનાના તખ્ત ઉપર બુલંદ બાંધેલી બરસમ સહીત વેએ યજદને ઇજ્યો.

વળી એજ યશ્તમાં પાદશાહ જમશેદે રામ યજદને બરસમની ક્રિયા સાથે આરાધેલો જણાવે છે.

હવે એ બરસમની ક્રિયા હીંદુઓમાંથી છે. 'ભવિષ્ય પુરાન'માં તેને 'વર્સમ' કરી કહે છે. પુરાતન જમાનામાં એ બરસમ તે કોઇ ઝાડની ડાંખલીઓની બનાવી વાપડવામાં આવતી હતી.

હાલ મોબેદો યજશને અને બાજ ઇજવાની ક્રિયા વેળા તે પીતલના તારની બનાવી વાપડે છે. આ બરસમની ક્રિયા ઋગવેદમાં પણ જણાવેલી છે.

(૩૪) જરથોસ્તીઓના પવિત્ર ગાથામાં પાક ખોદાતાલાનેજ જગતની તમામ ઉત્પતીનો પેદા કરનાર તરીકે ગણ્યો છે અને તેનીજ બંદગી અને સ્તુતી કરવાનું ફરમાન પેગમબર જરથોસ્તે આપ્યું છે. તેથી જરથોસ્તીઓ એક ખોદાને માનનારા તરીકે ગણાય છે.

હવે ઋગવેદમાં પણ પરમેશ્વરને જગતનો પેદા કરનાર તરીકે ગણી તેની સ્તુતી કરવામાં આવી છે. ઋગવેદમાં ૧૦માં મંડલના ૧૨૧ મા સહીંતામાં ઇશ્વરને સૃષ્ટિનો કર્તા, સર્વ દેવોમાં પેહેલો, એવા શબ્દોથી તેની સ્તુતી કરવામાં આવી છે. તેને લગતા થોડાક શ્લોકનો તરજુમો નીચે પ્રમાણે છેઃ—

"પ્રથમ 'હિરણ્ય ગર્ભ' પેદા થયો. તે જન્મથીજ પેદા થયેલો ધણી હતો. તેણે પૃથવી તથા આકાશ સ્થાપ્યાં. તે દેવ કયો છે જેને આપણે આપણા બલીદાન આપયે?

તે જે શ્વાસ દે છે, જે ઝાંડ દે છે, જેની આગ્ના સઘળા તેજસ્વી દેવો માનપુર્વક પાલે છે, જેનો છાયો અમરતા છે, જેનો છાયો મૃત્ય છે, તે દેવ કયો છે જેને આપણે આપણા બલીદાન આપયે?

તે કે જે પોતાની શકતીથી જીવતી અને ઉઘરતી દુન્યાનો એકલો રાજા થયો, જે શું માણસ કે શું જાનવર સર્વની ઉપર અમલ કરે છે તે દેવ કયો છે જેને આપણે આપણા બલીદાન આપયે?

તે કે જેની શકતીથી આ બરફવાળા પહાડો છે તથા સમુદ્ર પણ દુરની નદીઓ (રસા) સાથે હૈયાત છે, જેના મુલકો બહુ છે, તે દેવ કયો છે જેને આપણે આપણા બલીદાન આપયે?

તે કે જેનાથી આકાશ તેજસ્વી છે અને પૃથવી સુદ્રઢ છે, તે કે જેથી ઉચામાં ઉંચું આકાશ પણ સ્થાપવામાં આવ્યું, તે કે જેણે આકાશ વીશેનો વિસ્તાર માપ્યો છે, તે દેવ કયો છે જેને આપણે અપણા બળીદાન આપયે?

તે કે જેની તરફ આકાશ અને પૃથ્વી તેની મરજીથી દ્રઢ ઉભાં રહીને પોતાના મનમાં ધ્રુજતાં ધ્રુજતાં જુવે છે, તે જેની ઉપર ઉગતો સુર્ય પ્રકાશી નીકળે છે; તે દેવ કયો છે જેને આપણે આપણા બલીદાન આપ્યે ?

જ્યારે મોટો જળ પ્રવાહ હાથમાં બીજ પકડતા અને દેવતાઓને પેદા કરતા દરેક બાજુએ ગયા, ત્યારે ત્યાંથી તે પેદા થયો, જે દેવોનો એકલો પ્રાણ છે, તે દેવ કયો છે જેને આપણે આપણા બળીદાન આપયે ?

તે જેણે પોતાની શક્તીથી જળ પ્રવાહમાં શકતી આપી હતી અને જેઓએ યગ્નદાનનો અંગાર સળગાવ્યો તેની ઊપર વટીક જોયું, તે જે સર્વ દેવો ઊપર એકલોજ દેવ છે તે દેવ કયો છે જેને આપણે આપણા બળીદાન આપ્યે ?

તે જે પૃથવીનો કર્તા છે અથવા તે સત્યવાદી જેણે આકાશ પેદા કીધું, તે કે જેણે વળી પ્રકાશતા અને બળવાન જળ પ્રવાહ પેદા કીધા, તે અમને ઈજા ન કરે, તે દેવ કયો છે જેને આપણે આપણા બળીદાન આપ્યે ?

પ્રજા પતી[૧] ! તું સીવાય બીજો કોઇ આ સઘળી પેદા થયલી વસ્તુઓને સંભાલી શકતો નથી, જ્યારે હમે તેને યગ્નદાન દઇએ છીએ ત્યારે જે અમે માંગીએ છીએ તે હમને મલો ! અમે દ્રવ્યના ધણી થઇએ."

વળી મેક્ષમુલરે 'વિશ્વ કર્મન,' સર્વ પદાર્થનો પેદા કર્તા, એવે નામના વિશય ઉપર પોતે આપેલાં એક ભાષાણ વેળા ઉપલી બાબદને મલતો વિચાર ઋગવેદમાંથી મેલવી એમ જણાવ્યો હતો કે:—

"હું તમારી આગળ ઋગવેદમાંથી કેટલાંક વાકયો વાંચી જાઉં છું જે પાછળા વખતનાં કરી કહેવાતાં મંત્રોમાંથી ચુંટી કાઢેલાં છે, જેમાં એક ઇશ્વર તે આ સૃષ્ટિનો સરજનાર અને રાજકર્તા વિષેની કલ્પના ઘણી સરસ રીતે દરશાવેલી છે, અને પેહેલાં 'વિશ્વ કર્મન'ને આપેલાં કેટલાંક પદો છે તે વાંચું.

સર્વ વ્યાપક વિશ્વકર્મને આ પૃથ્વી પેદા કરતી વેળા પોતાના બળથી આકાશને પ્રગટ કરયું ત્યારે તેની જગ્યા કયાં હતી, તેનો ટેકો શું હતો અને કયે ઠેકાણે ?

તે એકજ ઇશ્વર જેની નજર સર્વ જગ્યાએ અને જેના મોંહ, હાથ, અને પગ સઘળી જગ્યાએ છે, તે આકાશ અને પૃથ્વી પેદા કરતી વેળા પોતાના હાથથી અને પાંખોથી તેમને સાથે સાંધી લે છે.

કયાં વનમાંથી અને કયાં ઝાડ ઉપરથી તેઓએ આકાશ અને પૃથ્વીને કાપી કાઢયાં ! હું તમે ગ્નાનીઓ ! જે જગ્યાએ સૃષ્ટને આધાર દેતો તે ઉભો હતો, તે તમારા મનમાં શોધો.

વાચાનો ધણી, વિશ્વકર્મન સર્વ વસ્તુઓના પેદા કરનાર જે આપણા મનમાં ઇશ્વરી ગ્નાન ઉતારે છે તેને યુદ્ધમાં આપણા રક્ષણ અર્થે આપણે આજે આરાધીએ. તે જે સર્વને મનથી એક મોટો આશીરવાદ છે, અને જે આપણા રક્ષણને અર્થે રૂડાં કામ કરે છે, તે આપણાં સઘળાં બળીદાન સ્વીકારો !

વળી બીજું મંત્ર જે 'વીશ્વકર્મન'[૨] ને એજ પ્રમાણે અર્પેલું છે તેમાં આપણે એવું વાંચીએ છીએ કે:—

જે પીતાએ આપણને પેદા કીધા છે, જે હાકેમને નીયમો અને સઘળી સૃષ્ટીનું ગ્નાન છે, જેણે એકલાએજ દેવોનાં નામો આપ્યાં છે, તેની પાશે માંગવા થકી બીજાં સઘલાં પ્રાણીઓ જાય છે.

---

૧. પ્રજાપતી એટલે કે સાહેબ અથવા મનુષય માત્રનો ધણી એવો અર્થ મેક્ષ મુલર કરે છે.
૨. વિશ્વકર્મન એટલે સર્વ વસ્તુનો પેદા કરનાર એવો અરથ મેક્ષમુલર કરે છે.

આકાશની પેલી મેર, પૃથ્વીની પેલીમેર, દેવો અને અસુરોની પેલીમેર એવું શું બીજ હતું જે જળમાંથી જન્મ પામ્યું અને જેમાં સર્વ દેવો દીઠામાં આવ્યાં ?

જળ પ્રવાહોએ તે પેહેલું બીજ પેદા કરયું જેમાં સઘલા દેવો એકઠા મળ્યા; જે એક વસ્તુમાં સઘલાં પ્રાણીઓએ વીસામો લીધો તેને અજાતના ખોલા ઉપર મુકવામાં આવી હતી.

"આ વસતુઓ જેણે પેદા કરી છે તેને તમે કદી જાણશો નહીં. તમારી અને તેની વચ્ચે કાંઇ બીજી વસતુ આડી ઉભી છે, ધુમસમાં જાણે ઢંકાયલી હોય તેમ અને લથડતા અવાજે કવીઓ પોતાની જીંદગીથી ખુશી થતા આગલ વધે છે."

વળી અગ્નિ હોત્રીના સુત્રના પેહેલાં મંડલમાં ઇશ્વરની સ્તુતી કરતાં જણાવે છે કે, એકજ કારીગર હોય નહીં ત્યાં સુધી એકજ યુકતીની બનાવટ સર્વમાં દેખાય નહીં. જેને જેટલું ઘટે તેટલું, એકજ બનાવનાર વગર મલવાનો સંભવ થોડાજ રહે. માટે એવો કારીગર તે પરમેશ્વર એકજ છે. તે એકસરખી નજરે જુએ છે, એકજ અનુક્રમ જાલવે છે, ને તેવો નીયમ પાળનાર તેના પદે (પંક્તી, દરજ્જે) પોહોંચે.૧

(૩૫.) ભવિષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું એવું એકીન જરથોસ્તીઓ માને છે. તે ગાથા, વંદીદાદ અને યજશનેની બાબદો ઉપરથી જણાય છે. એ એકીન વીશે ડાકટર હાઉગ પોતાના રસાલામાં નીચે પ્રમાણે જણાવે છેઃ—

ભવિષ્યની જીંદગી વીશેનું એકીન ઝંદ અવસ્તાના મુખ્ય કાનુનોમાંનું એક છે.

વળી પ્રોફેસર ડાકટર ગાઇગર એ વીશે એમ કહે છે કેઃ—"મરણ પછીની હસ્તીનું એકીન આપણને પૃથ્વી ઉપરની ઘણીક જુદી પ્રજાઓમાં માલમ પડે છે, પછી તે કોઇમાં વધારે તો કોઇમાં ઓછી, ચોક્કસ અને ખુલ્લી રીતે......પણ હું ધારૂં છું કે અવસ્તાના લોકો કરતાં બીજા કોઇપણ લોકોમાં તે એકીન વધારે પ્રસિધ્ધ રીતે જણાતું નથી અને તે વીશેનો વિચાર વધારે ચોકસ રીતે જણાવેલો અને વિગતવારે પ્રફુલ્લીત કરેલો નથી. એઓમાં આત્માની અમરગીનું અને ભવિષ્યની દુન્યામાં ઇનસાફના ઘટતા બદલાનું એકીન ધર્મનું એક મુખ્ય ફરમાન થઇ પડયું છે. એ વગર જરથોસ્તી ધર્મ નહીં સમજી શકાય એવો થઇ પડે."

આ દુન્યામાં માણસો જન્મ લઇ જીંદગી ગુજારે છે તે ફકત 'ત્રણ પાંચ' દહાડાની તેમજ પલવારની પણ ગણાય છે. તે બાદ ઉપલી દુન્યામાં હમેશગીની જીંદગી ગુજારવા જાય છે.

માણસોનો આત્મા મરણ પામવા બાદ તેના શરીરમાંથી છુટો પડી જરથોસ્તી ધર્મના કોલ પ્રમાણે ત્રણ દીવસો સુધી આ પૃથ્વીની હદમાં રહી ચોથે દીવસે બામદાદ વેલા ચીનવદ પુલ આગળથી પસાર થાય છે કે જ્યાં મેહેરયજદ જે એક ન્યાયાધીશ ફરેસ્તો છે તે, રસને રાસ યજદ, અને સરોશ યજદ તેના કામનો હીસાબ લે છે; અને પછી જેવાં તેનાં કામો તેવો તેને ઇનસાફ આપવામાં આવે છે. જો તેણે આ દુન્યામાં નેકીનાં કામો કર્યાં હોય તો ચીનવદ પુલ પસાર કરી બેહેસ્તમાં જાય છે અથવા તેણે જો બુરી ચાલ ચલાવી હોય તો તે દોજખમાં જાય છે.

આત્માના અમરપણાનો અને મરણ બાદ નેકી અને બદીનો બદલો મલે છે તે વીશે ખુદ જરથોસ્ત પોતાના ગાથામાં નીચે પ્રમાણે જણાવે છેઃ—

---

૧. ઋગવેદમાં આવેલી ઉપલી બાબદ ઉપરથી જણાય છે કે પુરાતન આર્ય હિંદુ રૂષિઓએ રચેલા ઋગવેદમાં ઈશ્વર અને તેની શકતીઓની સ્તુતી કરવામાં આવી છે, પણ તેમાં મુરતી બનાવી તેની પુંજા કરવાનું કશું લખાણ આવેલું નથી. પણ તે પછી લખાયલા રામાયણ અને માહાભારતમાં મુર્તી પુજા દાખલ થયલી જણાય છે.

"જે કોઇ શખસ હું જરથોસ્તને માટે જાહેર રીતે પવિત્રાઇથી અને સૌથી સારી ઇચ્છાથી કામ કરશે, તેને (અહુરમજ્દ) પેલી દુન્યાના બદલાને લાયક કરશે. (યજશનેનો હા ૪૬ પ. ૧૯).

ઓ અહુરમજ્દ! જ્યારે દુન્યાની શરૂઆતમાં મેં તને કામ અને વચન પ્રમાણે શેવટની વખતે (યાને મરણ બાદ) તારા ડહાપણના કામ પ્રમાણે બુરાને બુરાઇનો અને ભલાને ભલાઇનો બદલો આપનાર જોયો ત્યારે મેં તને વૃદ્ધિ કરનાર વિચાર્યો (યજશનેનો હા ૪૩ પ. ૫).

ઓ અહુરમજ્દ! જે કોઇ મરદ અથવા ઓરત દુન્યાની સૌથી સરસ ચીજ (એટલે પવિત્રાઇ) જેનો તું જાણનાર છે તે મને આપે અને ભલાં મનથી જે અશો માણસને સુખ અને પાદશાહી આપે અને જેઓને તારી સેતાયશ કરવાને માટે હું (મારી) પુંઠ ચલાઉં (એટલે ઉસકેરૂં) તે સઘળાંઓની સાથે હું ચીનવદ પુલ પસાર કરીશ.

બુરાં કામોથી દુન્યાના માણસોને નુકસાન કરવાને કરપ અને કીક લોકો હકુમત માટે સાથે જોડાય છે કે જેની તરફ તેઓનું પોતાનું રવાન અને કેરદાર પોકાર કરે છે. જ્યારે તેઓ ચીનવદ પુલ તરફ જાય છે ત્યારે હમેશાં દરૂજના મકાન તરફ તેમની હસ્તી (અથવા રહેઠાણ) છે. (યજશનેનો હા ૪૬ પ. ૧૦–૧૧.)"

માણસનો આત્મા પોતે પોતાનાં કામો પ્રમાણે સુખ દુ:ખ ભોગવે છે, તેના દાખલાઓ વંદીદાદની ૧૯ મી પરગરદના ફકરા ૨૭–૩૨ ઉપરથી જણાય છે. એ ફકરાઓનો અર્થ નીચે પ્રમાણે છે:—

ઓ હાડમંદ દુન્યાના પેદા કરનાર અશો! માણસ પોતાનાં રવાનના ભલાંને માટે આએ દુન્યામાં જે કાંઇ બીજાને બખશેશ કરે છે તે (નો) બદલો કયાં થાય છે? તે બદલો કયાં પાર પડે છે? તે બદલો પાછો કયાં મલે છે? તે બદલો કયાં પોહોંચે છે?

ત્યારે અહુરમજ્દે જવાબ દીધો કે માણસના મરણ બાદ માણસના ગુજરવા પછી બુરૂં જાણનારા દરવંદ દેવો (તેના તનને) નાશ કરે છે. પછી જ્યારે ત્રીજી રાતની બામદાદ બુલંદ પ્રકાશે છે અને રોશન થાય છે ત્યારે પુરતા ચલકાટવાળા પહાડ ઉપર બુલંદ હથીઆરવાળો મિશ્ર આવી પોહોંચે છે; અને સુર્ય પ્રકાશે છે ત્યારે ઓ સપેતમાન જરથુશત્ર! વીજરેશ નામનો દેવ દેવની પરસ્તેશ કરનારા દરવંદ માણશના પાપી રવાનને બાંધી લઇ જાય છે. જમાના આગમજ પેદા કરેલા રસ્તાઓમાંનો રસ્તો જે જેમ અશોને માટે તેમ દરવંદને માટે યજદનો પેદા કરેલો ચીનવદપુલ છે તેની નજદીક તે રવાન આવી પોહોંચે છે. (ત્યાં મીનો યજદો) આએ હાડમંદ દુન્યામાં કરેલાં કામો માટે તે (માણસના) કૃત્યો અને રવાનને તપાસે છે.

પેલી ખુબસુરત પેદા કરેલી, જોરાવર, સારા ચેહેરાવાળી, પવિત્ર, પુરતા બહારવાળી, તાજવાળી, યુક્તિવાળી કેરદાર આવે છે. તે દરવંદોના પાપી રવાનને અંધારામાં નીચે ફેંકે છે (યાને દોજખમાં નાખે છે). તે અશો રવાનને અલબુરૂજ પહાડ પસાર કરાવે છે, ચીનવદ પુલ જે મીનો યજદોનો પુલ છે તે પસાર કરવામાં ટેકો દે છે.

ત્યાં બહમન (અમશાસ્પંદ ફરેસ્તો) સોનેરી તખત ઉપરથી ઉભો થાય છે, અને કહે છે કે ફાની દુન્યામાંથી અહીં અમર દુન્યા તરફ ઓ અશો! તું કેવી રીતે આવ્યો?

'અશોનું રવાન ખુશાલ થયેલું અહુરમજ્દની તરફ, અમશાસ્પંદોની તરફ, સોનેરી બનાવેલા તખત તરફ, અહુરમજ્દના અમશાસ્પંદો અને બીજા અશો (મીનો યજદો)ના મકાન ગરોથમાનની તરફ જાય છે.

ભવિષ્યની જીંદગીની બાબદ ગાથા તથા વંદીદાદમાં આવેલી ઉપલી બાબદ ઉપરાંત

બુંદેહશ્ત નુસ્કની પરગરદ બીજી તથા ત્રીજીમાં, વીશતારપ યશ્તના આઠમાં બાબમાં તથા પેહેલવી મીનો ખેરદના બીજા બાબમાં તથા દાદેસ્તાને દીનીમાં અને વિરાફ નામના ચોહા બાબમાં આવેલી છે.

(૩૬.) ભવિષ્યની જીંદગીના વીચારો આરય હીંદુઓના ઋગવેદમાં પણ આવેલા છે. પરોફેસર મોનીયર વીલ્યમ્સ પ્રમાણે બ્રહ્મણ ભાગ એ એકીન વધારે ખુલ્લી રીતે જાહેર પાડે છે. તે જણાવે છે કેઃ—

"આ જીંદગીની વર્તણુક પ્રમાણે આવતી જીંદગીમાં સારો માઠો બદલો મળશે. દેવતાઓ એક જગયાએ જણાવે છે કે માણુસ જ્ઞાન અને ધર્મી કામોથી અમર્ગીએ પોહોંચે છે. "ઉપનીષદમાં" એક જગયાએ કહે છે કે આએ દુન્યામાં હૈયાતી ભોગવીને આપણે સૌથી સરસ પર્માત્માને જાણી શકીએ. જેઓ તેને જાણે છે તેઓ અમર થાય છે."

ઋગવેદના ૧૦ માં મંડલમાં એક જગયાએ ભલાઓના આત્માને સ્વર્ગમાં જવાનો ઇસારો નીચે પ્રમાણે મલે છે, જે જરથોસ્તીઓની મરણ બાદની ક્રિયામાં કુતરો શું કરવા ભાગ લે છે તેનો બીજી રીતે વીચાર કરવાનો ખોરાક આપે છે. રૂપલા વેદમાં એમ જણાવે છે કેઃ—

ઓ મરણ પામેલા આત્મા! ચોકીબાનો—ચાર ચશમના ડાઘવાળા કુતરાઓ—જેઓ મરણ પામેલા માટે ચોકી રાખે છે, તેઓ આગલથી પસાર થવાને તું ડર ના. તારા મકાને તું પાછો ફર. ઓ આત્મા! તારા ગુન્હા અને લાજને આ પૃથવી ઉપર તારી પાછલ મેલી જા. તું રોશન રૂપ જે તારૂં અસલ રૂપ છે તે સ્વચ્છ થઇ અને સઘળી પવિત્રાઇથી છુટો થઇ અખત્યાર કર.

વળી અથર્વ વેદમાં એક મંત્રમાં એક આરયના મરણ પછી સ્વર્ગમાં જવા કેવી ઉમેદ રાખતો જણાય છે તે નીચેની બાબદ ઉપરથી માલમ પડે છેઃ—

તું અમને સ્વર્ગ લઇ જા; ચાલો આપણી પતનીઓને તથા બાળકોને જઇ મળયે. સ્વર્ગમાં જયાં આપણાં વ્હાલાં સુખમાં વસે છે,—આ દેહના દોષ પાછલ મુકી લંગડાપણાથી છુટી અવયવની વક્રતાથી છુટી–ત્યાં આપણાં માબાપને અને આપણાં છોકરાંઓને જોઇએ. પાણી છાંટનાર દેવતા તેને ઉપર લઇ જાઓ, વાયુમાં તેમની ઉતાવલી ગતિ વડે તેને શીતલ કરો અને ઝાકલ વડે તેને છાંટો; અને લઇ જાઓ અને તેડી જાઓ; તેને તેની સંપુર્ણ બુદ્ધિ સહિત પુણ્ય લોકોમાં જવા દો. જે અંધારી ખીણ તેની આસપાર અમર્યાદ પ્રસરેલી છે તે ઓળંગી અજનમ આત્મા સ્વર્ગે ચડો. જેને પાપના ડાઘ લાગયા છે તેના પગ ધુઓ, તેને ચોખ્ખે પગે ઉપર જવા દો. અંધકારને ઓળંગી ઘણી દીશામાં આશ્ચર્યથી નિહાલતા અજનમ આત્માને ઉપર સ્વર્ગે જવા દો.

(૩૭.) ચીનવદ પુલને વંદીદાદની ૧ લી પરગરદમાં 'ચીનવદ પેરેતુ' કરી કહયો છે, તેમ સંસ્કૃતમાં તેને 'વિવસવત પુરી' કરી કહયો છે. એ ચીનવદ પુલ આગલ મરણ પામેલાં માણુસોના આત્માઓનાં પાપ તથા કીધેલાં પુનનો ઇનસાફ થાય છે કે જેને સંસ્કૃતમાં 'દેવતાઇ ન્યાય સ્થાન' કરી કહે છે. અહીંઆં એક ભલાં કામના બદલામાં એ ચીનવદ પુલ પસાર કરી તમામ સુખથી ભરેલાં બેહેસ્તવાળાં મકાનમાં જાય છે. ત્યારે પાપીઓ કરેલાં કરતુકની શીક્ષા તરીકે દોજખમાં જાય છે, એમ વંદીદાદની ૧ લી પરગરદમાં જણાવે છે.

વળી હીંદુઓના ધારા બાંધનાર 'મનુ' પાપી માણુસ નરકવાસ જાય છે તે કેવું ભયંકાર છે, તે વિશે પોતાના ચોથા પુસ્તકમાં એમ જણાવે છે કેઃ—

નરક (દોજખ)ને ભયંકાર અંધારાનું સ્થળ, રાતા અંગારનો ખાડો, ગંધાતા કાદવનું સ્થળ કરી જણાવ્યાં છે.

હવે એ નરકવાસ વીશે બુધ ધરમમાં તેને માટે એમ કહે છે કે નરકવાસ પૃથ્વીના માંહેલાં ભાગમાં છે.

અર્દાવિરાફ નામામાં દોજખની બાબદો વધુ આવેલી છે.

હવે ઋગવેદ પ્રમાણે મરણ પામેલાં માણસોને ઉપલી દુન્યામાં જવા પેહેલાં એક મહાસાગર કોઇવાર મછવાથી યા કોઇવાર એક પુલ ઉપરથી પસાર કરવો પડે છે.

(૩૮.) અંગ્રમઇન્યુસની ઉતપન્તીવાળા દુ:ખ દરદોને દફે કરવાના ઇલાજો તરીકે અરદીબેહશત યશત તથા વંદીદાદની ૨૦ મી પરગરદના એજમતી અવસ્તાના કલામો અસરકારક ગણેલા છે.

તેજ પ્રમાણે હીંદુઓના 'અથ્રવેદ'માંબી બુરા દેવતાઓ અને રાક્ષસોને હાંકી કહાડવા તથા બુરી તાવને દફે કરવાનાં મંત્રો જણાવેલાં છે (જુઓ અથ્રવેદના ૭ માં મંડલના ૧૧૬ મા મંત્રો, તેમજ ઋગવેદના ૧ લા મંડલના ૨૨ મો સુકત, અને વળી હીંદુઓનું 'કલેસનાસન શુલ પાણી' એવે નામનું જે મંત્ર છે, તે ભણવાથી સંકટો, દુ:ખો તથા રોગો ઇત્યાદી પીડાઓ દફે થાય છે.)

(૩૯.) જરથોસ્તીઓનાં મરણ પામેલાં માબાપો તથા ખેશીઓના 'ફરોહરો'ને યાદ કરવાના પવિત્ર દીવસો જે ફરોહર દેગાનના નામથી ઓળખાય છે તે દીવસો અસપંદારમદ માસના છવીસમાં રોજ આસતાદથી તે ગાથા પાંચ સુધી દીન દશ ગણાય છે, તે વખત ઉપર જરથોસ્તીઓ પોતાનાં મરણ પામેલાં વ્હાલાંઓની યાદમાં પવિત્ર ક્રિયા કામ કરાવી તે મરણ પામેલાંઓના ભલા આશીરવાદ મેળવે છે.

હવે હિંદુઓ પણ પોતાનાં મરણ પામેલાં માબાપો અથવા અતલગના ખેશીઓને આરાધવાના દીવસોને 'સરાધ'ના નામથી જણાવે છે, કે જે દીવસો ભાદરવા વદ એકમથી દીન ૧૬ સુધી બેસે છે. વળી કોઇ વરસ ૧૫ દીવશ સુધીના પડે છે. 'મનુ' પોતાના ધારા પુસ્તકમાં એ સરાધના દીવસો પાળવા માટે એમ ફરમાવે છે કે:—

એક છોકરાએ અથવા કોઇ ઘણાજ નજદીકના ખેશીએ સરાધની ક્રિયા કરવી અગતની છે, કેમકે તેથી તે બાપનો આતમા 'પુત' નામના એક જાતના દોજખથી છુટે છે. ૧

'પિતરો' યાને મરણ પામેલા વડવાઓ જેઓ સ્વગનું સુખ પામવાની હાલતે પુગેલા હોય તેઓનું રૂહ અથવા વીદેહ આત્મા છે. એક રૂહ ધરાવનારા વડવાઓ સ્વર્ગના સુખના દરજ્જાનીત્રણ હાલતે પોહોંચી શકે છે. પેહેલું, સૌથી સરેષ્ટો આકાશનાં ઉંચા ભાગોમાં પોતાનું મકાન રાખે છે. બીજું, મધ્ય સરેષ્ટાઇવાળાઓ આકાશ અને આ પૃથ્વી વચ્ચેના ભાગોમાં પોતાનો વાસો કરે છે. ત્રીજું, ઉતરતે દરજ્જેવાળાઓ પૃથ્વીની આસપાસની વાતાવરણમાં રહે છે. તેઓની ઉપર યમ દેવતાનો અમલ ચાલે છે જે યમ (પાદશાહ જમશીદ) મરણ પામેલાં રૂહ, તેઓ ભલાં હોય કે બુંડાં હોય તેઓની ઉપર રાજ્ય કરે છે; એમ વેદમાં જણાવે છે.

(૪૦.) જરથોસતીઓમાં ક્રીયા કરેલી પવિત્ર ચીજોની ચાશની બુરા માણસોને કરાવવાની મનાઇ આવાં યશ્તમાં કરવામાં આવી છે.

તેમ હીંદુઓમાં તેવી ક્રીયા કરેલી વસતુઓથી ચોર, છાકરાઓ, નાસતીકો, દરદીઓ અને નખ તથા દાંતવાલાઓને દુર કરવાને ફરમાવેલું છે.

---

૧. પુત યાને મરણ પામેલા આતમા અથવા ફરોહરને કહે છે. પરોફેસર મોન્યર વીલયમ એમ કહે છે કે એક છોકરાને 'પુત્ર' કહેવામાં આવે છે તે એટલાજ માટે કે તે છોકરો સરાધ' ની ક્રીયા કરી પોતાના પિતાના આત્માને 'પુત' નામના દોજખમાંથી છોડવે છે. ઉપલા કારણને લીધે દરેક હીંદુ એક છોકરી કરતાં છોકરાના જન્મ માટે વધારે આતુરમંદ રહે છે.

(૪૧.) જરથોસતી ધર્મમાં સુર્ય, ચંદ્ર, આતશ, જમીન, સેતારા, ઝાડપાન, પાણી, પહાડો ઇત્યાદી ખોદાતાલાની ઉત્તમ પેદા કરેલી વસતુઓની વખાણ કરવામાં આવી છે. તેને ઘણી મલતી બાબદો ઋગવેદમાં પણ આવેલી છે. ઋગવેદના ૧૦ માં મંડલના ૬૪ માં સુકતના ૮ મા સલોકમાં એમ જણાવે છે કે:—

હમે અમારી મદદે ત્રણ સાત (એકવીશ) દોડતી નદીઓ, તે મોટું પાણી, ઝાડો, પહાડો અને અગ્નિને બોલાવીએ છીએ.

વળી એજ ઋગવેદના ૭ મા મંડલના ૩૪ મા સુકતાના ૨૩ મા શ્લોકમાંથી એમ જણાવે છે કે:–પહાડો, પાણી, રસાલ રોપા અને આકાશ તથા પૃથ્વી તેના ઝાડ પાન સાથે અને બંને દુન્યા અમારી દોલત બચાવે. વલી એજ ઋગવેદના ૭ મા મંડલના ૩૫ મા સુકતના ૮ મા સલોકમાંથી એમ જણાવે છે કે–

દીર્ઘ દ્રષટિવાન સુર્ય શુભ સુકન ભરેલો ઉગો, ચારે દીશા શુભ શુકન ભરેલી થાઓ; મજબુત પહાડો શુભ શુકન ભરેલા થાઓ; તેમજ નદીઓ તથા પાણી.

(૪૨.) વંદીદાદની પેહેલી પરગરદમાં જે ૧૬ શેહેરોનાં નામ અને તેને લગતો હેવાલ આવેલો છે, તેમાં ૧૩ મું શેહેર 'ચખ્ર'ના એરીઅન રહેવાસીઓ પોતાના મુરદાંને 'અગ્નીદાહ' કરતા હતા. એ શેહેરને શાહનામામાં 'ચેહેરમક'ના નામથી જણાવે છે, અને તે ખોરાસાન પ્રાંતમાં આવેલું હતું. એ શેહેરને પેહેલવી લખનારાઓ 'ચીન' કરી જણાવી ગયા છે.

હવે જરથોસત આવવાની ઘણા જુના વખત ઉપરના એરીઅન લોકો લાશને બાળતા હોય એમ જણાય છે; કારણ કે વંદીદાદમાં 'દખમ' શબ્દ અસલ 'દોખમું' બનાવવા કે બાંધવા માટે નહીં પણ લાશને બાલવા માટેના મકાનને થકી બનેલો ચોક્કસ ઠડેલો શબ્દ વીદવાનો માને છે.

વળી એજ શબ્દ તેમાં લાસને દાટી તે ઉપર બાંધેલી કબર માટે પણ વપરાયો છે, એમ પણ વીદવાનો કહે છે.

હવે વંદીદાદ ઉપરથી તો આપણને જણાય છે કે લાશને બાળવા અને દાટવા માટે મોટાં પાપો ગણેલાં છે, તે ઉપરથી જણાય છે કે 'સુર્યદાહ'ની આગમજ 'અગ્નીદાહ' અને 'ભુમી દાહ'ના રેવાજો હશે એમ વીદવાનો માને છે.

ઋગવેદના ૧૦ મા મંડલ ઉપરથી જણાય છે કે પ્રાચીન કાળના આર્ય હીંદુઓ પોતાનાં મુરદાંને ભુમીદા કરતા હતા. એ રેવાજ હાલ સુધી 'સન્યાસી' સાધુઓ દોઢ વરસ સુધીના નાના બાળકોને 'અગનીદાહ' નહીં કરતાં ભુમીદા કરે છે.

(૪૩.) સુર્ય નીકળવા અગાઉની બંદગી 'હુશબામ' નામની ગણાય છે, તે ઘણી ફાયદો આપનારી છે.

હવે આર્ય હીંદુઓને પ્રભાત ફાટવા પછી જે ઇશ્વરી પ્રાથના કરવા અગ્નિ, હોત્રીની પ્રોતર, અનુવાકનીમાં જણાવે છે (જુવો અઇતરેય બ્રાહમણ સફે ૧૦૪.)

વળી ઋગવેદના ૬ઠા મંડલના ૫૨ મા સુકતના ૪થા સ્લોકમાં પ્રભાતની પ્રાર્થના આવી છે તેમાં પ્રાર્થના કરનાર એમ બોલે છે કે:—

ઉગતા સવારના પ્રહાર મારો બચાવ કરો! ઉભરાતી નદીઓ મારો બચાવ કરો! જ્યારે દેવોને અમે બોલાવીએ ત્યારે પેલા પીતાઓ મારો બચાવ કરો!

વળી એજ ઋગવેદના ૧૦મા મંડલના ૩૫મા સુકતના બીજા સ્લોકમાં બીજું એમ બોલે છે કે:—

અમે આકાશ અને પૃથ્વીનું સંરક્ષણ માંગીએ; હમને પાપથી દુર રાખવા માટે નદીઓ, પેલી માવતરો અને ઘાસવાળા પહાડો, સુર્ય તથા સવારના પ્રહારની અમે પ્રાર્થના કરીએ છીએ. સોમ રસ આજે અમને આરોગ્યતા અને સંપતિ આપો.૧

(૪૪.) એક જરથોસ્તી અપવિત્ર ચીજને અડકવાથી અપવિત્ર અથવા રીમન થયેલો ગણાય છે. તેને પાછો પવિત્ર થવા માટે નાહાન અથવા રીમન નાહાવાની ફરજ છે. તે ક્રીયા વેળા બરસનુમની પદ્દીવાળો મોબેદ તેને ક્રીયા કરેલી નીરંગદીન (ગૌમુત્ર) પાઇ પવિત્ર કરેલાં પાણીથી નહવાડી પાછો પાક કરે છે અને આ પાપને માટે તે પતેત ભણી તોબેશ ઉતારે છે. એટલુંજ નહીં પણ તેણે નવરાતનું બરસનુમ લેવું જોઇએ એમ વંદીદાદની ૯મી પરગરદમાં જણાવે છે.

હવે હિંદુઓમાં પણ ચોકસ ચીજોને અપવિત્ર તરીકે ગણે છે અને તેને અડકવાથી તે માણુસ અપવિત્ર થાય છે, તે પાછો પવિત્ર થવા માટે તેણે પ્રાયશચીત થવાની ક્રીયા કરવી જોઇએ. તે વેળા ચોકસ મંત્ર ભણી સનાન કરવા બાબે 'મનુ' પોતાના ધારાશાસ્ત્રના ૧૧ મા પ્રકરણના ૯૧-૯૨ ફકરામાં તેમજ ૨૧૨ માં ફકરામાં તે અપવિત્ર થયલાએ ગૌમુત્ર, છાણ, દુધ, દહી અને ઘી એ સર્વને મેળવી પીવાનું ફરમાન જણાવે છે.૨

(૪૫.) જરથોસ્તીઓમાં અપવિત્ર થયલાં કપડાં તથા હરેક ધાતુને પાછી પવીત્ર કરી વાપરવા માટે નીરંગ (ગૌમુત્ર) છાંટી તે બાદ સાફ પાણીથી ધોઇ લેવાનું ફરમાન વંદીદાદની સાતમી પરગરદમાં આવેલું છે.

હવે હીંદુઓનો ધારા બાંધનાર 'મનુ' પોતાના પુસ્તક પાંચમાંના પ્રકરણ ૧૨૧ મા ફકરામાં તે વીશે એમ જણાવે છે કે :—

કાયદાથી વાકેફગાર શખસે શીંગડાં તથા હાથીદાંત અને સણના કપડાંને ગૌમુત્ર અને પાણી વડે પવીત્ર કરવાં.

(૪૬.) જરથોસ્ત પેગમ્બરના રચેલા પાંચ ગાથાના લખાણો જે કવીતા રૂપી છે તે સારા હલકથી ભણવાના છે; તેમજ આરય હીંદુ રૂષીઓએ રચેલા વેદોબી શ્લોકમાં જોડેલા છે તે પણ હીંદુઓ સારા રાગથી ગાય છે.

(૪૭.) જરથોસ્તીઓને સુર્ય, ચંદ્ર, આતશ અને પાણી ને ખોદાની મહાભારત પેદાયશના એક કેબલા તરીકે ગણી તેની સનમુખ ઉભા રહી ખોદાતાલાની બંદગી કરવાનું ફરમાન છે. તેમ આર્ય હીંદુઓ પણ સુર્ય, જળ, પૃથ્વી, વાયુ, અગની, આકાશ અને ચંદ્ર અને ખરા ગુણ ધરાવનાર બ્રહમાણે સર્વ વસ્તુઓમાં પરમેશ્વરનું અંશ છે એવું માની તેની ભકતી કરે છે.

(૪૮.) અવસ્તાના પવીત્ર કલામને 'માથ્ર' કરી કહે છે તેમ વેદનાં ભણતરને 'મંત્ર' કરી કહે છે.

(૪૯.) પુરાતન ઈરાનીઓ એક જાતની ગાડીમાં ઉભા રહી દુશમનની સામે લડાઇ

---

૧. જેમ એક દીનદાર જરથોસ્તી બામદાદ વેળા પોતાનું આંગ ધોઈ કુસ્તી પાદીઆબ કરી સુરજની સામે ઉભો રહી ખોદાની બંદગી કરી પોતાની ફરજયાત ઉતારે છે, તેમ એક ધર્મી હીંદુ સવારના નાહી ધોઇને સુરજની પુંજા કરવા વગર ભોજન લઈ શકતો નથી.

૨. આ બંન્ને કોમની પ્રાયસચીતની ક્રીયા વિશે પરોફેસર વીલીઅમ ગાઈગર પોતાના 'પુર્વ તરફના ઈરાનીઓનો સુધારો' એવે નામના પુસ્તકને સફે ૨૫૫ માં એમ જણાવે છે કે:—

'આ બાબદમાં હીંદુસ્થાનના બ્રાહમણોના વિચાર એટલી બધી બારીકી સાથે પુર્વ તરફના ઈરાનીઓ સાથે મલતાપણું બતાવે છે કે તે ઘણા જુના વખતના છે એમ ગણવાને અને છેક આરય જમાનાના વખતના તેમના વડીલો તરફથી તેમને વારસામાં મલેલા ચોકસ મુળ વિચાર સાથે તે મેળવવાને આપણને છુટ છે.

કરતા હતા તે ગાડીને અવસ્તામાં રથીશતર કરી કહે છે; તેમ સંસ્કૃતમાં બી એ લડાઇની ગાડીને ' રથ ' કહી છે.

(૫૦.) પુરાતન આરયવેજ વેળા પૃથ્વીના ત્રણ મોટા ભાગો જાણુમાં હતા તે વીશેનો ઇસારો યજશનેના ૧૧ માં હામાં આવેલો છે.

ઋગવેદનાં પેહેલાં મંડલના ૩૪ માં સુકતના ૮ મા સલોકમાંબી પૃથ્વીના ત્રણ ભાગો જણાવેલા છે.

(૫૧.) જેમ જરથોશતીઓ જરથોશતના ધર્મ પુસતકોને પાક ખોદાઇ કલામો કરી કહે છે, તેમ આર્ય હીંદુઓ પોતાના વેદોનો અર્થ ' ઇશ્વર પ્રરિત ' છે અને તેને પરમેશ્વરનું ગ્યાન કરી કહે છે.

(૫૨.) જેમ જરથોસ્તીઓ પોતાના ધર્મ પુસ્તકોને વંદીદાદ, યજશને, વીસ્પરદ, અને નીઆયશ તથા યશતો એ ચાર મુખ્ય પુસ્તકો તરીકે ગણે છે, તેમ પુરાતન હીંદુ અર્યોનાબી ચાર વેદો ગણાય છે; તેમાં પ્રથમ ઋગવેદ જેમાં સાદામાં સાદાં રૂપમાં મંત્રો આવેલાં છે, તેમાં ક્રિયાની કશી બાબદ આવતી નથી. બીજો ' સામવેદ, ' 'સોમ, ' ' યાગણે ' સારૂ ઋગવેદના મંત્રો નો બનેલો છે. ત્રીજો ' યજુર ' વેદ છે. એમાં મોટા યજ્ઞ! વખતે ભણવાના ઋગવેદના મંત્રો આવેલાં છે અને ગદ્ય વાકયો પણ છે. એના બે આવૃતિમાં વિભાગો થયેલા છે. તેનાં નામ ' કૃષ્ણ યજુર્વેદ ' અને ' શુકલ યજુર્વેદ ' છે. ઋગવેદને છેડે ઓછામાં ઓછાં જુનાં મંત્રો છે તેનો અને ત્યારપછી બનેલાં મંત્રોનો તે બનેલો છે. ચોથો ' અથ્રવેદ ' છે.

એ ચારો વેદોમાં ધર્મોપદેશ, આરાધના, જપ, મંત્ર અને ઇશ્વરી ગ્યાનને લગતી બાબદો આવેલી છે.

એ ચાર વેદોમાં મુર્તીપુંજા જેવું કશું આવ્યું નથી, પણ તેમાં કુદરતની મહાભારત વરતુઓ જેવી કે સુર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ ઇત્યાદી, પદારથોની પરસતેશ કરવાનાં ફરમાનો આવેલાં છે. તેમ પુરાતન ઇરાનવેજમાં જરથોસ્તના આવ્યા અગાઉના ઇરાનીઓ પણ તેમજ કરતા હતા.

ઋગવેદમાં એક હજાર ભકતીઓ છે. એ ભકતીના ૧૫૩૮૨૬ બોલો છે અને એનાં ૧૦ મંડલો કરવામાં આવેલાં છે. એ વેદમાં ક્રિયાની બાબદ આવેલી નથી, પણ બાકીના ત્રણ વેદોમાં ક્રિયાની બાબદ આવેલી છે. ઋગવેદનો પેહેલો ભાગ વિદ્વાનોની ખોળ પ્રમાણે દુન્યામાં જુનાનાં જુનો છે અને તે પેશદાદીઆન વંશના પાદશાહ જમશેદના વખત પછી બનેલો ધારવામાં આવે છે.

(૫૩.) ઇરાનવેજના પાદશાહ જમશેદની અગાઉ વરસની શરૂઆત શીઆલો બેસતાં ગણવામાં આવતી હવી, જે ફસલી વરસ તરીકે ગણાતું હતું. વંદીદાદમાં ' જીમ અથવા ज्यन ' નો અર્થ ઝમેસતાન યાને સરદીની મોસમનું બેસતું વરસ છે; તેમ સંસકૃતમાં ' હાયન ' કરી થાય છે, જે બેસતાં વરસની શરૂઆતનો છે.

હવે ઋગવેદના ૧-૨-૫-૭ અને ૧૦ મા મંત્રની પ્રાર્થના કરનારે પોતાને માટે તેમજ પોતાનાં બચાંઓને માટે દીર્ઘાયુશ માગ્યું છે, તેમાં શતમ, શરદમ યાને અરે, ઓ ઈશ્વર ! સો શીઆળા જેટલી લાંબી ઉમર કૈરજે.

(૫૪.) પાછલી રાતના વખતને ઉપહેન ઘેહ (યાને ઉજાસ નીકળવાનો વખત) કરી કહેવાય છે. એ વખતે મરઘો પોકાર મારી ઉંઘમાંથી સુતેલાં માણસને ગોયા ઉઠાડે છે. તે વેળા એક માજદીઅસની બીછાના ઉપરથી ઉઠતી વેળા ધર્મના ફરમાન પ્રમાણે એક ' અશેમ વોહૂ ' ભણે છે અને ત્યાંજ ઉભો રહી કુસ્તી છોડી ' અહુરમજદ ખોદાએ ' ના કલામ ભણી

તે પાછી બાંધે છે. તે બાદ નીરંગ લઇ હાથ મોઢું પાણીથી ધોઇ કુસ્તી કરીઆ પછી ઘેરમાંના આતશ ઉપર ખુશબો મેલી તેને રોશન કરે છે. તે બાદ પરજ્યાત બંદગી કીધા પછી પોતાને કામે લાગે છે. ઉપલી બીનાને મળતી બાબદ વંદીદાદમાં આવેલી છે. હવે પાછલી રાતના વખતને વેદમાં उषस એટલે સવાર કરી કહે છે. એ વખતને માટે ઋગવેદમાં નીચે પ્રમાણે જણાવેલું છે:—

"એક જવાન ઓરતની પેઠે તે (યાને હોશેન ગેહ) દરેક જીવતાં પ્રાણીઓને પોતાને કામે મોકલવાને કીજે ઉઠાડતી આપણી ઉપર પ્રકાશે છે. જ્યારે માણસોને આતશ સળગાવવો પડતો હતો ત્યારે તેણુ અંધકારને દફે કરીને રોશનીને પેદા કીધી." હવે એમાં જવાન ઓરતની મીસાલ આપી છે. તેનું કારણ એ કે ઓરત સૌથી સક્કારે ઉઠીને બીજાંઓને ઉઠાડે. માણુસોને ઉજાસને માટે આતશ સળગાવવો પડે તેની જગાએ ઉપહેન પોતેજ અંધકાર દુર કરી રોશની આપે છે. એ ઉપરથી માલમ પડે છે કે ઉપહેન ગેહનું શરૂ થવું બાર વાગા પછી રોશનીના ઝઝકળાંથી થાય છે.

(૫૫.) એક મોબેદ ઇઢોલા ઉપર બેસી યજશને તથા વંદીદાદની ક્રિયા કરે છે તેને 'જોતી' અથવા 'જોતા' કરી કહે છે. તેમ તેની સામે આતશના આપ્રગાન્યાં આગળ બેશે છે તેને 'આત્રવખસી' કરી કહે છે.

હવે ઋગવેદના મંત્ર ભણનારને તેમાં 'હોતી' અથવા 'હોતા' કરી કહયો છે અને તેની સામે બેસનારને 'અથ્રવન' યાને આતશ તથા સોમ (હોમ)ની ક્રિયા કરનાર કરી કહયો છે. બીજું સંસ્કૃતમાં 'અધવરીયુ' એટલે જે ક્રિયા કામને માટે અગતજોગ ચીજો તૈયાર કરે છે અને આતશની જાળવણી કરે છે તેને કહે છે. એ બોલ ઉપરથી આગલા ગામડેના પારસીઓ પોતાના મોબેદોને હીંદુઓના 'અધવરીયુ' બ્રાહમણના નામ ઉપરથી તેઓને અંધયારૂના નામથી બોલાવવા લાગ્યા હતા.

(૫૬.) યોગ વિદયાની ઉત્પતી પુરાતન ઇરાનવેજ વેળા ઇરાની આરય અને હિંદુ આરયના પુર્વજો સાથે વસ્તા હતા તે વેળાએ થઇ હતી. યશતો અને બીજી તવારીખો ઉપરથી જણાય છે કે તે વેળાના પાદશાહો અને દાનાવ પરેહજગારો જુદા જુદા પહાડો ઉપર જઇને ખોદાની સેતાયશમાં મશગુલ થતા હતા. એ વિદયા હાલમાં પારસીઓમાં જણાતી નથી, પણ છેલ્લા યોગીઓમાં દસ્તુર આજરકેરવાની તથા તેનો ચેલો મોબેદ શરોશ નામનો ઇસ્વી સન ૧૬૨૭ નાં વરસ ઉપર કાશમીરના મુલકમાં થઇ ગયો છે.

જેમ જરથોરતીઓના પુર્વજો અલબુરૂજ પહાડ અને બીજા પહાડ ઉપર જઇ ખોદાની બંદગીમાં બેસ્તા હતા, તેમ હીંદુ આરયનો હીમાલય પર્વતો ઉપર તથા સાતધાતુવાળા 'મેરૂ' પરવત જે ઇંદ્રિનું સ્વર્ગનું મકાન હતું એમ શાસ્ત્રમાં જણાવે છે તે ઉપર જતા હતા અને યોગી ચેલાઓને 'સંતપુરૂષો' કરતા હતા, એમ 'સનત કુમાર'ના ૧૦ મા સહિતામાં કહે છે. હાલમાં હિંદુ આરયોમાં ખરા યોગીઓ જુજ હશે. ભગવત ગીતાના છઠ્ઠા અધયાયમાં ખરા યોગી વીશે એમ જણાવે છે કે પુર્ણ યોગીને ઇશ્વર સમાન ગણવો. મોટા યોગીને યોગીશવર કરી કહયો છે. [1]

---

૧. જરથોસ્તીઓ પોતાના ધર્મના પવિત્ર મુકામને 'દરેહમેહેર' કરી કહે છે અને તેને સાધારણ બોલમાં ઘણાક જણો 'અગીઆરી' કરી કહે છે. એક વિદવાન અગીઆરીનો અર્થ અગણુયારી યાને માણસાઈ આતશ અથવા આત્માઇ રોશનીને સઉથી શરેષ્ટ આતશ સાથે મિત્ર કરવાની બંદગીની જગા કરી કરે છે. વળી તે વીદવાન અગી-યારી ને યોગ-યારી કરી કહે છે. અગ એટલે આગ અને યારી એટલે આસાએશ તથા મદદ એમ કરે છે.

પ્રાચીન કાળમાં આર્ય હીંદુ યોગીઓ 'દરભાસન' એટલે 'દરભ' નામના ઘાસની સાદરી ગુંથી તે ઉપર બેસતા એમ ભગવદ ગીતામાં જણાવે છે. ત્યારે પુરાતન ઇરાની આરયો પથ્થરના ચોગતવાળા ઇંઢોળા ઉપર બેસતા હતા એમ 'રામ' યશત ઉપરથી જણાય છે. વળી પુરાતન ઇરાનીઓ ખોદાની બંદગી કરતાં ઊગમણુ તરફ મોઢું રાખતા હતા. તેમ આરય હીંદુ યોગીઓબી ઊગમણુ તરફ મોઢું કરી ભકતી કરતા હતા.

હવે જરથોસ્તીઓનો પેગમબર અશો જરથોસ્ત પણ એક મોટો યોગી થઇ ગયો છે. ૧

(૫૭.) જરથોસ્તી ધર્મનું ગ્નાન કોણને આપવું અને કોણને નહીં આપવું એ વીશે બેહેરામ યશતના ૧૬ મા કરદાના ૪૬ માં ફકરામાં દાદર અહુરમજદ જરથોસ્તને એમ કહે છે કેઃ—

અએ જરથોસ્ત ! આએ માથ્ર બાપ, દીકરા, એકજ માતાથી જન્મેલા ભાઇ અથવા આથ્રવન સીવાય બીજા કોઇને શીખવતો ના. એ કલામો તારે માટે બળવંત છે. ૨

હવે હીંદુઓના ધર્મશાસ્ત્ર 'ગીતા' માં પણ એમ જણાવે છે કેઃ—

વેદ શીખવાનો હક ખત્રી અને વૈશયને છે. પણ શીખવવાનો હક તેઓ ધરાવી શકે નહીં. વેદ શીખવા અથવા શીખવવાનો હક બ્રાહમણોનો છે. પણ જે ઘણોજ ડાહયો અને નીતીવાન હોય તેજ વેદ શીખવવાનો હક ધરાવી શકે.

(૫૮.) એક જરથોસ્તીએ પોતાના મરણ પામવાના વખત ઉપર અશેમવહુના પવીત્ર કલામ ભણવાનું ફરમાન 'હાદોખત' નુસ્કમાં આવેલું છે. જો તે ભણવાની શુધ્ધીમાં ન હોય તો તેનો અતલગનો કોઇ બેશી તેના કાન ઉપર પડી ભણે અને હોમની ક્રીયાનું ઇજેલું પાણી જરા પાએ.

હવે હીંદુઓમાં એવો ચાલ છે કે માણસના મરણની થોડો વખત અગાઉ તેનો અતલગનો બેશી તેના કાન ઉપર રામ–રામના મોટા પોકારો કરે છે. તે બાદ તેના મોંઢામાં તુલસીપત્ર, શાકર તથા દહી નાંખવામાં આવે છે.

વળી રામ–રામના શબ્દ તેના કાનમાં નાખવાથી હીંદુઓ એવું માને છે કે જો મરણ પામતી વેળા તેના કાનમાં રામ–રામના શબ્દો નાંખ્યા હોય તો તે, પછી આએ દુન્યાની માયા છોડી જાય છે અને તે બીજા ભવમાં અવતાર લઇ પાછો આવતો નથી.

(૫૯.) 'ભવીષ્ય પુરાનમાં' જરથોસ્તીઓના ધર્મ પુસ્તકોના નામો નીચે પ્રમાણે આવેલાં છેઃ—

---

૧. હાલ પણ યોગીઓ જુનાગઢ આગળ આવેલા ગીરનારના પર્વતો ઉપર વસ્તા કહેવાય છે.

મી૦ કેમબેલ નામનો એક અંગરેજ મુસાફર એમ જણાવે છે કેઃ—

હું કેટલાક યોગીઓના મથક ઉપર ગયો હતો અને કેટલીક ઝાડીઓ જેવી મને નજર આવી. ગીરનારના પહાડથી ઘણેક દુર જતાં તે ઝાડીઓ જોતાં ભોમીઆઓએ જણાવ્યું કે એવી ઝાડીઓમાંજ યોગીઓ આજ હજારો વરસના પડેલા છે. એક ઝાડી આબેહુબ અક્કડ બેઠેલાં માણસ જેવી લાગી અને મી૦ કેમબેલે તેને પોતાની જાડી લાકડી વડે ઠોકી તો તેમાંથી લગાર લોહી નીકળતું જણાયું. તે ઉપરથી તેણે તે ઝાડી સાફ કરાવી તો ખરેખર એક કાળા માંથાનું માનવી તેની નજરે પડયું હતું અને તેના નાકમાંથી લોહી નીકળતું હતું. તોપણ તે યોગી એટલો તો વીદહી થઇ પડયો હતો કે તે જાગરૂત થયોજ નહીં ! કેટલાકો તો જમીનમાં માંથા દાટીને યોગ બાંધી પડયા હતા. તેમ વળી કેટલાકો અરધું શરીર જમીનમાં દાટી યોગમાં ગુંતાયા હતા.

૨. પરોફેસર દારમેસ્તેતે ઉપલા વાકય વીશે એમ જણાવે છે કેઃ—

એક બાપે પોતાના દીકરાને અથવા એક ભાઇને, એકજ માએને પેટના પોતાના બીજા ભાઇને અથવા આથ્રવને પોતાના શાગેરદને, એ સીવાય બીજા કોઇને આએ માંથ્ર શીખવવા નહીં.

'વીદત,' અવસ્તામાં વીદએવોદાત અથવા વંદીદાદ.

'વીસવવદ,' અવસ્તામાં વીસ્પરદ.

'વદ,' (એ નુસ્ક કયું છે તે જણાતું નથી.)

'અગીરસ,' (એ નુસ્ક કયું તે જણાતું નથી, પણ ૨૧ નુસ્કોમાંનું ૧૩ મું જે 'અંગ્રુશ' નામનું હતું તે કદાચ હશે.)

કુસ્તીને તેમાં વ્યાંગ કરી કહે છે, ત્યારે અવસ્તામાં 'અઇવ્યાંગન' કરી કહે છે.

મોબેદો ક્રીયા કરતી વેળા મોંઢા ઉપર જે પદાન બાંધે છે તેને ઉપલાં પુસ્તકમાં 'પુર્ણ' કરી જણાવે છે.

અવસ્તામાં પહાડને 'પઉર્વત' કરી કહે છે તેમ સંસ્કૃતમાં 'પર્વત' કરી જણાવે છે.

અવસ્તામાં મોટા પાણીના જથ્થા (દરીઆ) ને 'ઝરયંધ' કરી કહયો છે, ત્યારે સંસ્કૃતમાં તેને 'જરયસ' કરી કહે છે.

(૬૦) બુદ્ધ ધર્મના સ્થાપનાર 'ગોતમ'ને ફ્રરવરદીન યશતના પેહેલા કરદામાં 'ગઓતમ' કરી કહયો છે. [૧]

(૬૧.) અવ્વલ પેદાયશોનું ચાલુ થવાનું તથા હેયાતીને કાયમ રાખનારૂં ખુન ચાર મુખ્ય મુળતત્વોથી બનેલું છે; જે પવન, આતશ, પાણી અને ખાક છે, એમ દીનકર્દના પુસ્તકમાં જણાવે છે.

હવે હિંદુઓના શાસ્ત્ર પ્રમાણે માણસ જાત પાંચ મુળતત્વોનું બનેલું કહેવાય છે, જે પાંચને 'માહાભુતો' ને નામે ઓળખવામાં આવે છે. તેમાં પેહેલું આશમાન, બીજું હવા, ત્રીજું રોશની (આતશ), ચોથું પાણી, પાંચમું જમીન છે. એમાં આશમાન માત્ર વધારે છે, તેનું કારણ જણાતું નથી.

(૬૨.) જરથોસ્તી ધર્મમાં દુન્યાની ઉત્પતી કરનાર તથા નાશ કરનાર ખોદા સાથે બે શકિતઓ, જેવીકે 'સપેનામીનો' તે ઉત્પતી કરનાર અને 'ગનામીનો' તે નાશ કરનાર તરીકે ગણાય છે. તેમ હીંદુઓનાં સાસ્ત્ર પ્રમાણે બ્રાહમા, વીશણુ અને સીવ યાને બનાવનાર, જાલવનાર તથા નાશ કરનાર એવી ત્રણ શકતીઓ ગણાય છે.

(૬૩.) જેમ એક ધર્મી જરથોસ્તી બીછાણેથી ઉઠયા પછી એક અશેમવોહુના કલામો ભણી જમીનને પગે લાગી કુસ્તી કરે છે, તેમ એક ધર્મી હીંદુ પણ બીછાણેથી ઉઠયા પછી જમીન ઉપર પગ મુકવા અગાઉ ધરતી માતાની સ્તુતી નીચે પ્રમાણે કરે છેઃ-

ઓ ધરતી માતા! તું મહાદેવ વિષ્ણુની સ્ત્રી છે, તારો પેહેરવેસ દરીઓ છે અને તારી મોટી છાતીઓ તે તારા પહાડો છે. જમીન ઉપર પગ મુકવા અગાઉ હું તુંને નમન કરૂં છું.

(૬૪.) જમીનની વખાણ વંદીદાદની ૨૧ મી અને ૨૨ મી પરગરદમાં તેમજ ફ્રરવરદીન યશતના ૯ માં અને ૧૦ માં ફકરામાં કરવામાં આવી છે, તેમ હીંદુઓના શાસ્ત્રમાં એક ક્રીયા કરનાર બ્રાહમણ જમીન ઊપર બેસવા અગાઉ નીચે પ્રમાણે ભણે છેઃ—

ઓ ધરતી માતા! આ જમીન તું ધરાવે છે, તથા તારો ટેકો વિષ્ણુથી છે. એટલા માટે મારી મદદે આવ અને આ જગા પવિત્ર કર.

---

૧. પંરોફેસર બેરન હારલેના ખોરદેહ અવસ્તાનો ગુજરાતી તરજુમો એ૦ મેહેરજીભાઇ પાલનજી [illegible]ંદને કરયો છે. તેમાં ફરવરદીન યશતના પેહેલા કરદાના ૧૬ માં ફકરાની નીચેની નોટમાં ગોતમ [illegible]શે એમ જણાવે છે કે 'ગઓતમ બુદ્ધ' અને તેના શાગેરદો એઓનો ધર્મ ઇરાનના પુર્વ ભાગ [illegible]દાખલ થવા પામ્યા હતો અને તેઓને ઈરાનીઓ સાથે ધર્મની બાબદમાં મજબુત વાદવિવાદ એટલે [illegible]ા.

(૬૫.) જરથોસ્તીઓમાં મરણ વખતે રડવા કુટવાની મનાઇ જેમ વંદીદાદની ત્રીજી પરગરદમાં તથા રેવાયતમાં અને અર્દા વીરાફ નામામાં કરવામાં આવી છે, તેમ હીંદુ શાસ્ત્રમાં બી રોવા કુટવાની મનાઇ કરવામાં આવી છે.

ગુરૂડ પુરાણના છઠ્ઠા અધ્યયમાં એમ કહે છે કેઃ— ચીતા છાંટયા પછી બીલકુલ આંસુ ન પાડવાં, (અર્થાત ચીતા છાંટતી વખતેજ સ્વર કાઢવો) કેમકે જો મરનારનાં સગાં આંસુ તથા લીંટ નાખે છે, તો તે ગંદું, મરનાર ખાય છે. વલી તેમાં પાપ છે એમ "પારસંકર રૂષિ સુચવે છે."

વલી "મિતાક્ષરા"માં એનેજ લગતી બાબદમાં બીજું એમ જણાવે છે કે પ્રેતની પાછલ તેના સંબંધીઓ રડી કુટીને આંસુ અને લીંટ પાડે છે, તે મરનાર પ્રેત ખાય છે, કાંકે તે પોતાને વશ નથી. એ માટે પ્રેતની પાછલ રોવું કુટવું નહી અને બનેતો શક્તો મુજબ યથેસ્ત ક્રીયા કરવી.

(૬૬.) વંદીદાદની ત્રીજી પરગરદમાં તેમજ મીનો ખેરદમાં અશો પુરૂપ (ધર્મ ગુરૂ)ને જમીન ભેટ આપવાથી જમીન ખુશ થાય છે.

તેમ હીંદુ શાસ્ત્રમાંબી એમ કહેલું છે કે બ્રાહમણોને જમીનનું દાન કરવું એ પુન્યનું કામ છે, કારણ કે પઇસા ખરચાઇ જશે ત્યારે જમીનની ઉપજ તેનું (બ્રાહમણ) વંશ ખાશે.

(૬૭.) જેમ પાણીની વખાણ યજશનેના ૩૮ માં તેમ બીજા અવસતામાં કરવામાં આવી છે. તેમ હીંદુ ઋષિઓએ રચેલા એ બાબેના સલોકમાં એમ જણાવે છે કે, ઓ પાણીઓ! અમને ખોરાક આપો. એકજ સત્ય (પરમેશ્વર)નું ગ્નાન આપો, પ્યાર આપો, સ્વાદ આપો, અને માતા તરીકે અમારૂં પોષણ કરો તથા અમને તનદરોસ્ત, પવિત્ર તથા સુખી બનાવો.

(૬૮.) જરથોસ્તીઓ ખોદાને અહુરમજદનું નામ આપે છે, અને હીંદુઓ તેને બ્રહ્મા તરીકે ઓળખે છે. આ બે નામોનાં મળતાપણાં માટે મીસીસ એનીબીઝાંટ નીચે પ્રમાણે જણાવે છેઃ—

તે શ્રેષ્ટ, સર્વ વ્યાપક, સઘલે પંથરાયલો, જીંદગીનું મુલ અને ઝરો છે. પ્રગટ થયલો બ્રહ્મા, જે માણસની જીંદગીનાં મુલ તરીકે એકલોજ શરૂઆતમાં પેદા થયલો ગણાય છે, તે ઉપનીશદોમાં જે દરજ્જો ધરાવે છે, તેવોજ દરજ્જો જરથોસતી ધર્મમાં અહુર–મઝદને મલેલો છે. જરથોશતી ધર્મનાં જુદાં જુદાં પુસ્તકોમાં તેનું જગેજગ વર્ણન આવે છે, અને ગાથામાં જો કે ઘણેક ઠેકાણે તેનું બ્યાન મલે છે, છતાં કેટલીક બંદગીઓ અને આરાધનાઓમાં તે જેટલીવાર થાય છે, તેટલીવાર ગાથામાં આવતો નથી. આ અસલ એક ખોદા માટેનો વીચાર કેટલો બુલંદ છે, તેને માટેનો ખયાલ કેવો સરેષ્ટ છે, તે દેખાડવા માટે આ મહા બલવાન હસ્તીનાં વર્ણન માટેના એકાદ બે ફકરા આપણે તપાસયે. હોરમઝદ યશતમાં તે પોતાના ગુણોનું વર્ણન કરે છે, જે ભગવદગીતાનાં દશમાં પ્રકરણમાં આવેલાં શ્રી કૃષ્ણનાં વર્ણનને મલતું આવે છે.

(૬૯.) જેમ યજદોનું મકાન મેહર તથા રશને યશત પ્રમાણે હરએરે જઇતી યાને અલબુરૂજ પાહાડની ટોચ ઉપર જણાવે છે; કે જે ટોચ વીદવાનોના જણાવ્યા પ્રમાણે વીશ હજાર ફુટની છે. એ પાહાડની હવાની ખુબી અવસ્તામાં આવેલી બાબદ ઉપરથી એમ જણાય છે કે ત્યાં નથી મોત, નથી દરદ, નથી ધુમાડો, નથી ગરમી, નથી સરદી, નથી બુઢાપો ઇત્યાદી.

તેમજ હીમાલય પર્વતની હીંદુ શાસ્ત્રમાંબી વખાણ આવેલી છે. તેમાંબી એમ જણ છે કે દેવતાઓનું મકાન ઉંચી શીખરો ઉપર છે, કે જયાંથી સ્વર્ગમાં જવાનો મા આ પાહાડની ઉંચી શીખરો દરયાની સપાટીથી ૧૫૭૦૦) ફીટની છે; તેમાં સરવથી જે 'એવરેસ્ત' નામની ગણાય છે જે ૨૯૦૦૦) હજાર ફીટની છે.

(૭૦.) જેમ યજશનેની ક્રીયાની શરૂઆત કરતી વેલા અહુરમજદ અને અમસાસપંદો તથા યજદોને યાદ કરવામાં આવે છે તેમ વેદમાં "યજ્ઞો"ની ક્રીયા વેલા અગની તથા બીજા દેવતાઓને આરાધવામાં આવે છે. તેમાં એમ જણાવવામાં આવે છે કેઃ—

"જેમ અસલના રૂષિઓને તેમજ હમણુના લોકોને આરાધવાને લાયકના અગ્નિ તે સર્વ દેવતા (યજદો) ને અહીં આવે."

"અગ્નિ જે આરાધના કરવા લાયક હોતાર (જોતી) છે, અને જે દાનાઇ અને ઇશ્વરી દહાપણનો રાખનારા છે, જે સાચો અને અજાયબ જેવો આશકારા છે, તે સર્વ દેવતાઓ (યજદો) સાથે અહી આવે."

"તારી આરાધના કરનારને તું જે આશીર્વાદ દેછે, ઓ અગિન, તેઓ અંગીરાઓ ખરેખર તમારાં ભલાં માટે છે."

"ઓ અગ્નિ અમો દરરોજ દીવસે અને રાત્રે અમારી સચેત આરાધના સાથે તારી નજદીક આવીએ છીએ."

"(અમો તેની નજદીક આવીએ છીએ) જે ઝલકાટ ભરેલો છે, જે યજ્ઞો (યજશને) ને બચાવનાર છે, અને અમર કાયદાને રોશણીમાં લાવનાર છે, જે તેના પોતાના ઘરમાં વધતો જાય."

"જેમ એક પીતા તરફ એક પુત્રને પોંહોંચવાને સેહેલું પડે, તેમ તારી તરફ પોંહોંચવાને, ઓ અગ્નિ ! અમોને સેહેલું પડે એવો તું થા. અમારા સુખને માટે તું અમારી સાથે રહે."

(૭૧.) જરથોસ્તીઓમાં દરેક ક્રીયા આતશની હાજરી સીવાય થઇ શકતી નથી. તેમ હીંદુઓમાંની ઘણીક ક્રીયાઓ અગનીની હાજરી સીવાય થઇ શકતી નથી.

(૭૨.) આત્માની અમરગી વીશેની બીના જરથોસ્તીઓના ધર્મ પુસ્તક વંદીદાદની ૧૯ મી પરગરદમાં આવેલી છે. તેમ હીંદુઓના "કઠોપનિષદની શરૂતિ" નામનાં શાસ્ત્રમાં પણ આત્માની અમરગી વીશેની બીના આવેલી છે.

(૭૩.) આર્ય હીંદુઓના ઋગવેદમાં જણાયલા આકાશી દેવતાઓ (યજદો) નાં નામો અને તેઓના કામોનું વર્ણન નીચે પ્રમાણે છેઃ—

(૧) દ્યૌસ એટલે આકાશ યાને સદા નજર આગલ રહેતો, અને પ્રકાશતો દેવતા.
(૨) વરૂણ એટલે આકાશ, યાને સર્વ—સમાવસ કરનાર દેવતા.
(૩) મિત્ર એટલે આકાશ, યાને પ્રહારના પ્રકાશથી પ્રકાશિત થયલો તે સુર્ય યાને આકાશમાં પ્રકાશતો સુર્ય દેવતા.
(૪) સવિત એટલે પ્રકાશ અને જીંદગી લાવતો સુર્ય દેવતા.
(૫) વિષ્ણુ એટલે ત્રણ પગલાંમાં બધું આકાશ ફરી વલતો સુર્ય દેવતા.
(૬) રૂદ્ર અને મરૂતો એટલે આકાશ વિશે ગર્જના, તોફાન સાથનો દેવતા.
(૭) ઇંદ્ર યાને આકાશમાંથી વરશાદ લાવનાર દાખલ જણાતો દેવતા.
(૮) વાત અથવા વાયુ યાને વાતાવરણ એટલે પવનનો દેવતા.
(૯) અગ્નિ એ વસતેવ (આતશ)ને પ્રકાશતો દેવતા.

હવે વેદમાં સર્વોપરી તરીકે ઇંદ્રને ગણ્યો છે ત્યારે વેદ પછી બનેલા રામાયણ અને મા-ભારતમાં સર્વોપરી દેવતા તરીકે બ્રહમ, વીષ્ણુ અને સીવની ત્રીમુર્તી દાખલ થયલી છે; કે ...માં નથી.

(૭૪.) ગાથા અને વેદના મળતાપણાને માટે તથા અવસ્તા ભાષાના સંસ્કૃત ભાષા ...ધ માટે મીસીસ એનીબીઝાંટ નીચે પ્રમાણે મત આપે છેઃ—

અવસ્તા ભાષા, તેની હાલની હાલતમાં પણ એક આર્યન ભાષા છે, અને વેદની સંસ્કૃત ભાષાને મળતી છે. આ દેશમાં સંસ્કૃત ભાષાની ખીલવણી દરમ્યાન તેમાં ઘણોક ફેરફાર થયો છે, જે ફેરફાર વેદની અસલ સંસ્કૃત અને પાછલા જમાનાની સંસ્કૃત ભાષા વચ્ચે ખુલો માલમ પડે છે; પણ અવસ્તા અસલ વેદની સંસ્કૃત ભાષાને મળતી જુબાંન છે, [Essays on the Parsis, p. 70] અને તે સંસ્કૃત, જરમન વીદ્વાન ડાં૦ હાઉગના જણાવયા મુજબ અવસ્તાની વડી બેહન છે. [Essays on the Parsis, p. 40] આ બે ભાષાઓ વચેનું મળતાપણું માત્ર શબ્દોપરજ આવીને અટકતું નથી, પણ બીજી કેટલીક બાબતોમાં વટીક એકસરખું મળતાપણું ખુલું નજરે પડે છે.

જરથોસ્તી ગાથા અથવા ઇશ્વર–સ્તુતીના કલામો સામ–વેદને મળતાંજ મીઝાંન (છંદ–Metre)માં લખાયલા છે. તેઓના અનુપ્રાસ, પદ અને ભણવાની રીતી, હીંદુઓમાં હજી સુધી ચાલુ રહેલા અનુપ્રાસ, પદ અને ભણવાની રીતીને તદન મળતી છે. આથી ગાથાની તપાસ કરતાં આપણને એવું મલામ પડે છે કે, કદીમ જમાનાનો તેઓ ઉપર છાપ પડેલો છે, અને યુરોપ્યન ઓલમાઓનાં મતને એક કોરે રાખી, વેદના અને હીંદુઓના જમાનાને જેમ આપણે પુરાતન કાળ ઉપર લઇ જઇએ છીએ, તેમ જરથોસ્તી મજહબના જમાનાને પણ તેમની જોડે બહુ પુરાતન વખત ઉપર લઇ જવા શકતીવાન થઇએ છીએ, જેમ કરતાં, આ બંને પ્રજાઓ ઘણાજ કદીમ જમાનામાં જેમ એકમેક સાથે જોડાયલી હતી, તેમ આપણા બચાવમાં આ બંને ધરમોને એકમેક સાથે જોડાયલા રાખવા જોઇએ.

(૭૫.) અવસ્તા ભાષાના અને વેદની સંસ્કૃત ભાષાના ઉચ્ચારો એક બીજાને ઘણીક રીતથી મલતા આવે છે. વીદવાનો કહે છે કે અવસ્તા ભાષા તે સંસ્કૃત ભાષાની વડી બેન તરીકે છે, જે એક નદીની જુદી જુદી બે સાખા સમાન છે.

હવે એ બંન્ને ભાષા એક બીજાને કેવી મળતી આવે છે તે બાબે પરોફેસર બોપેએ ઝંદ, સંસ્કૃત, લેતીન, ગ્રીક, લુથીઅન, ગોથીક, જરમન, અને સ્લેવોનીક ભાષાનું 'કમપેરેટીવ ગ્રામર' નામનુ એક મોટું કીમતી પુસ્તક રચ્યું છે, તેમાં ઝંદ તથા સંસ્કૃત ભાષા એક બીજાને કેવી મલતી આવે છે તે અને બીજા વીદવાનોએ પોતાના પુસ્તકમાં આપેલા કોઠાઓ નીચે પ્રમાણે છે:—

સંસ્કૃત.	**જંદ.**	**અર્થ.**	**સંસ્કૃત.**	**જંદ.**	**અર્થ.**
સ્ત્રી.	સ્ત્રિ.	ઓરત.	સપ્ત સિંધ. વસ.	હપ્ત હિંદુ.	૭ નદીઓ વાળો દેશ.
ગઉસ.	ગાઉસ.	ગાય.	આર્ય.	અઇર્ય.	ઇજતમંદ.
ધર્મ.	[illegible]રેમ.	ગરમ.	સોમ.	હોમ.	ચંદ્ર—રોપો.
મંત્ર.	માંથ્ર.	પવીત્રવાણી.	અન્ય.	અન્ય.	બીજો.
પાદ.	પાધ.	પગ.	વિશ્વ.	વીસ્પ.	તમામ.
વિત્રહન.	વેરેથ્રજન.	દુશમનોને મારનાર, ફતેહમંદ.	સર્વ.	હઉર્વ.	સઘળું.
વિત્રઘ્ન.	વેરેથ્રઘ્ન.		ઉપમ.	ઉપમ.	સર્વેથી બુલંદ
અપ.	અપ.	પાણી.	ઉગ્ર.	ઉઘ્ર.	જબરૂં.
તુર્ય.	તુઇર્ય.	ચોથું.	તરુણ.	તઉરન.	નાજુક.
સ્વર.	હવરે.	સુરજ.	દૂર.	દુર.	આઘું.
વારિ.	વઇરિ.	પાણી—દરીયો.	નેદિષ્ઠ.	નજદિસ્ત.	નજદી
તનુ.	તનુ.	શરીર.	અમ.	આઘ.	પેહે

સંસ્કૃત.	જંદ.	અર્થ.
પુર્વ.	પર્વ.	આગળું.
યમ.	યિમ.	જોડયું.
અત્ર.	અથ્ર.	ઈીઆં.
દ્રષ્ટિ.	દસ્તિ.	દેખાવ-નજર.
સ્તુતિ.	સ્તુઇતિ.	વખાણુ.
રથ.	રથ.	ગાડી.
ગાથા.	ગાથા.	કવીતા.
હિરણ્ય.	જરન્ય.	સોન.
શરદ.	સરેધ.	વરસ-પાનખર
અંગુષ્ટ.	અંગુસ્ત.	અંગુઠો.
વન.	વન.	જંગલ-ઝાડ.
ભુમી.	બુમિ.	પૃથ્વી.
મેષ.	મએષ.	મેંઢું.
ઉક્ષન.	ઉખ્શન.	ધોધો.
ક્ષીર.	ખ્શીર.	દુધ.
ભાગ.	બાગ.	નશીબ.
ભક્ત.	બખ્ત.	તકદીર.
સખી.	હખા.	મીત્ર.
ક્ષત્ર.	ખ્શથ્ર.	પાદશાહી.
પ્રશન.	ફ્રશન.	સવાલ.
†દરત.	જરત.	હાથ.
મુષ્ટિ.	મુસ્તી.	મુઠી.
અશરૂ.	અસરૂ.	આંસુ.
અર્થ.	અરેથ.	નફો-સાર.
ધાન્ય.	દાન.	અનાજ.
વિપ્ર.	વિશ.	લોક-ટોળો.
તાયુ.	તાયુ.	ચોર.
ગર્ભ.	ગરેવ.	હંમેલ.
પુત્ર.	પુથ્ર.	છોકરો.
અન્ત.	અન્ત.	છેડો.
ગિરિ.	ગઈરિ.	} પાહાડ.
પર્વત.	પઉર્વત.	}
વિષ	વિસ-વિષ.	જેહેર.
કન્યાં.	કન્ય.	છોકરી.
પિતર,	પતર.	બાપ.
	માતર.	મા.
	દુગ્ગર.	દીકરી.

સંસ્કૃત.	જંદ.	અર્થ.
સુનુ.	હુનુ.	દીકરો.
જામાતર.	જામાતર.	જમાઇ.
ભ્રાતર.	બ્રાતર.	ભાઇ.
સ્વસર.	ખ્વ-હર.	બેહેન.
શ્વસુર.	ખશુર.	સસરો.
જનિ, ગ્ના.	જેનિ, ઘેન.	સ્ત્રી.
મર્ત્ય.	મરેત.	{ પુરૂષ { માણુસ.
યુવન.	યુવન.	જવાન.
નર.	નર.	મર્દ.
અસ્વ.	અસ્પ.	ઘોડો.
નામન.	નામ.	નામ.
શુષ્ક.	હુસ્ક.	સુકું.
બાહુ.	બાજુ.	બાજુ.
નવ.	નવ.	નવું.
એક.	અએવ.	એક.
દ્વિ.	દ્વ.	બે.
ચતુર.	ચથ્વારો.	ચાર.
પંચન.	પંચન.	પાંચ.
ષટ.	ખ્સ્વસ.	છ.
સપ્તન.	હપ્તન.	સાત.
અષ્ટન.	અસ્તન.	આઠ.
નવન.	નવન.	નવ.
દશન.	દશન.	દશ.
જીવ. } જીવિત. }	જીતિ.	આયુષ્ય.
મજ્જા.	મજગ.	ભેજું.
શિરસ.	સર.	માથું.
અસ્થિ.	{ અસ્ત, { અસ્તિ.	હાડકું.
પારષ્ણિ.	પાશ્ન.	એડી.
ચક્ષુ.	ચશ્મન.	આંખ.
દંત.	દતંન.	દાંત.
જિહ્વા.	હિજવ.	જીભ.
દોસ.	દોશ.	ખભું.
હસ્ત.	જસ્ત.	હાથ.
સ્તન.	પ્સ્તાન.	આંચળ.
જાનુ.	જનુ.	[illegible]